





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


૧. મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો વિધાતા છે ૧
૨. વેદોનો દિવ્ય સંદેશ ૨
૩. અંતર્દષ્ટિ જાગી ચૈતન્ય બની ગયા ૩
૪. રામકથાની પ્રબળ પ્રેરણા
નીતિનું ધારણ અનીતિનો વિરોધ ૫
૫. મહાનતાની કસોટી ૮
૬. ગુરુદેવના જન્મની દિવ્ય ઘટનાઓ ૧૦
૭. આપણે ચિંતા કરીએ કે ન કરીએ
પ્રકૃતિ પોતે આપણી ચિંતા કરે છે ૧૩
૮. સાચુ સૌંદર્ય આંતરિક સદ્‌ગુણોનું છે ૧૬
૯. મંત્ર આરાધના અને શબ્દશક્તિનુ
વિસ્ફોટન ૧૯
૧૦. એને આત્મવિશ્વાસ કહેવાય છે ૨૩
૧૧. નારીની ગાયત્રી ઉપાસના ૨૪
૧૨. પત્ની કે ધર્મપત્ની ૨૬
૧૩. આર્થિક લાભના કેટલાક સરળ ઉપાયો ૩૧
૧૪. સત્‌, ચિત્‌, આનંદ ૩૩
૧૫. 'શ્રી'નું મહત્ત્વ ૩૪
૧૬. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી
વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કેવી
રીતે થશે ? ૩૬





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

પરામર્શ દાતા :

**પં. લીલાપત શર્મા**

સંપાદક :

**ડૉ. પ્રણવ પંડયા**

કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા-૨૮૧ ૦૦૩**

ટેલિફોન :

(૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૬ અંક-૭

**જુલાઈ - ૧૯૯૬**


## મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો વિધાતા છે

"મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો વિધાતા છે", આ કહેવત એક જ હકીકતને સ્પષ્ટ કરે છે કે મનુષ્ય ઈચ્છે તો કોઈ પણ અશક્યથી અશક્ય જણાતું કાર્ય આ દુનિયામાં કરી શકે છે, તે તેની જીવનીશક્તિના આધારે શક્ય છે. પ્રારબ્ધ, અને સંચિત કર્મનો સિદ્ધાંત પોતાની જગ્યાએ સાચો હોવા છતાં પણ એક હકીકત પોતાની જગ્યાએ સુનિશ્ચિત અને અટલ છે કે મનુષ્ય પોતાની સંકલ્પશક્તિના સહારે પોતાના ભાગ્યને બદલી દેવામાં સમર્થ છે. આવું ઘણા લોકોએ કરી બતાવ્યું છે. વર્તમાન યુગમાં પણ અનેક લોકો તે દિશામાં પ્રયત્નરત છે અને ભવિષ્યમાં પણ એવું થતું રહેશે.

મનુષ્યને ઈશ્વરનો સર્વશ્રેષ્ઠ અને વરિષ્ઠ પુત્ર યુવરાજ કહીને સંબોધિત કરવામાં આવ્યો છે. તેની પાસે એવી આશા રાખવામાં આવી છે કે તે પોતાના કર્મોના સહારે આ સૃષ્ટિ રૂપી બાગને સુરમ્ય, સુરુચિપૂર્ણ અને શિસ્તબદ્ધ બનાવે. મનુષ્યનું એ સૌભાગ્ય છે કે તેણે આ સુરદુર્લભ માનવ શરીરને મેળવીને પૃથ્વી પર જન્મ લીધો છે. તેને એક અવસર આપવામાં આવ્યો છે કે તે શ્રેષ્ઠ કર્મો કરતો રહીને ભવબંધનોથી મુક્તિ મેળવે. જે અવસર દેવતાઓને અને અન્ય યોનિઓમાં રહેનારા પ્રાણીઓને પણ પ્રાપ્ત થયો નથી તે પરમ પિતા પરમેશ્વરે મનુષ્યને પોતાનો યુવરાજ હોવાના સંબંધે અર્પણ કર્યો છે. હવે તે પોતાની જવાબદારી નિભાવે છે કે નહિ તે તેના પર નિર્ભર છે અથવા પોતાના દુષ્કર્મો દ્વારા આ વિશ્વવસુધા રૂપી પોતાના કાર્યક્ષેત્રમાં અવ્યવસ્થા પેદા કરી રહ્યો છે.

સ્વર્ગ અને નરક જે કંઈ પણ છે તે આ પૃથ્વી પર હયાત છે. પરિશુદ્ધ ઉદાત્ત મનઃસ્થિતિનું નામ જ સ્વર્ગ છે. એ જ એવું વાતાવરણ જન્માવે છે કે ચારેતરફ સ્વર્ગીય પરિસ્થિતિઓ આપમેળે બનવા લાગે છે. મનુષ્ય જો ઈચ્છે તો નકારાત્મક ચિંતન અને ઈર્ષ્યા-દ્વેષ ભાવ રાખીને અથવા નરપશુ અને નરપિશાચનું જીવન જીવતાં રહીને નારકીય મનઃસ્થિતિમાં પણ રહી શકે છે. આ પૃથ્વીને સ્વર્ગ જેવી સુંદર ઐશ્વર્યયુક્ત બનાવી રાખવાની અપેક્ષા ઈશ્વરે મનુષ્ય પાસે રાખી છે. આથી તેને સંપૂર્ણ છૂટ આપવામાં આવી છે કે તે પોતાની આ માનવયોનિમાં જેટલું પણ કંઈ શ્રેષ્ઠતમ શક્ય હોય તે કરી બતાવે. એને કહેવાય છે, "પોતાના ભાગ્યનું સ્વયં નિર્માણ કરવું."




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદોનો દિવ્ય સંદેશ

**આ નો વયો વયઃ શયં મહાન્તં ગહ્વેરષ્ઠામ ।**
**મહાન્તં પૂર્વિણેષ્ઠામુગ્રં વચો અપાવધીઃ ॥**
(સામવેદ ૩૫૩)

**ભાવાર્થ :** આપણે વિદ્વાન પુરુષોના સદ્‌ઉપદેશને ગ્રહણ કરીને આપણો આત્મા અને મનને નિર્મળ તેમજ પવિત્ર બનાવવાં જોઈએ. દોષ અને દુર્ગુણોનો નાશ આ રીતે જ થશે.

**સંદેશ :** આપણે એ વિચારને દૃઢતાપૂર્વક વળગેલા રહીએ છીએ કે, "હું એક શરીર છું અને શરીર સિવાય બીજું કશું જ નથી." આ વિચારના કારણે આપણે વધારે પ્રમાણમાં શારીરિક ઈચ્છાઓની પૂર્તિમાં તથા ઈન્દ્રિયસુખોની લાલસાઓમાં ડૂબેલા રહીએ છીએ. એનાથી વિરુદ્ધ ઋષિમુનિઓ, સંતો, વિદ્વાનોનું કહેવું છે કે પરમ જ્ઞાનની સ્થિતિમાં વિકસિત થઈને વિચાર એવો બની જાય છે કે, "ન તો હું શરીર છું, ન મન અને ન તો ઈન્દ્રિય. હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય આત્મા છું." જ્યારે વિચાર આટલા પરિપકવ થઈ જાય છે ત્યારે ચારેબાજુએ પ્રસન્નતા, આનંદ અને પરમાનંદ જ રહી જાય છે, દુઃખ, ક્લેશ, બિલકુલ સમાપ્ત થઈ જાય છે.

પરંતુ સંસારી માણસો માટે આ પ્રમાણે શરીરને ભૂલી જઈ, ઈન્દ્રિયોનું દમન કરીને ફક્ત આત્માનું જ ધ્યાન કરતા રહેવાનું શક્ય જ નથી. જો બધા લોકો એવું કરવા લાગે તો જીવન વિતાવવું પણ મુશ્કેલ બની જશે. ત્યારે શું થોડા લોકો જ આ આદર્શનું પાલન કરે અને બાકીના બધા નારકીય જીવન ભોગવતા રહે ? ના, એક વચલો સીધો રસ્તો પણ છે કે, "હું શરીર પણ છું અને આત્મા પણ", આ વિચાર આવવાથી આપણે શરીરનું પણ ધ્યાન રાખીએ અને આત્માનું પણ શરીરની સાથેસાથે આપણને દરેક વખતે એ ધ્યાન રહે કે પરમાત્માનો એક અંશ આપણા આત્માના રૂપમાં દરેક વખતે આપણી સાથે જ છે. એ આપણા શરીરના પ્રત્યેક કાર્યને, મનમાં ઉદ્‌ભવના પ્રત્યેક વિચારતરંગને કાયમ માટે જોયા કરે છે. આત્માનું આ જ્ઞાન આપણી ઉપર અંકુશ સમાન રહે છે અને દુર્ગુણો તથા દુષ્કર્મોથી આપણને બચાવતું રહે છે.

કેટલો બધો ફરક છે - ક્યાં આત્માને ભૂલી જનારો માણસ કુવિચારો અને કુસંસ્કારોને જ જીવનનો મૂળ ઉદ્દેશ સમજીને દરેક પ્રકારના દુરાચાર તથા પાપાચારમાં ફસાયેલો રહે છે અને ક્યાં આત્મજ્ઞાનથી પરિપૂર્ણ માણસ સદ્‌વિચારો અને સુસંસ્કારોને જ અપનાવે છે તથા પોતે સ્વયં શ્રેષ્ઠ બને છે અને સમાજને પણ ઉન્નતિના પથ પર લઈ જાય છે. આવા માણસોનો આત્મા પવિત્ર હોય છે અને મન દુર્ગુણોથી મુક્ત થઈને શુદ્ધ, નિર્મળ બની જાય છે. તે સંસારના ભૌતિક પદાર્થોનો ઉપભોગ કરે છે પરંતુ 'ત્યક્તેન ભુંજીથા' ની ભાવના સાથે ફક્ત પોતાની ન્યૂનતમ જરૂરિયાતોની પૂર્તિ માટે જ આ ભોગ સીમિત રાખે છે અને બાકીનું સંસારના અન્ય પ્રાણીઓના માટે રાખે છે. પોતાની ઈન્દ્રિયોનો પણ સંયમિત તથા મર્યાદિત ઉપભોગ કરવાથી દુનિયામાં રહેતા હોવા છતાં પણ તેઓ સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરતા રહે છે.

આ પ્રકારનું જ્ઞાન વિદ્વાનોના સદ્‌ઉપદેશથી, સદ્‌ગ્રંથોના સ્વાધ્યાયથી અને વેદમંત્રોના ચિંતન-મનનથી પ્રાપ્ત થાય છે, ત્યારે સંસારમાં રહેવા છતાં પણ મનુષ્ય અલિપ્ત રહે છે. તેનો દૃષ્ટિકોણ અલગ જ બની જાય છે. આત્મદૃષ્ટિના પ્રકાશથી જીવન દૈદિપ્યમાન થઈ જાય છે. એથી તેના દોષ-દુર્ગુણો પોતાની જાતે જ મેદાન છોડીને ભાગી જાય છે અને તેની જગ્યાએ સદ્‌ગુણોની અભિવૃદ્ધિ થવા લાગે છે.

જીવનલક્ષ્યની પ્રાપ્તિનું આ એક સર્વોત્તમ સાધન છે.

❁ ❁ ❁


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અંતર્દૃષ્ટિ જાગી-ચૈતન્ય બની ગયા

સમસ્યાઓ અનેક છે. યુદ્ધો, સંકટો, મુંઝવણોનો ભંડાર એટલો મોટો છે કે એને બહારથી જોનારની તો સુધબુધ ગુમ થઈ જાય. પરંતુ જેને અંતર્દૃષ્ટિ પ્રાપ્ત થયેલી છે તે સરળતાથી જાણી શકે છે કે આ બધાના મૂળમાં નિષ્ઠુરતા રહેલી છે અને જે દૂર થવાથી જ સમસ્યાઓ ઉકલી જશે. આવી જ અંતર્દૃષ્ટિ મળેલી વિશ્વંભર મિશ્રને અને તેથી તે "ચૈતન્ય" બની ગયા.

તે સમયમાં તેઓ ગયા ધામ આવેલાં હતાં. નિમાઈની સાથે તેમની કીર્તિ પણ આવી. તેમને જોતાં જ લોકો કહેતા, "અરે ! આ નવદ્વીપના તે જ નિમાઈ છે, જેમની પંડિતાઈથી સમગ્ર બંગાળા પરિચિત છે. હમણાં જ થોડા દિવસો પહેલાં એમણે કાશ્મીરી પંડિતને એવી હાર આપી કે તેમનું નાસી જવું પડયું. શાસ્ત્રાર્થમાં તેમનો કોઈ હરીફ નથી." આમ દરેકના મોંઢે નિમાઈની આ જ ચર્ચા થતી. પ્રશંસકોના વખાણ અને ટીકાકારોના કટાક્ષ પ્રસિદ્ધિ મેળવેલ માણસની સંપત્તિ છે. એનાથી વિશેષ કોઈ બીજું આપી પણ શું શકે ?

ગયા ધામમાં રહેનારા સંત ઈશ્વરપુરીએ આ બધા કિસ્સાઓ સાંભળ્યા. જોકે સાંભળેલી વાતોમાં મોટા ભાગે અતિશયોક્તિ હોય છે, છતાં પણ તેમણે અટકળ કરી કે ચોક્કસ તેઓ પ્રતિભાશાળી હશે. જો તે પ્રતિભાભાવ શ્રદ્ધાની સાથે જોડાઈ જાય તો ? આ વિચારે તેમને આગળ વધવા માટે વિવશ કરી દીધા. સમગ્ર રસ્તે જતાં વિચારી રહ્યા હતા કે તેઓ લોકોના જીવનને સુધારવાનું અને રસ્તો બતાવવાનું કામ કરી શકશે. પ્રતિભા શરીર અને મનની પરમ સક્રિયતા છે. ભાવ શ્રદ્ધાની સાથે ન જોડાવવાને કારણે એ અહંકારને પોષે છે અને તેને આગળ વધારે છે. આને પરિણામે વિલાસિતા અને વૈભવના સાધનો તે એકઠાં કરે છે. ઉન્નત ભાવોની સાથે જોડાઈ જવાથી તો સમગ્ર સ્થિતિ જ પલટાઈ જાય છે. પછી તો તેને અંદરની તડપ અને બેચેની 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' માટે તેને ક્રિયાશીલ બનવા માટે વિવશ કરે છે.

સમગ્ર રસ્તામાં આ જ ચિંતન ચાલતું રહ્યું. ક્યારે તેમના પડાવ પાસે પહોંચ્યા તેની ખબર જ ન પડી. એક જણને પૂછ્યું, "બંગાળાના નિમાઈ અહીં રોકાયા છે ?"

ઉત્તર મળ્યો, "બાજુના મુકામ પર છે."

અંદર જઈને જોયું તો એક ગૌરવર્ણનો યુવક શાસ્ત્રની ચર્ચા કરી રહ્યો છે.

તેઓ પણ એક ખૂણામાં બેસી ગયા, ચર્ચા ચાલતી રહી. ચર્ચા સમાપ્ત થયા પછી એક પછી એક બધા તેમને છોડીને ચાલી ગયા.

ચર્ચા કરી રહેલા યુવકે તેમની તરફ જોઈને પૂછ્યું, "આપનું આવાવનું કારણ ?"

"એક જિજ્ઞાસા છે" "કહો....."

"શું ખરેખર તમે શાસ્ત્રનો અર્થ જાણો છો ?" સાંભળનારનું અંતર હચમચી ગયું. પૂછ્યું, "શો મતલબ ?"

"ખોટું ન લગાડશો, મારો મતલબ એ છે કે તમારી આ વ્યાખ્યા બુદ્ધિયુક્ત છે કે એની સાથે તમારા અનુભવો પણ સંકળાયેલા છે ?"

સાંભળનારા મૌન હતા. આજે પહેલી વખત કોઈએ તેમની બુદ્ધિને પડકારી હતી.

"ઘોરી, ગઝની, એબકે ભારતભૂમિને ન જાણે કેટલીયે વખત કચડી. બખ્તિયારના અત્યાચારોએ બંગાળાને રગદોળી દીધું. આજે જો કે મનુષ્યનો આત્મવિશ્વાસ ખોવાઈ ગયો છે. તે ભૂલી ગયો છે કે તે પણ કંઈ સારું કરી શકે છે. બીજાંઓની અનીતિ અને અન્યાયને જોઈને તેણે તેનો સ્વીકાર કરવાનું શરૂ કરી દીધું. આવામાં પણ કૌશલ્ય માત્ર વાણીમાં જ સમાયેલું છે. શું આ વિટંબણા નથી ?" સંતનો ઉદ્ગાર વાણીમાંથી સરી પડયો.

ગૌરવર્ણ યુવકને સમજાયું કે આ વાક્ય રચના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માત્ર એક સાથે ગુંથાયેલા વજનદાર શબ્દો નથી, પરંતુ એની પાછળ સંતની પીડા અને તડપ છે. શબ્દોએ તેનું અંતર વલોવી દીધું. સ્મશાનમાં બળતી લાશોને જોઈને બીજાંઓને પોતાનું મોત યાદ આવવા લાગે છે. લગ્નમંડપની તૈયારી જોઈને જિંદગીના રંગીન સ્વપ્નો દેખાય છે. આ જ રીતે જેના અંતરમાં માનવતાની પ્રત્યે તડપ છે, જેનું હૃદય રહીરહીને પણ મનુષ્યતા માટે પોકારી ઊઠે છે, તે જ અન્ય લોકોમાં આવી દશા જન્માવી શકે છે. યુવકની આંખો પર છવાયેલ ખોટી પંડિતાઈનું મોતિયાબિંદુ અદૃશ્ય થવા લાગ્યું હતું. તેને લાચાર થઈને કહેવું પડયું "તમો યોગ્ય કહો છો, પરંતુ તેનો ઉપાય શો છે ?"

"મનુષ્યને તેની ગુમાવેલી મનુષ્યતા શોધીને આપવી પડશે. તેના રહસ્યને સ્પર્શ કરવો પડશે. ભાવચેતના ન રહેવાથી જીવિત મનુષ્ય પણ મડદું છે, જે સ્વયં સડીને વાતાવરણને કલુષિત કરે છે. એ હોય તો જ મનુષ્ય સમર્થ અને સુંદર બને છે, પીડા અને પતનના નિવારણને માટે દોડી જાય છે. મડદું તો શું કરે ? તેની ઓળખ તો નિષ્ક્રિયતા અને નિષ્ઠુરતા જ છે. તેની પાસે બેઠેલા લોકોનો કરુણ વિલાપ પણ તેને સંભળાતો નથી. આજે ચારેબાજુ આવા જ મડદાઓ જોવા મળે છે. એમને જીવિત કરી શકશો ?"

"કેવી રીતે ?"

"ભાવ શ્રદ્ધાને જગાડીને."

"પરંતુ જ્યારે સમસ્યાઓ બુદ્ધિની છે, તો સમાધાન પણ બુદ્ધિનું હોવું જોઈએ ? કહેવાય છે કે લોખંડ લોખંડને કાપે છે."

"ઠીક કહો છો - પરંતુ ગરમ લોખંડને ઠંડુ લોખંડ કાપે છે. દુર્બુદ્ધિ ગરમ તપેલું લોખંડ છે તો ભાવ એને પરિશુદ્ધ, સુડોળ અને કામયોગ્ય બનાવનાર ઠંડુ લોખંડ. આ જ એક માત્ર નિદાન છે."

નિમાઈ એકએક શબ્દને ગળામાં ઉતારી રહ્યા હતા. તેમના મોંઢેથી નીકળ્યું "આજે શાસ્ત્રોનું રહસ્ય સમજાયું. આજ સુધી હું મડદું હતો. આપે મને ચૈતન્ય બનાવી દીધો." ગુરુના ચરણોની ધૂળ માથા પર લગાડી ગુરુ અને શિષ્ય બંનેના હૃદય ભરાઈ આવ્યાં હતાં. હવે એકનું દર્દ બીજાનું દર્દ હતું.

તેઓ નદિયા પરત આવ્યા ત્યારે તેમનો કાયાપલટ થયેલો જોઈને બધા દિગ્મૂઢ થઈ ગયા. અરે આ શું ? એક દિવસ રસ્તામાં એક કોઢવાળો માણસ જોયો. બધા તેની ઉપેક્ષા અને તિરસ્કાર કરીને મોં ફેરવીને ચાલી જતા હતા. ચૈતન્યને ગુરુની વાણી યાદ આવી "મડદાઓને અન્યનો વિલાપ સંભળાતો નથી, બીજા લોકોના કષ્ટ દેખાતાં નથી." પ્રત્યક્ષની સાબિતી શી ? ખરેખર આ મુડદા છે તેવો વિશ્વાસ થયો. તેમણે કોઢીને ઉઠાવ્યો, ઘા ધોયા, દવા લગાડી. મડદાઓમાં પ્રાણનો સંચાર કરવા માટે સેવા કાર્યની સાથે જ ભજનમંડળીઓ સ્થાપવાની શરૂઆત કરી. એક ચૈતન્યએ અનેક લોકોમાં ચેતના જગાડી. જે બીજા લોકો જાગ્યા તેમણે અન્યમાં ચેતનાનો સંચાર કર્યો. નિમાઈની સાથે નિતાઈ, શ્રીવાસ, ગદાધર જેવા અનેક આવી મળ્યા. શક સંવત ૧૪૫૫ સુધી તેમના પ્રયત્નો ચાલુ રહ્યા. ભાવશ્રદ્ધાના પ્રકાશમાં જ મનુષ્ય પોતાની ગુમાવેલી મનુષ્યતા શોધી શકે છે એનો બધા લોકોએ સ્વીકાર કરવો પડ્યો.

જેને ગુમાવેલી મનુષ્યતા પ્રાપ્ત થઈ ગઈ છે તેની એક જ ઓળખ છે, 'મનુષ્ય તે છે, જે મનુષ્યના માટે મરે છે.' આમ જોઈએ તો બધા લોકો મરે છે, પરંતુ સમગ્ર જીવન દરમિયાન ઈંટ, પથ્થર, કાંકરા, કાગળ જ એકત્ર કરે છે. એમને ભૂતપલિત કહેવામાં કોઈ વાંધો નથી. માણસ આવી હરકતો કેમ કરે છે ? સંવેદનાહીનોની દશા પ્રેતો જેવી અને સંવેદનશીલોની સ્થિતિ જીવતાં જાગતાં માણસો જેવી છે. એમાંથી કોની પસંદગી કરવી એ આપણી ઉપર નિર્ભર છે.

❖❖❖

> બચતની ટેવ એક સ્વયં શિક્ષણ છે. તે સદ્‌ગુણ ઉત્પન્ન કરે છે, સંયમનું શિક્ષણ આપે છે. તે વ્યવસ્થા શીખવે છે. ભવિષ્યના સંબંધમાં વિચારતાં કરે છે. આ રીતે તે એક સંતના સંપર્કનો લાભ આપે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રામકથાની પ્રબળ પ્રેરણા

**(રામકથા કરોડો ભારતીયોને માટે ધર્મ, અધ્યાત્મ, નીતિ, સદાચાર, જ્ઞાન, વૈરાગ્ય, વ્યવહાર અને રાજનીતિ વગેરેની યોગ્ય પ્રેરણાઓનો સ્ત્રોત છે. ગાયત્રી તપોભૂમિ, મથુરામાં**
૧૨ સપ્ટેમ્બર, ૧૯૬૮ ના પ્રાતઃકાળે આપેલું રામકથા વિશેનું પ્રવચન)

## નીતિનું ધારણ - અનીતિનો વિરોધ

દેવીઓ અને ભાઈઓ....!

આદિકાળથી લઈને આજ સુધી રામચરિત માનસની ગંગામાં સ્નાન કરી અનેક લોકો સ્વર્ગમાં ગયા. રામચરિત માનસમા માત્ર પ્રેરણાઓ જ નથી આપવામાં આવી, પરંતુ એવી વ્યક્તિઓના ચરિત્ર પણ આપવામાં આવ્યા છે જેમણે તે પ્રેરણાઓને પોતાના જીવનમાં ક્રિયાન્વિત કરી હોય. રામાયણ એ શીખવે છે, કે રામાયણ માત્ર કહેવા-સાંભળવા માટે નહીં, જીવનમાં ઉતારવા, અમલ કરવા માટે છે જે રીતે ઋષિ દયાનંદ, ભીષ્મ પિતામહ, ગાંધીજી, વગેરેએ બ્રહ્મચર્યનું પાલન કર્યુ હતું. એવી રીતે રામાયણની પણ પ્રેરણા આપે છે. એકને જોઈને બીજો પણ એવું જ કામ કરવા લાગે છે. શ્રીરામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન વગેરેએ મહાન સિદ્ધાંતોને પોતાના જીવનમાં ધારણ કર્યા અને તેઓ ભગવાન બની ગયા. સારા કામો કર્યા એટલે ભગવાન બન્યા. રામાયણનો સાર અને રહસ્ય એક જ છે, જેના માટે રામાયણ વાંચવામાં, સાંભળવામાં યા સંભળાવવામાં આવે છે, "મનુષ્ય જીવનને એવા બીબામાં ઢાળવું, જેની પ્રેરણા દેવા માટે ભગવાન શ્રીરામ આવ્યા હતા." તુલસીદાસજીએ જે ઉદ્દેશ્ય માટે રામાયણ લખી તેને ભૂલવું ન જોઈએ. આ બધાનું રહસ્ય એક છે - પોતાના આચરણમાં એ ચરિત્રોને લાવીએ, જેના માટે ભગવાને અવતાર લઈ અનેક કષ્ટો સહ્યાં, પરંતુ સન્માર્ગને છોડયો નહીં.

વસ્તુઓનો પ્રયોગશાળામાં પ્રયોગ કર્યા પછી બજારમાં વેચીએ છીએ. અખાડામાં જનારા રોજ વ્યાયામ કરે છે જેથી હરીફાઈમાં કામ આવે. કુટુંબમાં પણ આપણે અભ્યાસ કરવો પડે. આપણા કુટુંબમાં પણ કડવા અને સારા વ્યકિતઓ હોય છે. તેમની સાથે વ્યવહાર કરવાનું આપણે શીખી લઈએ તો સમાજમાં વ્યવહાર કુશળ બની શકીએ છીએ. ગુણોને વધારવાની પ્રયોગશાળા કુટુંબ છે. પતિ-પત્નીનું કર્તવ્ય, ભાઈ-ભાઈનો પ્રેમ, સાસુ-વહુનો પ્રેમ અને ત્યાગ, માતા-પિતા, બાળકો માટે કેટલું કષ્ટ ઉઠાવે છે. આ એક યોગાભ્યાસ છે. પરિવાર પણ તપોભૂમિ છે. આપણું ઘર અક તપોભૂમિ છે. જેમાં પોતાની ભાવનાઓનો વિકાસ કરવાનો હોય છે. તેનાથી આપનું ઘર સ્વર્ગ બનશે. માતા-પિતા બંને કારીગર હોય છે. જેમ કારીગર લાકડાનું મેજ, ખુરશી, કબાટ બનાવી દે છે, એવી જ રીતે માતા-પિતા પોતાના ગુણોથી ઘરને સ્વર્ગ બનાવી દે છે. રામાયણ સાધનાનું પુસ્તક છે. સાધના વગર કંઈ મળતું જ નથી.

ખેડૂત છ મહિના પરિશ્રમ કર્યા પછી ફળ મેળવે છે. આ સાધના છે. વિદ્યાર્થી પંદર વર્ષ સુધી સાધના કરે છે, ત્યારે ડીગ્રી પ્રાપ્ત કરે છે. ચોરીની વૃત્તી એવી હોય છે, જેમાં પરિશ્રમ કરવો પડતો નથી. સાધના એટલે પરિશ્રમ. તેના વગર શાંતિ પણ મળતી નથી. આજકાલ એક નવી' રીત ખીસ્સુ કાપવાની નીકળી છે, એ રીતમાં બ્લેડથી નહીં, માળાથી ખીસ્સુ કાપવામાં આવે છે. ભગવાનનું ખીસ્સુ કાપવાનુ. હનુમાનજીનું, શંકરજીનું ખીસ્સુ કાપવાનું. હનુમાનજી તમે અમને આશીર્વાદ આપો. ખાવાનું ઠેકાણું નહીં, સૂવાનું ઠેકાણુ નહીં, કામ કરતા નથી, પણ આશીર્વાદ આપો. આવા લોકો દેવતાઓનું ખીસ્સુ કાપવા મથે છે. તમે ખીસ્સુ કાપનારાને કદી ખુશ જોયો છે. રામચદ્રજી સામે માત્ર હાથ ન જોડો. જે મહાપુરુષોએ કર્યું છે, એવું જ કરો. હનુમાનજીએ આપણને આશીર્વાદ આપી દીધા હોત, જો પાત્રતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈ હોત. હનુમાનજીએ બ્રહ્મચર્યપૂર્વક અને ધર્મ માટે કેટલા કષ્ટો સહ્યાં ? હનુમાનજીએ સ્વામીભક્તિ કેવી કરી હતી ? જો ભગવાનના ગુણોને ધારણ કરી લેત, તો આશીર્વાદ ફળત.

ગાયત્રી માતાની કૃપા તમને વિવિધ ક્રિયાઓ સુધારવાથી જ મળશે. ગુરુઓની, દેવતાઓને કૃપા માત્ર આડંબર કરવાથી મળતી નથી. જલદીબાજી કરનાર માણસ કશું મેળવતો નથી, ગુમાવે છે. અધ્યાત્મમાં આજે કેટલીય વિકૃતિઓ આવી ગઈ છે. મંજીલે-મંજીલે ચાલીશું તો આત્મશાંતિ પામીશું. રામાયણ વાંચનાર-સાંભળનારને મુક્તિ નથી મળતી. સેવા, ત્યાગ, પ્રેમની વાતો રામાયણમાં બતાવવામાં આવી છે. આપણે સેવા કરવી જોઈએ. અનૈતિક કામ કરવા માટે પિતા કહે તો પણ ના પાડી દેવી જોઈએ. કુમાર્ગ પર જવાનું કહે, તો ના પાડી દેવી જોઈએ. પૈસા કમાવા માટે ખોટું કામ કરાવવા માગે તો ના પાડી દેવી જોઈએ.

રાજા દશરથ મૂર્છિત પડયા છે. વનવાસની તૈયારી થઈ રહી છે. દશરથજીને કહ્યું કે રામચંદ્રજી વનવાસ જવાની આજ્ઞા માગી રહ્યા છે. ત્યારે તેઓ કહે છે, કે દિકરો મને વહાલો લાગે છે. અનાવશ્યક મોહથી ઉન્નતિ થતી નથી. આપણો દિકરો એમ. એસ. સી. કરી લે તો મોહવશ કહીશું, અમારો દિકરો વિલાયત જવો જોઈએ. માસ્તર ન થવો જોઈએ. અમારો દિકરો આવો થઈ જાય, તેવો થઈ જાય, આ મોહ છે. રાજા દશરથને પણ મોહ થઈ રહ્યો હતો.

શરીરથી બધા કામ કરીશું, પિતાનું કામ કરીશું, પરંતુ આત્માના પિતા તો પરમાત્મા છે. તેનું કહ્યું માનીશ. રામચંદ્રજી કહે છે કે વધુ વિચારમાં ન પડો પિતાજી ! મને આજ્ઞા આપી દો, મને જવાદો.' રામચંદ્રજી કહે છે. 'જો તમે મને વનમાં નહીં જવા દો તો સમાજમાં અપવાદ પેદા થશે. તમારી પ્રતિષ્ઠા ઘટશે. આપ મને વનમાં જવા દો, અહીં રામાયણ એ શીખવે છે કે પિતાજી ભલે આપણને આપણા કર્તવ્યધર્મથી અટકાવે, પરંતુ આપણે આપણા કર્તવ્યને ભૂલવું ન જોઈએ. દશરથજી સુમંત્રને બોલાવીને કહે છે કે જાઓ. ચૌદ દિવસ વનમાં ફેરવી તેમને પાછા લઈ આવો. હું જાણું છું કે રામ સત્યની સાથે છે. તેઓ પાછા આવશે નહીં, પરંતુ તેમને વાઘની, ચિત્તાની, જાનવરોની બીક બતાવજો. જો એટલાથી પણ ન આવે, તો સીતાને લઈ આવજો. આજે દશરથ તો આપણા ઘરોમાં છે, જે ભણવા નથી દેતા, સારા કામ કરતાં રોકે છે અને સિનેમા માટે, જુગાર માટે પૈસા આપે છે, દારૂ પીવે, બીડી-સિગારેટ પીવે તો અટકાવતા નથી. રામચંદ્રજીએ પિતાની આજ્ઞાને ન માની. સેવા-સહાયતા કરવા માટે કર્તવ્યપાલન કરવા માટે તમે આગળ વધી રહ્યા છો, પિતા જો તમને રોકે તો તમારે અવજ્ઞા કરી દેવી જોઈએ. એવી કુરીતિઓને રોકો જે હજારો વ્યક્તિઓને પતન તરફ લઈ જવા માટે વિવશ કરી રહી છે. સમાજમાં શાંતિ ત્યારે જ આવશે, જ્યારે અનીતિને રોકીશું અને સંઘર્ષ કરીશું. રામચંદ્રજી પિતાને ખૂબ પ્રેમ કરે છે, પણ અનીતિ સહન કરતા નથી.

રામચંદ્રજીએ વનમાં હાડકાનો સફેદ ઢગલો જોયો. આ હાડકાં ક્યાંથી આવ્યા ? આ ક્ષેત્રમાં ઋષિઓ રહે છે, તેમને રાક્ષસોએ ખાઈ-ખાઈને હાડકાનો આ ઢગલો બનાવ્યો છે. અન્યાય કરનાર પર ક્રોધ કરવો જોઈએ. પોતાની બુરાઈઓ પર ક્રોધ કરવો જોઈએ. રાક્ષસોનો સંહાર કરવાનો સંકલ્પ રામચંદ્રજીએ લીધો હતો. તેઓ રામચંદ્રજીના સગા નહોતા, જેમને રાક્ષસો ખાઈ ગયા હતા, પરંતુ જેમને કષ્ટ થયું હોય, તેમના પ્રત્યે દયા હોવી જોઈએ.

આજે સમાજમાં કુપ્રથાઓ, કુરીતિઓ, નાગપાશની જેમ લપેટાઈ ગઈ છે. તેનાથી સંઘર્ષ કરવો જોઈએ. રામાયણ આ પ્રેરણા આપે છે.

ભરતજીએ પણ એવું જ કર્યું. માતા કૈકેયીનું કહેવું ન માન્યા. ગાદી સ્વીકાર ન કરી. માતા એવી નથી હોતી, જે કુમાર્ગ પર ચલાવે. એવું અંજન શા કામનું જે આંખ ફોડી દે. ભરતજીએ જોયું કે મારા કારણે મોટા ભાઈ વનમાં ગયા, પિતાજીએ આ દુઃખમાં શરીર છોડયું. કૈકેયીએ કહ્યું - રાજગાદી પર બેસો, હું તારી માતા છું, આજ્ઞા આપું છું, ભરતજી એવા ગુસ્સે થઈ ગયા જેમ કોઈ ખોટો રસ્તો બતાવનાર પ્રત્યે મનમાં આગ લાગી જાય છે. ભરતજી કહે છે, જો આવું હતું, તો મને જન્મ આપતાંની સાથે જ મારી નાખવો હતો. મા તેં મૂળ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો કાપી નાખ્યા અને હવે પાણી રેડી રહી છે. એનાથી શું થવાનું છે ? તમે હંસ જેવા વંશમાં આગ લગાવી દીધી. મા વરદાન માગતી વખતે તારા મનમાં પીડા ન થઈ ? પિતાજીએ વિશ્વાસ કરીને વરદાન આપ્યું હતું. કેટલો પ્રેમ કરતા હતા તને પિતાજી ! એમને શું ખબર કે તું આટલી ઝેરીલી છે ! ખરો પાપી તો હું છું કે તારા પેટે જન્મ લીધો. રામને તો કીટ-પતંગિયા પણ પ્રેમ કરે છે. રામ વિરોધી પાપીણી, તું ખસી જા, શત્રુઘ્નના પણ અંગેઅંગમાં ક્રોધની જ્વાળાઓ સળગી રહી છે, પણ તેઓ કશું કહેતા નથી. તેમણે કૈકેયીને તો કંઈ ન કહ્યું, પણ ખંધી મંથરાને ગુસ્સામાં શત્રુઘ્નએ એક લાત મારી. મંથરા ચીસો પાડવા લાગી.

જ્યારે ભરતજી રામચંદ્રજીને વનમાંથી પાછા લાવવા માટે સેના લઈને વનમાં ગયા, ત્યારે લક્ષ્મણજીએ દૂરથી જોયું તો શંકા પેદા થઈ કે ભરત કદાચ યુદ્ધની ઈચ્છાથી તો નથી આવી રહ્યો ને ! ત્યારે લક્ષ્મણજી કહેવા લાગ્યા, હું એકલો સામનો કરીશ. અહીં રામાયણ શીખવે છે કે અનીતિનું સમર્થન ભાઈ માટે પણ ન કરવું જોઈએ. ગીતા પણ આ જ શીખવે છે. જ્યારે લંકા જવા માટે સમુદ્ર પાર કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે રામચંદ્રજી સમુદ્ર સૂકવવા માગતા હતા, વિભીષણે સલાહ આપી કે કોઈ બીજો રસ્તો શોધવો જોઈએ. રામચંદ્રજીએ કહ્યું - હે મિત્ર ! તમે સાચી સલાહ આપી. કાયર વ્યક્તિની એક જ ઓળખાણ છે. "જે ભાગ્યમાં હશે એ જ થશે." જે હાથમાં લખ્યું હશે, તે જ થઈને રહેશે. આવી જ વાતો અને બહાનાં તેઓ બનાવતા રહે છે. આપણે પુરુષાર્થ કરવો જોઈએ. ભગવાન રામે પુરુષાર્થ કર્યો. પુલ બનાવવામાં આવ્યો.

વિવેક સંમત જે પણ વાત હોય તેને સ્વીકાર કરી લેવી જોઈએ. પતિ જો ખોટું કહી રહ્યો હોય તો પત્નીએ ન માનવું જોઈએ. મંદોદરી રાવણને ઉપદેશ આપી રહી હતી, કે પોતાની જીદ છોડી દો અને સીતાને પાછા સોંપી દો. ખોટા માર્ગે ચાલવાથી પત્ની પતિને રોકી રહી છે. જો પતિ રિશ્વત ખોરી કરે, જુગાર રમે, દારૂ પીવે તો દરેક પત્નીનું એ કર્તવ્ય છે, કે તે ઉચિત સલાહ આપે, અનુચિતનું સમર્થન ન કરે.

રાવણને પુત્રોએ પણ સમજાવ્યો હતો. એક પુત્રએ ઊભા થઈને કહ્યું - 'પિતાજી ! નીતિ વિરુદ્ધ કામ ન કરો. આ મંત્રીઓની અક્કલ ઓછી છે. આ બધા હા માં હા કરવાનું જાણે છે, એ તો નોકર છે. રીંગણે બે ગુણ નામ ધર્યું છે, માથા પર મુગટ રાખ્યો છે." આપણા એવા જ છે. એક વાનર આવ્યો હતો. તેની પણ પ્રશંસા કરી રહ્યા હતા. હવે તમને કહી રહ્યા છે કે વાનરોને ખાઈ જઈશું. એક વાનરને તો ખાઈ ન શક્યા, શું તેમના પેટમાં ત્યારે અજીર્ણ થયું હતું."

આજકાલ લોકો જે કોઈ નેતા તેમની પાસે આવે, તેમને કહે છે - હા હા અમે તમને જ વોટ આપીશું, પરંતુ રામાયણમાં જુઓ, વિભીષણ શું કહી રહ્યા છે ? જ્યારે અંગદને પકડી લીધો. તેને પ્રાણ દંડ દેવાની વાત પર વિચારણા થઈ રહી હતી. ત્યારે વિભીષણ કહેવા લાગ્યા. 'દૂતને મારવો એ પાપ છે.' સલાહ આપવી જ હોય તો ઉચિત જ આપવી જોઈએ.

જ્યાં બુદ્ધિ અવળી થઈ જાય છે, ત્યાં વિનાશ થાય જ છે. રાવણે વિભીષણનો સત્પરામર્શ ન માન્યો, તો ભાઈ હોવા છતાં વિભીષણે સમર્થન ન કર્યું. ખોટા માર્ગનું સમર્થન નહીં કરું એવું સૌને બતાવીને ગયા. રાવણે વિભીષણને કાઢી મૂકયા. વિભીષણ જ્યારે રામચંદ્રજી સાથે મળી ગયા, રાવણનો ચહેરો પીળો પડી ગયો. જે સારા માણસોને કાઢી મૂકે છે, તેમની હાલત આવી જ થાય છે. કુમાર્ગે ચાલનારને રક્ષા કોઈ કરી શકતું નથી.

જે રાવણના ભયથી સૌ કાંપતા હતા, દેવતાઓ પણ ડરતાં હતા, એ રાવણ જ્યારે સીતાજીને ઉપાડવા ગયો ત્યારે ચોર જેવી રીતે ચાલે છે, તેવી જ રીતે ચાલવા લાગ્યો હતો. અંદરથી ભય હતો કે કોઈ પકડી ન લે. કાકભુશંડીજી ગરુડજીને કહે છે - ખોટા માર્ગ પર, અનીતિના રસ્તા પર જે ચાલે છે, તેનું બળ, બુદ્ધિ, તેજ બધું ક્ષીણ થઈ જાય છે.

આપણે અનીતિથી દૂર રહેવું જ જોઈએ, સાથેસાથે અનીતિને રોકવી પણ જોઈએ. સમજાવવા જોઈએ, જો ન માને તો અલગ થઈ જવું જોઈએ. અનીતિનું સમર્થન ન કરવું જોઈએ, આ રામાયણ શીખવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાનતાની કસોટી

બાદશાહના ચહેરા પર ચિંતાની રેખાઓ પ્રગટી, ગાઢ થઈ અને થોડીવારમાં એક હલકા હાસ્યમાં ફેરવાઈ ગઈ. વિચારમાં ડૂબેલા બાદશાહને સમસ્યાનો ઉકેલ - મળી ગયો હોય તેવું જણાયું. તેમની ખ્યાતિ પોતાના ફારસ દેશમા તો હતી અને તેની સાથે દેશ-વિદેશોમાં પણ હતી. તેમનું નામ ન્યાયપ્રિયતાના પર્યાયના રૂપમાં લોક પ્રચલિત હતું. પ્રજા તેમની આજ્ઞાનું પાલન કરતી હતી. પ્રકૃતિ પણ તે દેશ પર દયાવાન હતી.

તેમના ત્રણ પુત્રો પણ યોગ્ય અને આજ્ઞાંકિત હતા. વૃદ્ધાવસ્થા આવવાથી તેમણે મોટા પુત્રને રાજકારભાર સોંપી દીધો. પરંતુ કંઈ વિચારીને એક ખૂબ જ કીમતી મોતી પોતાની પાસે મૂકી રાખ્યું. એ મોતીની કિંમત એટલી બધી હતી કે એના બદલામાં રાજ્યો ખરીદી જઈ શકાય તેમ હતું. તેમણે મનોમન નિર્ણય કરી લીધો હતો કે એ મોતી પોતાના સૌથી વધુ પ્રમાણિક અને સારા વિચારોવાળા પુત્રને આપશે.

તેઓ વખતોવખત પોતાના પુત્રોની પરીક્ષા કરતા રહેતા, પરંતુ હજુ સુધી તેઓને સંપૂર્ણપણે સંતોષ થયો ન હતો. મોટો રાજકુમાર રાજકારભારમાં સારી રીતે નિપુણ હતો. બંને ભાઈઓ પૂરા મનથી તેની મદદ કરતા હતા. પ્રજા પણ પહેલાં કરતાં વધુ સુખી હતી. કોઈની સાથે અન્યાય ન થાય એનું તેઓ સ્વયં ધ્યાન રાખતા હતા, પરંતુ હવે તેઓ ઈચ્છતા હતા કે બધું જ ઠીક ચાલી રહ્યું છે તો તેઓ વધુ પડતો સમય ખુદાની બંદગીમાં વિતાવે. પરંતુ આમાં મોતીની ચિંતા વધુ સતાવતી હતી. આ વેળાએ તેઓ સૂતાંસૂતાં આ જ વાત વિચારી રહ્યા હતા. પરંતુ ચેમના ચહેરા પર અચાનક હાસ્યની રેખાઓ ઉમટી પડવાથી એમ લાગ્યું કે મોતીની ચિંતાનું સમાધાન પણ મળી ગયું છે.

કંઈક વિચાર્યા પછી તેમણે પોતાના મોટા પુત્રને પ્રશ્ન પૂછયો, "બાદશાહ, અમે એ જાણવા ઈચ્છીએ છીએ કે છેલ્લા ત્રણ મહિનામાં તમે સૌથી સારું ક્યું કામ કર્યું છે ?" થોડો સમય વિચાર્યા પછી તેણે કહ્યું, "... છેલ્લા મહિનામાં જ્યારે હું બીજા શહેરમાં જઈ રહ્યો હતો ત્યારે એક ઓળખીતા માણસે હીરાની થેલી આપીને કહ્યુ કે એન તેના નાના ભાઈને આપી દેજો. સાચું માનો કે મેં તે થેલી તેના નાના ભાઈને સોંપી દીધી. મને લાગે છે કે એનાથી બધા ખુશ થયા હશે. તે દિવસે હું પણ ખુશ થયો હતો. મને લાગે છે કે લાલચમાં ન ફસાવું તે માણસની મોટાઈ છે અને મેં આ કામ ઈમાનદારીથી કર્યું." પુત્રનો ઉત્તર સાંભળીને સુલતાન ઈબ્રાહીમના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ.

સુલતાને હવે બીજા પુત્રની તરફ નજર ફેરવીને પૂછ્યું, "બેટા ! છેલ્લા ત્રણ મહિનામાં તેં ક્યું મોટું કામ કર્યું છે ?" કંઈ યાદ કરવાની ચેષ્ટા કરતાં તેણે બતાવ્યું "વાત ગયા સપ્તાહની છે. વહેલી સવારે હું ફરવા માટે નદીકિનારે જઈ રહ્યો હતો. હજુ હું ત્યાં પહોંચ્યો કે એટલામાં એક સ્ત્રીનો રડવાનો અવાજ મારા કાન પર પડ્યો. પાસે જઈને જોયું તો ખબર પડી કે તેનો પુત્ર નદીમાં ડૂબી રહ્યો છે અને ત્યાં તેને બચાવનાર કોઈ નથી. હું તુરત જ નદીમાં કૂદી પડ્યો અને તેને વાળથી પકડીને બહાર લઈ આવ્યો. થોડીવાર સારવાર કરવાથી તે ભાનમાં આવી ગયો. એ સ્ત્રીએ મને ઘણા જ આશીર્વાદ આપ્યા. મને પણ મારા આ કામથી ખૂબ આનંદ થયો." બાદશાહે પોતાના પુત્રની પીઠ થાબડતા કહ્યું, "માણસની જિંદગી બચાવીને તેં ખરેખર ઘણું મોટું કામ કર્યું છે.

હવે ત્રીજા રાજકુમારનો વારો હતો. બાદશાહે તેને પણ અગાઉ મુજબનો પ્રશ્ન પૂછયો. નાની વયના તે રાજકુમારે ખૂબ ધીમેધીમે ઉત્તર આપવાનું શરૂ કર્યું, "માન્યવર પિતાજી ! એક દિવસ હું જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યાં મેં જોયું કે એક માણસ પહાડની બાજુમાં ગાઢ નિદ્રા લઈ રહ્યો છે. તે પાસુ બદલે તો પહાડ પરથી ગબડી જવાનો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂરો ડર હતો. ગબડે તો મોત નજીક જણાતું હતું. મેં ધીમેથી તેની પાસે જઈને જોયું તો તે મારો જૂનો દુશ્મન જાવેદ જણાયો. છતાંય મેં તેને જગાડીને સાવધાન કરવાનો નિર્ણય કર્યો. તે ગભરાઈને ઊઠી ગયો અને એમ સમજ્યો કે તે તેનો જીવ બચાવવા અહીં દૂર સુધી આવ્યો છે. તે પ્રેમપૂર્વક મને ભેટી પડ્યો અને જૂની દુશ્મનાવટ ભૂલીને અમે મિત્રો બની ગયા. બસ, મેં તો આ એક નાનું સરખું કામ કર્યું છે, જે મને આજે પણ યાદ છે."

નાના પુત્રની નમ્રતા અને તેના કામથી ખુશ થતાં બાદશાહે કહ્યું, "શાબાશ બેટા ! માણસની મહાનતા તેની ભાવનાઓમાં છે અને ભાવનાઓની પરાકાષ્ઠા દુશ્મનની મદદ કરવામાં અને તેને મિત્ર બનાવવામાં છે. દુશ્મનનો જીવ બચાવવો વાસ્તવમાં ઘણું મોટું કામ છે. આમ કહેતામાં તેમના ચહેરા પર સંતોષની ચમક ફેલાઈ ગઈ, તેઓ જે મહાનતા અને પ્રમાણિકતાને શોધી રહ્યા હતા તે આ નાના પુત્રમાં દેખાઈ આવી.

તેઓએ પોતાના કીમતી મોતી આ નાના પુત્રને સોંપવાનો નિર્ણય કર્યો. બંને ભાઈઓએ પણ તેની ઘણી પ્રશંસા કરી. સુલતાન ઈબ્રાહીમ પણ ત્યારપછી સંપૂર્ણ રીતે નિશ્ચિંત થઈને પાક પરવરદિગાહની બંદગી કરવામાં જોડાઈ ગયા.

**ગાયત્રી મંત્ર**

**(ગાયત્રી મંત્રના માત્ર જપ ન કરતાં એના ભાવ મુજબ જીવન વિતાવવાનો સંકલ્પ લો.)**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

**અર્થ** : ૐ (પરામાત્મા) ભૂઃ (પ્રાણ સ્વરૂપ) ભુવઃ (દુઃખનાશક) સ્વઃ (સુખસ્વરૂપ) તત્ (તે) સવિતુઃ (તેજસ્વી) વરેણ્યં (શ્રેષ્ઠ) ભર્ગઃ (પાપનાશક) દેવસ્ય (દિવ્ય) ધીમહિ (ધારણ કરીએ) ધિયો (બુદ્ધિ) યો (જે) નઃ (અમારી) પ્રચોદયાત્ (પ્રેરિત કરો)

**સંકલ્પ**

પરમાત્માનો જ પવિત્ર અંશ મારો આત્મા છે. પરમાત્મા પ્રાણ સ્વરૂપ છે. હું પણ પોતાને પ્રાણવાન, આત્મશકિતયુક્ત બનાવીશ.

પ્રભુ દુઃખરહિત છે. હું દુઃખદાયી માર્ગ પર ચાલીશ નહીં.

ઈશ્વર આનંદ સ્વરૂપ છે. પોતાના જીવનને આનંદસ્વરૂપ બનાવવું તથા બીજાના આનંદમાં વૃદ્ધિ કરવી મારું કર્તવ્ય છે.

ભગવાન તેજસ્વી છે. હું પણ નિર્ભયી, સાહસિક, વીર, પુરુષાર્થ અને પ્રતિભાવાન બનીશ.

બ્રહ્મ શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠતા, આદર્શવાદિતા અને સિદ્ધાંતમય જીવનનીતિ અપનાવીને હું પણ શ્રેષ્ઠ જ બનીશ.

જગદીશ્વર નિષ્પાપ છે. હું પણ પાપોથી, કુવિચારોથી અને કુકર્મોથી બચીને રહીશ.

ઈશ્વર દિવ્ય છે. હું પણ પોતાને દિવ્ય ગુણોથી સુસજ્જિત રાખીશ, સંસારને કંઈ આપતા રહેવાની દિવ્ય નીતિ અપનાવીશ.

આ માર્ગ પર ચાલવાથી અમારું મનુષ્યજીવન સફળ થઈ શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવના જન્મની દિવ્ય ઘટનાઓ

(યુગ નિર્માણ યોજના દ્વારા હાલમાં જ પ્રકાશિત 'પ્રજ્ઞાવતાર અમારા ગુરુદેવ' (લેખક-પં૦ લીલાપત શર્મા) માં પરમપૂજ્ય ગુરુદેવના લીલા પ્રસંગોને વિસ્તારપૂર્વક શબ્દદેહ આપવામાં આવ્યો છે. કેટલીય ઘટનાઓનો પહેલી વખત ઉલ્લેખ થયો છે. રોચક અને પ્રેરક શૈલીમાં લખાયેલ પુસ્તકના થોડાક અંશ અહીંયા રજૂ થયેલ છે.)

ભાગવત અને સનાતન ધર્મની પ્રેરણાઓથી યુક્ત એ હર્યાભર્યા વાતાવરણવાળા પરિવારમાં સન ૧૯૧૧ શરૂ થતાં કેટલીક વિલક્ષણ ઘટનાઓ બનવા માંડી. પંડિત રૂપકિશોરજીનાં ધર્મપત્ની, આપણા ચરિત્રનાયકની માતા દાનકુંવરજી એ ઘટનાઓના સંબંધમાં બતાવતાં રહેતાં. ગાયત્રી પરિવારના પરિજનો તેમને 'તાઈજી' કહેતા. ગામડાઓમાં તો ગૃહિણીઓ રાતનો ચોથો પહોર શરૂ થતાં પહેલાં ઊઠી જતી. અત્યારે પણ કેટલાંક ઘરોમાં આ રિવાજ ચાલુ છે. તાઈજીનો પરિવાર એક તો કુલીન બ્રાહ્મણ હતો. વળી એમાંય કુટુંબના સભ્યોની સંખ્યા થોડી વધારે હતી. બધાની સારસંભાળની જવાબદારી તેમની રહી હશે. પંડિત રૂપકિશોરજી બધા ભાઈબહેનોમાં મોટા હતા. એટલે પરિવારમાં જેટલાં બાળકો હતાં, તે બધા તેમને 'તાઉજી' કહેતા હશે. એમને કહેતાં હોય કે ન કહેતાં હોય પણ, માતામહી દાનકુંવરી તો સૌને માટે તાઈજી જ હતાં. પરિવારના સભ્યોનું ધ્યાન રાખવામાં આખો દિવસ વીતી જતો. સવારે ત્રણ-ચાર વાગે ઊઠતાં અને રાત્રે અગિયાર વાગ્યા પછી સૂઈ શકતાં. દરમિયાન આરામ કરવાની ફુરસદ જ મળતી ન હતી. તેમને એની જરૂર પણ જણાતી ન હતી.

તાઈજી કહેતાં હતાં કે એક દિવસ સવારે દૂધ ઊભરાઈ રહ્યું હતું. તેઓ ચૂલા પાસે બેઠાં બેઠાં આગળના કામ અંગે વિચારી રહ્યાં હતાં. એવું ક્યારેય બન્યું ન હતું કે દિવસે તેમને સુસ્તી જણાઈ હોય, પરંતુ તે દિવસે સવારે કોણ જાણે કેમ તેમને ઝોકું આવી ગયું. ગાઢ નિદ્રામાં આજુબાજુનાં દૃશ્યબિંબ સંપૂર્ણ રીતે ખોવાઈ જાય છે, તેમ તાઈજીએ જોયું કે તેઓ અજ્ઞાત પ્રદેશમાં છે. ચારેયબાજુ ઉજ્જવળ સફેદ પ્રકાશ છવાયેલો છે. ધરતીએ પણ સફેદ વસ્ત્રો ધારણ કર્યાં છે. સંભવતઃ એ હિમાલયનું દૃશ્ય હશે. તે પ્રદેશ બિલકુલ નિર્જન છે. વૃક્ષ વનસ્પતિને સ્પર્શીને આવતી પવનની લહેરખી પોતાની સાથે દિવ્ય સુગંધ લઈ વહી રહી છે. નાસિકામાં સમાતી એ લહેરખીથી ચિત્ત અને ચેતનામાં અદ્‌ભુત આનંદ ફેલાઈ ગયો. પછી દૃશ્ય બદલાય છે અને પૂર્વ દિશામાં પ્રકાશપૂંજ દેખાય છે. એ મંડળમાં એક નારી આકૃતિ બિરાજમાન છે. એ આકૃતિને જોઈને સુધબુધ ખોવાઈ જાય છે. અચાનક નિદ્રા તૂટે છે અને તાઈજી જુએ છે કે દૂધ ઊભરાઈ ગયું છે. થોડા ઘણા ફેરફારો સહિત આવું દર્શન ફરી બેવાર થયું, સમય પણ અલગ હતો. એકવાર બપોરનો અને એકવાર સાંજનો સમય હતો.

દિવ્ય દર્શનના આ દિવસોમાં એક બીજી ઘટના બની. હવેલીમાં કોણ જાણે ક્યાંથી અચાનક જ મધમાખો આવી ગઈ અને આઠદસ દિવસમાં જ એમણે ચારપાંચ મધપૂડા બનાવી દીધા. એવું વિચારવામાં આવ્યું કે અગ્નિ સળગાવી મધમાખોને ભગાડી દેવી. તાઈજીને ખબર પડી કે મધપૂડા બાળી નાખવાની યોજના બનાવાઈ રહી છે. તેમણે એમ કરાવની તરત જ ના પાડી દીધી, તેઓ કોઈને નુકસાન કરતી નથી, તો પછી આપણે તેમનું ઘર શા માટે તોડી નાખવું જોઈએ ? પંડિત રૂપકિશોરજી મઉ રજાવડામાં કથા કરીને પાછા આવ્યા. તેમને મધપૂડાની ખબર પડી, તો તેમણે પણ મધમાખીઓ ભગાડવાની ના પાડી. તેમણે સમજાવ્યું કે આ ભગવાન શિવનું વરદાન છે. તેમણે મોકલેલાં આ પ્રાણીઓ કોણ જાણે ક્યાંથી મધ એકઠું કરી કરીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાવે છે. થોડાક મહિના સુધી મધમાખો ત્યાં રહી, પછી ક્યાંક બીજે જતી રહી.

આ દરમિયાન હવેલીમાં ઘણી ગાયો આવવા લાગી. આમે ય પંડિતજીની ગૌશાળા ગાયોથી ભરપૂર જ હતી. ત્યાં ખૂબ ગૌસેવા થતી હતી, પરંતુ મધમાખોના ઊડી ગયા પછી જાણે કે આખા ગામની ગાયોનું વલણ હવેલી તરફ થઈ ગયું. પંદરવીસ ગાયો દરવાજે હંમેશાં ઊભી રહેતી આ ક્રમ થોડા દિવસ ચાલ્યો અને એની જાતે જ બંધ થઈ ગયો. આ વિલક્ષણ ઘટનાઓથી બધાંને આશ્ચર્ય થતું હતું. પંડિત રૂપકિશોરજીએ પોતાના જ્ઞાન અને અનુભવને આધારે બતાવ્યું કે કોઈ દિવ્ય આત્મા આ કુટુંબમાં આવવાની તૈયારી કરી રહ્યો છે. તેથી આ વિચિત્ર ઘટનાઓ બની રહી છે.

ઘરમાં અચાનક સુગંધ ફેલાઈ જતી જાણે કે અગરબત્તી સળગી રહી હોય અથવા સુગંધિત વસ્તુઓથી હવન કરવામાં આવી રહ્યો છે. પછી તે સુગંધ એની જાતે જ બંધ થઈ જતી. તાઈજીએ એકવાર સ્વપ્નમાં જોયું કે તેઓ એક સરોવરના કિનારે ઊભાં છે. સરોવરમાં કમળ ખીલ્યાં છે. પછી તે સ્વપ્ન અદૃશ્ય થઈ ગયું. એકવાર તેમણે જોયું કે પૂર્વ દિશામાંથી દેવોના વિમાન ઊડતાં આવી રહ્યાં છે. તેમાં બેઠેલાં દેવો આંગણામાં ફૂલ વરસાવી રહ્યા છે. ગાયોના ઝુંડ, આમ્રવન, કલશ અને નારિયેળનાં દૃશ્ય તો કેટલીયવાર સ્વપ્નમાં દેખાયા. છેલ્લાં સ્વપ્નમાં જટાધારી એક યોગી કંઈક કરી રહ્યો હતો, પરંતુ તે સ્પષ્ટ સંભળાતું ન હતું. કદાચ સંભળાયું હોય તો યાદ ના રહ્યું. આ દિવ્ય અનુભૂતિઓ અને સ્વજન દૃશ્યોમાંથી પસાર થતાં ૧૯૧૧ના સપ્ટેમ્બર મહિનાનું ત્રીજું અઠવાડિયું પણ વીતી ગયું.

ભારતીય કેલેન્ડર પ્રમાણે તે સંવત ૧૯૬૮નો આસો મહિનો હતો. ગ્રેગરી કેલેન્ડર પ્રમાણે સન ૧૯૧૧ના સપ્ટેમ્બર માસની ૨૦મી તારીખને ગુરુવાર હતો. સમય લગભગ નવ વાગ્યાનો હતો. આંવલખેડાની તે હવેલીમાં એક બાળકનું પહેલું ક્રંદન સંભળાયું. જ્યોતિષવિદ્યાના જાણકારોએ જણાવ્યું કે એક મહાન આત્મા શરીર ધારણ કરીને આવ્યો છે. માતાને અને પરિવારમાં થઈ રહેલા વિલક્ષણ અનુભવો આ આત્માના સંકેત હતા.

તે ક્ષણની જે કુંડળી બનાવવામાં આવી તેના લગ્નમાં તુલાનો ગુરુ હોવાથી કેતુની સાથે બેઠો હતો. બીજા ભાગોમાં જે ગ્રહસ્થિતિઓ બની રહી હતી તેના આધારે જ્યોતિષીઓએ કહ્યું કે આ અવતારી પુરુષ છે. કોઈ દિવ્ય પ્રયોજન માટે તે અવતરિત થયો છે અને પોતાનું કામ પૂરું કરીને જ પાછો જશે. જન્મલગ્નનો સ્વામી ચંદ્ર, શુક્ર અને બુધથી યુક્ત છે. જાતક ગુપ્તવિદ્યાનો મર્મજ્ઞ અને અધિકારી થશે. સાતમે શનિ પોતાના ચોથા ઘરને પૂરી દૃષ્ટિથી જુએ છે. તેથી જલદી તેનું સમાધાન થઈ જશે. વિશ્વ વંદ્ય યોગ અને આયુષ્યના બંધનમાંથી મુકત આ આત્મા અનેક લોકોને સન્માર્ગ બતાવી કલ્યાણના માર્ગે આગળ વધારવામાં સમર્થ થશે. પૂજ્ય ગુરુદેવના અવતરણના સમયની ગ્રહસ્થિતિ કાર્તિક વદ ૧૩ સંવત ૧૯૬૮ તદ્અનુસાર ૨૦ સપ્ટેમ્બર ૧૯૧૧ છે.

ગુરુદેવના જન્મ પછી વિલક્ષણ ઘટનાઓ એકાએક બંધ થઈ ગઈ. જે ઓરડામાં તેમનો જન્મ થયો હતો તેની આસપાસ ૨૪ કલાક સુધી મધુર સંગીત ગુંજતુ રહ્યું, એવું લાગતું હતું કે જાણે વેદપાઠી વિદ્વાનો સસ્વર મંત્ર ગાઈ રહ્યા હોય. ક્યારેક એવું લાગતું હતું કે રામચરિત માનસનું પારાયણ થઈ રહ્યું છે. કેટલાક લોકોને તે સંગીતમાં ગાયત્રી મંત્રનો અવાજ સંભળાયો. મતલબ કે બધાને અનેક જાતના અનુભવો થયા. ચોવીસ કલાક પછી તે સંગીત એની જાતે જ બંધ થઈ ગયું. બે દિવસ પછી નવરાત્રિ શરૂ થઈ. તે સમય દરમિયાન સાધુ મહાત્માઓનું આવવું એકદમ વધી ગયું. તેઓ અકારણ જ દરવાજે ઊભા રહેતા અને પૂછવા છતાંય કશું બોલતા ન હતા. તેમને કંઈ આપવામાં આવે તો લેવાની ના પાડી દેતા. બસ, તાઈજીના ઓરડા તરફ તાકી રહેતા. બાળક જ્યારે રડતો તો તેના રડવાનો અવાજ સાંભળીને પાછા જતા રહેતા. તાઈજીને જ્યારે આ બાબતની જાણ થઈ તો તે ગભરાઈ ગયાં. એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિવસ કોઈ વૃદ્ધ સંન્યાસી દોઢ કલાક સુધી દરવાજે ઊભા રહ્યા. તાઈજીને ખબર પડી તો તે બબડતાં બબડતાં બહાર નીકળ્યાં. સંન્યાસીને જોઈને ગભરાતાં બોલ્યાં, "મારા બાળક ઉપર નજર માંડીને કેમ ઊભા છો ? તેણે તમારું શું બગાડયું છે ?" સંન્યાસીએ શાંત અને ગંભીર અવાજે કહ્યું, "હું બાળકનું અહિત કરવા નથી આવ્યો. અમે ઈચ્છીએ તો પણ અમારામાંથી કોઈ એનું અહિત કરી શકે એમ નથી." તાઈજીએ કહ્યું કે તો પછી તમે લોકો શું કામ આવો છો ? તે સંન્યાસીએ જવાબ આપ્યો, "ખરેખર તે બાળક હિમાલયના હૃદયપ્રદેશનો નિવાસી છે. ત્યાંના સિદ્ધપુરુષોએ તેને મોકલ્યો છે. અમે લોકો તો સાધારણ સંન્યાસીઓ છીએ. આ બાબતની ગમે તે રીતે ખબર પડે છે તે ત્યારે અમે લોકો તેનાં દર્શન કરવા આવીએ છીએ."

તાઈજીની ચિંતા વધી ગઈ. તેમણે કહ્યું કે હું મારા બાળકનાં દર્શન કોઈને નહિ કરાવું. તમે લોકો આવશો નહિ. આમ કહીને તેઓ અંદર જતાં રહ્યાં.

## શું તમે જાણો છો ?

૧. નવો સફેદ કાપડનો ટુકડો હળદરથી રંગો. કપડું સૂકવીને તેમાં તુલસીના મૂળ લપેટો. કપડાને નવા ઘડામાં રાખીને, માટીનું નવું ઢાંકણ મૂકો.

નવું મકાન બનાવતી વખતે આ ઘડાને મકાનના પાયામાં મૂકી દો. મકાન પર વીજળી કદી પડશે નહીં. તીવ્રતાને કારણે જો કદાચ પડે તો સીધી પૃથ્વીમાં ઉતરી જશે અને મકાન બચી જશે.

૨. તુલસીના મૂળમાં વિશેષ પ્રમાણમાં વિદ્યુતશકિત હોય છે.

૩. તુલસીની માળા પહેરવાથી (ક) વીજળીનો ભય ઘટી જાય છે. (ખ) શારીરિક વિદ્યુત સુરક્ષિત રહે છે. (ગ) માણસ દીર્ઘાયુષ્ય અને સ્વસ્થ રહે છે. સદાચારી બની રહેવામાં વધુ સફળ થાય છે.

૪. તુલસીના છોડની સામે અને નજીક બેસીને કરવામાં આવેલું ધર્મકૃત્ય અને વિશેષ કરીને કરેલા જપ વધુ પ્રભાવકારક હોય છે.

૫. તુલસીની નજીક વિવિધ રોગ પેદા કરનારા કીટાણુ આવતાં નથી. આસપાસનું ક્ષેત્ર પણ કીટાણુરહિત બની જાય છે. વાયુ શુદ્ધ રહે છે. સ્વાભાવિક રૂપે સાત્ત્વિક ભાવોનો લાભ મળે છે.

૬. ગાયના તાજા દહીંમાં ૩૫-૪૦ શ્યામ તુલસી અથવા સામાન્ય તુલસી મસળીને સવાર-સાંજ સેવન કરવાથી ૪૦-૬૦ દિવસમાં કેન્સર નાશ પામે છે.

૭. ગીચ વસતીવાળા શહેરોમાં વૃક્ષારોપણ દ્વારા પ્રદુષણ રોકવું શકય નથી એવા શહેરોમાં કુંડામાં તુલસી વાવીને ઘરમાં રાખવાથી ઘરે તથા શહેરનું વાયુપ્રદુષણ દૂર કરી શકાય છે.

૮. તુલસીની ચા દરરોજ પીવાથી મલેરિયા કદી થતો નથી.

❀❀❀
❀❀
❀


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપણે ચિંતા કરીએ કે ન કરીએ, પ્રકૃતિ પોતે આપણી ચિંતા કરે છે.

ભૌતિક કે આત્મિક પ્રગતિ માટે સર્વપ્રથમ શરીર સ્વસ્થ હોવું જરૂરી છે. શરીર જો અસ્વસ્થ હોય, બીમાર હોય, દુર્બળ હોય તો ભૌતિક પ્રગતિ માટેના જરૂરી પ્રયાસો કરવા શક્ય બની શકતા નથી. થોડો જ શ્રમ કરવાથી શરીર થાકી જશે અને ઘણી વખત તો શ્રમ કરવા યોગ્ય પણ સ્થિતિ બની રહેતી નથી. આ જ રીતે આત્મિક પ્રગતિના માટે પણ શરીરનું સ્વસ્થ અને નીરોગી હોવું જરૂરી છે. આત્મિક વિકાસ માટે જેટલી પણ સાધનાઓ કરવામાં આવે છે તે શરીર દ્વારા જ હાથ ધરી શકાય છે. અસ્વસ્થ શરીરથી સાધનાના માટે બેસી શકવાનું પણ શક્ય બનતું નથી. એટલા માટે શાસ્ત્રકારોએ કહ્યું છે, "શરીરમાંદ્યં ખલુ ધર્મસાધનમ્' અર્થાત્ વાસ્તવમાં શરીર જ સૌથી પહેલું ધર્મ સાધન છે યૌગિક ક્રિયાઓથી લઈને પરમાર્થ ઉપકાર અને લોકમંગળના કાર્યોમાં શરીરનો જ ઉપયોગ કરવો પડે છે.

શરીરનું મહત્ત્વ એટલા માટે છે કે તેમાં આત્મા નિવાસ કરે છે. ઉચ્ચસ્તરીય વિકસિત આત્મા જ કોઈ માણસને મહામાનવ કે દેવમાનવ બનાવે છે, પરંતુ તેને મહાન બનાવનાર કાર્યો શરીર દ્વારા જ થતાં હોય છે. કોઈ માણસનો પ્રથમ પરિચય શરીર પ્રત્યેના તેના વ્યવહારથી જ થાય છે. પ્રવચન, વાર્તાલાપ, સંવાદ, વિચારવિમર્શ અને કામકાજનો પરિચય તો પાછળથી થાય છે. પરંતુ તેના વ્યક્તિત્વનો પ્રથમ પરિચય શરીરના માધ્યમથી જ રજૂ થાય છે. માણસ શરીરની જે રીતે સારસંભાળ રાખે છે, જેવું તેને સ્વચ્છ-સુંદર રાખે છે તેનાથી જ તેના વ્યક્તિત્વનો પ્રથમ પ્રભાવ પડે છે. આમ કહેવાનો આશય એ છે કે માનવીય સત્તાનું પ્રથમ કલેવર તેનું પોતાનું શરીર જ છે અને તે જીવનના બધા ઉદ્દેશોને ત્યારે જ સાર્થક બનાવી શકે છે કે જ્યારે તેનું શરીર સ્વસ્થ હોય છે.

યોગીજન શરીર દ્વારા જ યૌગિક સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. શરીર દ્વારા કરેલા કર્મો દ્વારા મોક્ષ રૂપી સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એટલા માટે મહર્ષિ ચરકે કહ્યું છે -

**સર્વમન્યપરિત્યજ્ય શરીરમનુપાલયેત્ ।**
**તદ્ભાવે હિ ભાવાનાં સર્વભાવઃ શરીરિણામ્ ॥**

અર્થાત્ - "સૌથી પહેલા શરીરના રક્ષણનું અને સ્વાસ્થ્યના રક્ષણનું ધ્યાન આપવું જોઈએ, કારણકે શરીરધારીઓ માટે સારા સ્વાસ્થ્યના અભાવમાં સમગ્ર સંસાર જ અભાવમય છે." હવે પ્રશ્ન થાય છે કે સારું સ્વાસ્થ્ય કોને કહેવાય છે ? એના ઉત્તરમાં એ જ કહી શકાય છે કે કોઈ રોગ ન હોવો તે સારા સ્વાસ્થ્યની નિશાની છે. શરીરની સાથોસાથ મન પણ નિરોગી હોવું જરૂરી છે. શરીર સ્વસ્થ ત્યારે રહી શકે છે જ્યારે મન પણ સ્વસ્થ હોય છે. આ વાતને એમ પણ કહી શકાય છે કે જો મન બીમાર હોય તો શરીર પણ બીમાર પડી જાય છે. આમ તો પ્રકૃતિએ શરીરનું નિર્માણ એવી કુશળતાપૂર્વક કર્યું છે કે તે નાનામોટા ધક્કા તો એમ જ પાર પાડી દે છે અને તેનાથી જરા પણ પ્રભાવિત થતું નથી. જ્યારે મન પણ બીમાર કે વિકારયુક્ત હોય છે ત્યારે તે ધક્કાથી પ્રભાવિત થાય છે.

આથી કોઈવાર કહેવામાં આવે છે કે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન નિવાસ કરે છે. પરંતુ હવે આ માન્યતા બદલાઈ ગઈ છે અને કહેવાય છે કે જો મન સ્વચ્છ અને સ્વસ્થ હોય તો શરીરના અવયવો એટલા સમર્થ અને બળવાન હોય છે કે તેઓ આવનારા વિકારોનો સ્વયં જ ઉપચાર કરી લે છે. પ્રસિદ્ધ શરીરશાસ્ત્રી ડૉ૦ એલવર્ટ ટોકેએ લખ્યું છે કે, "શરીરમાં અનેક સૂક્ષ્મ અને નાજુક ભાગો છે એ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાત નિશ્ચિત છે અને એ પણ સાચું છે કે શરીરની સામાન્ય ક્રિયાઓમાં થોડોસરખો રત્તીભાર ફેરફાર પણ ઘણી મોટી અસર નીપજાવે છે. પરંતુ તેના કરતાં મોટી સાચી વાત એ છે કે શરીરમાં આ દુષ્પ્રભાવોને રોકવાની, વિઘટનનો પ્રતિકાર કરવાની અને રોગવાહી કારણોનો નાશ કરવાની અદ્દભુત ક્ષમતાઓ છે."

ડૉ. એલબર્ટે પોતાના પુસ્તક; "હ્યુમન બૉડી એન્ડ હાઉ ઈટ વર્કસ" માં શરીરની આ અદ્દભુત ક્ષમતા પર વિસ્તારથી પ્રકાશ ફેંક્યો છે. શરીરમાં રોગના વાહક કારણોનો પ્રવેશ થતો અટકાવવાનું કામ સર્વ પ્રથમ ચામડી કરે છે. ઘણા રોગવાહક એવા હોય છે કે જે રુંવાડા કરતાં પણ બારીક હોય છે તથા ચામડીના છિદ્રો દ્વારા શરીરમાં પ્રવેશે છે. આવા વાહકોની સામે લડવા અને તેમનો નાશ કરવા માટે ચામડીની નીચે મૃત કોશિકાઓની અભેદ્ય સુરક્ષા પંક્તિ તૈયાર રહે છે, જે કોઈ સુદૃઢ કિલ્લાની જેમ તેમને પ્રવેશ કરતાં અટકાવે છે.

રોગાણુ જો શરીરના ખુલ્લા અંગો અર્થાત્ મોં કે નાસિકાઓ દ્વારા પ્રવેશે કરે છે તો ત્યાં પણ પ્રકૃતિએ તેમને રોકવા માટે રક્ષણની ચોકીઓ તૈયાર રાખી છે અને એવી જાળ પાથરી રાખી છે કે બિચારા તેનાથી બચીને આગળ વધી જ શકતા નથી. ઉદાહરણ સ્વરૂપે જોઈએ તો નાસિકાની ગુફામાં રોગાણુ પ્રવેશ પણ કરી લે તો થોડું આગળ જતાં શ્લેષ્મ કેન્દ્રોમાંથી ઝરતાં તરલ ચીકણા પ્રવાહીનો સામનો કરવો પડે છે. મોટા ભાગના રોગાણુ તે સ્ત્રાવમાં ફસાઈ જઈને આગળ વધી શકતા નથી. આમ છતાંય કોઈ શક્તિશાળી અને ધૂર્ત રોગાણુ આ સ્ત્રાવથી બચીને આગળ વધવામાં સફળ થઈ જાય છે તો શ્વાસનળીમાં નસકોરા કરતાં પણ વધુ કડક સુરક્ષા વ્યવસ્થા રહેલી છે. ત્યાં પણ રૂંવાટી અને શ્લેષ્મ ગ્રંથિઓ હોય છે જે રોગાણુને અટકાવી દે છે. આ રૂંવાટી રોગાણુને રસ્તામાં રોકી તો લે છે, બલ્કે તેને પાછા ધક્કો મારીને બહાર નીકળવા વિવશ કરે છે.

આમ છતાંય કોઈ વિજાતીય જીવાણુ જો આગળ વધવામાં સફળ થઈ જાય તો તેમના માટે અન્નનળી અને પાચનતંત્રમાં એવું મારક અમ્લીય પ્રવાહી હયાત હોય છે કે જે તેમના માટે વિષનું કામ કરે છે અને મોટાભાગના જીવાણુ આ અમ્લીય ઘાતક વિષથી મરી જાય છે. છતાંય જો કોઈ જીવાણુ બચી જાય છે તો તેમને ધકેલીને પાચનતંત્રના એવા ક્ષેત્રમાં ફેંકી દેવામાં આવે છે જ્યાં તરફડીને મરી જાય છે અને મળમૂત્રની સાથે પાછા બહાર ફેંકી દેવામાં આવે છે.

જે ભાગ પર ઘા લાગે છે ત્યાં સોજો એટલા માટે આવે છે કે ત્યાં ત્રણે પ્રકારના રક્ષક મોટી સંખ્યામાં આવીને જમા થયેલા હોય છે. લોહીના શ્વેતકણો તો સીધા આ રોગાણુઓને મારી નાખે છે, પરંતુ ન્યૂટ્રોફિલ જીવાણુઓ સાથે તો મરણાસન્ન સુધી સંગ્રામ કરે છે. કાં તો તેઓ તેમનો નાશ કરી દે છે અથવા લડતાં-લડતાં સ્વયં વીરની માફક મરી જાય છે. આ મરેલા રક્ષકો અને આક્રમક જીવાણુઓના શબ જ પરૂના રૂપમાં બહાર નીકળે છે.

કોઈવાર આ યુદ્ધમાં આક્રમણકારી જીવાણુ જીતી જાય છે અને અંદરના ક્ષેત્રમાં ઘુસી જાય છે, તે સ્થિતિમાં આ જીવાણુઓ રસવાહિનીઓ પર આક્રમણ કરે છે. રસવાહિનીઓના માર્ગ પર રસગ્રંથિઓમાં એવી વ્યવસ્થા હોય છે તે કોઈ યુદ્ધ કર્યા વિના તેમને કેદ કરી લે છે. આ ગ્રંથિઓમાં બાહ્ય વિજાતીય તત્ત્વો માટે મોટી-મોટી ગરણીઓ હોય છે. જીવાણુઓને આગળ પ્રવેશ કરવા માટે તેમાંથી પસાર થવું પડે છે અને આ ગરણીઓ એટલી સંવેદનશીલ હોય છે કે કોઈ પણ બાહ્ય તત્ત્વ કે વિજાતીય કણો આવતાંવેંત જ કેદ કરી લે છે. એ કેદીઓને નિશ્ચિત નિર્ધારિત સ્થાન પર લઈ જાય છે અને જ્યારે તેમને કારાવાસ અપાય છે તો પ્રાયઃ સોજાની ફરિયાદ રહે છે, જે સામાન્ય ઉપચારથી મટી જાય છે.

રક્ષણની આ વ્યવસ્થાઓ જ સામાન્યરીતે વિજાતીય દ્રવ્યો અને રોગોના કારણોની સામે ટક્કર લેવા પર્યાપ્ત છે. પરંતુ પ્રકૃતિ એટલી હોશિયાર છે કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેણે એક વધારાની વ્યવસ્થા અલગથી કરી રાખી છે, જે આ વ્યવસ્થાઓ અસફળ થઈ જવાથી કામ લાગે છે. આ વ્યવસ્થા શરીરમાં વહેતા લોહીના કણેકણમાં રહેલી છે.

કોઈકોઈ વખત કોઈ વિશેષ જીવાણુ કે તેમનું ઝેરયુક્ત તત્ત્વ લોહી પર પ્રથમ વખત આક્રમણ કરે છે તો તેનો પ્રતિપિંડ તુરંત બની શકતો નથી. તેવી સ્થિતિમાં રોગ ઉત્પન્ન થઈ જાય છે, પરંતુ રોગની અવસ્થામાં પણ જ્યારે પ્રતિપિંડ બનવા લાગે છે તો તે એટલી તીવ્રતાથી બને છે રોગનો નાશ કરીને જ રહે છે. જો રોગ મટી જાય છે તો એ વાતનો પ્રતીક છે કે લોહીમાં તે વિજાતીય દ્રવ્યનો પ્રતિપિંડ બનવાની ક્ષમતા આવી ગઈ છે અને ફરીથી રોગ લાગુ થવાથી પ્રતિપિંડ બનવામાં કોઈ વિલંબ થતો નથી.

આ રીતે પ્રકૃતિ રોગોથી બચવાની, તેની સામે લડવાની અને રોગના કારણોનો નાશ કરવાની ક્ષમતા કે વ્યવસ્થા સ્વયં જ ઉત્પન્ન કરી લે છે. આ ઉપરાંત પણ લોકો બીમાર પડે છે તો કારણ સમજાતું નથી કે આટલી સુદૃઢ સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં પણ લોકો કેમ બીમાર પડે છે ? સ્વસ્થ રહેવા માટે વાસ્તવમાં વિશેષ કોઈ ઉપાય કરવો જરૂરી નથી. જરૂરિયાત એટલી છે કે તેના કારણો દૂર થઈ જાય જે શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા કે તેની સુરક્ષા વ્યવસ્થાને દુર્બળ બનાવે છે.

તેના કારણો છે ખાવાપીવાની અને રહેણીકરણીની ખોટી ટેવો. ડૉ. કાર્ટલેનનું કથન છે કે મનુષ્ય કોઈ બહારના કારણોથી નહીં બલ્કે ખોટા ખાનપાન અને રહેણીકરણીના કારણે જ બીમાર પડે છે. આપણે જાણીએ છીએ કે શરીર સર્વ પ્રકારના ભૌતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષનું સાધક છે. તે સ્વસ્થ રહે તો જ દરેક પ્રકારથી આનંદિત રહી શકાય છે. તેથી ખાનપાન અને રહેણી-કરણીની ખોટી ટેવો પાડવી અણસમજયુક્ત આત્મઘાતી પ્રક્રિયા જ સિદ્ધ થાય છે.

શાસ્ત્રકારોએ શરીરને પરમાત્માનું મંદિર કહ્યું છે. એમાં ઈશ્વરનો અંશ આત્મા નિવાસ કરે છે. મંદિરને ગંદુ રાખવામાં આવે નહીં, ત્યાં ગંદકી ફેલાવવામાં આવે નહીં, ત્યાંની વ્યવસ્થામાં હરકત પેદા કરવામાં ન આવે, તો એવું કયું કારણ છે કે પરમાત્મા જીવતા જાગતાં રહે તો આ શરીર રૂપી પ્રત્યક્ષ મંદિરની વ્યવસ્થા તોડી-મરોડી જાય તથા ત્યાં અસ્તવ્યસ્તતા પેદા કરવામાં આવે.

આટલો ઉચ્ચ દૃષ્ટિકોણ ન અપનાવી શકાય તો ઓછામાં ઓછો એ વિચાર કરવો જોઈએ કે પ્રકૃતિ આપણી કેટલી ચિંતા કરે છે. તેણે સ્વસ્થ રહેવાની અને રોગોથી બચવા માટેની કેવી અજોડ વ્યવસ્થા કરી છે ? તે વ્યવસ્થાને તોડવી નાસમજદારી જ નહીં, પ્રકૃતિનો ગુનો પણ છે, જેની સજા રોગ, બીમારી અને અકાળ મૃત્યુના રૂપમાં હરકોઈએ ભોગવવી જ પડે છે.

એ દિવસોમાં સંત એકનાથ ગૃહસ્થી હતા.પરંપરા અનુસાર તે પૂર્વજોનું શ્રાદ્ધ કરવું જરૂરી હતું. પિતૃપક્ષમાં તેમણે જ તે વ્યવસ્થા કરવાની હતી. કુટુંબનું દબાણ પણ હતું. બ્રાહ્મણો ગરીબના ઘેર સામાન્ય ભોજન કરવા માટે જવાની આનાકાની કરતા હતા. તેમને દક્ષિણા મળવાની આશા ન હતી. એકનાથે વિનવણી કરવા છતાં પણ બ્રાહ્મણો તૈયાર ન થયા ત્યારે તેમણે અછૂત બાળકોને બોલાવીને બ્રહ્મભોજ કરાવી દીધું. આ વાતની બધી જગ્યાએ ચર્ચા થવા લાગી. પૂર્વજોએ સ્વપ્ન આપ્યું. "અમોને અછૂત બાળકો દ્વારા ભોજન મળવાથી ખૂબ જ સંતુષ્ટ છીએ." વિરોધીઓનું સમાધાન થઈ ગયું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાચું સૌંદર્ય આંતરિક સદ્‌ગુણોનું છે

તે અણીદાર આંખોવાળી અને સોનેરી રંગનું શરીર ધરાવતી યુવતી પર યુવાનીના પ્રભાતનો ઉલ્લાસ દેખાતો હતો. જેને ચાલતી જોઈને જણાતું હતું કે સંધ્યા રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીને પોતાના પ્રકાશિત પગલાં ધરતી પર ભરી રહી છે. તેનાં ફરકતાં નેત્રો રૂપના તોરણની સૃષ્ટિ સર્જતાં હતાં. તે રાજકુમારી હતી અને અપાર રૂપસંપત્તિની સ્વામિની છે. પરંતુ તેનું રૂપ ગર્વ અને અહંકારની સ્વાભાવિક આભા દર્શાવતું અને તેના હાવભાવ અને વ્યવહારમાં તેનું અભિમાન જાહેર થતું જણાતું.

તે.સમયમાં રાજાઓની સત્તા અમર્યાદિત હતી. સમગ્ર શકિત અને સત્તા તેમની આસપાસ ફરતી હતી. તેમના મનની મરજી કાયદો જ નહીં ઈશ્વરની ઈચ્છા પણ સમજવામાં આવતી. ભોળી બિચારી પ્રજા તેમના દરેક આદેશને શિરોમાન્ય રાખતી હતી. આદેશ સાચો હોય કે ખોટો, તેની કોઈ ક્યાંય ફરિયાદ કરી શકતું નહીં. આવી અમર્યાદિત સત્તા ભોગવનારી રાજકુમારી પોતાની સામે કોઈની ગણના ન કરતી.

પરંતુ આટલી વાત પૂરતી ન હતી. તેને દુઃખી અને ગરીબ લોકોની મજાક ઉડાડવામાં એક અપૂર્વ સુખ મળતું હતું. કોઈની પણ મજાક કરવી અને તેને વ્યંગબાણોથી ઘાયલ કરવો તેનું પ્રિય વ્યસન હતું.

રાજમહેલ નદીના કિનારા પર હતો. રાજકુમારીના ઓરડાની હવાબારી નદી તરફ ખુલતી હતી. તે બારી પાસે બેસીને પોતાની સખીઓની સાથે આવતાં-જતાં લોકો પર વ્યંગપ્રહાર કરતી રહેતી, વ્યંગપ્રહારોથી મુરઝાયેલા અને શરમાતા લોકોના ચહેરાઓ જોઈને તેનો ગર્વ વિશેષ વધી જતો. રાજમહેલ પાસેથી પસાર થવું પડે એ લોકોની મજબૂરી હતી, કારણ કે નદી પર જવાનો આ એક જ રસ્તો હતો. બિચારી પ્રજા ચૂપચાપ સાંભળતી રહે અને ઘાયલ થઈને પસાર થઈ જતી. રાજસત્તાની સામે પ્રજા કરી પણ શું શકતી હતી ?

એક દિવસે રાજકુમારી સખીઓની જોડે નદી પર સ્નાન કરવા ગઈ. ત્યાંથી પાછા વળતી વેળાએ તેણે આવતાં-જતાં અનેક લોકો પર જાતજાતના વ્યંગબાણો છોડવાં શરૂ કર્યાં. તે કહેતી જુઓને તે માણસના કાન કેવા હાથી જેવા છે અને નાક તો સુવરની જેમ ચોંટાડયું ન હોય, તેનાં દાંત તો જુઓ, જાણે કે વરૂના હોય. ચાંપલી સખીઓ તેની હા માં હા મેળવીને હસી પડતી. તેમના હસવાના અવાજથી ન જાણે કેટલાયે હૃદયો પીડાથી ભીંજાઈ જતાં.

નદીના કિનારે ઊભા રહેલા એક વૃદ્ધ સંન્યાસી તેમનો આ વ્યવહાર બારીકાઈથી જોઈ રહ્યા હતા તેનાથી તે બધાં અજાણ હતા. સંન્યાસીની પારદર્શક દૃષ્ટિ રૂપવાન શરીરમાં છુપાયેલ કુરૂપ વ્યક્તિત્વને ઓળખી રહી હતી. તેમને આવા મેળ વિનાના સંયોગ પર આશ્ચર્યયુક્ત દુઃખ થયું. તેઓ વિચારવા લાગ્યા હે ઈશ્વર ! આ રાજકુમારીનું શરીર કેટલું સુંદર છે તેટલું મન પણ સુંદર હોત તો ? કંઈક વિચાર્યા પછી તેમણે રાજકુમારીને સાચી સલાહ આપવાના ઉદ્દેશથી કહ્યું, "બેટી ! તું આ દેશની રાજકુમારી છે. ભગવાને તને સુખી અને સમૃદ્ધ જીવન એટલા માટે આપ્યું છે કે તું બીજા લોકો પર કૃપા કરી શકે. આ લોકો તો તારી પ્રજા છે, તારે તેમને સહાય કરવી જોઈએ. તારે તેમનું દુઃખદર્દ દૂર કરવું જોઈએ. પરંતુ એવું કરવું તો દૂર રહ્યું, ઊલટામાં તું એમની મજાક કરી રહી છો. એમને તારા કડવા વચનો દ્વારા ઘાયલ કરી રહી છો. એમને પીડિત કરી રહી છો. ભલા, એવું કરવું તેમાં શું તારી શોભા છે ?"

સંન્યાસીની વાત સાંભળીને રાજકુમારીનો ગર્વ વધી ગયો. તેણે સંન્યાસીની તરફ ગુસ્સા ભરી દૃષ્ટિથી જોઈને કહ્યું, "વૃદ્ધ ! તને ખબર છે કે તું કોની સાથે વાત કરે છે ? હું અહીંની રાજકુમારી છું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હું શું ખોટું કહી રહી છું ? કુરૂપને કુરૂપ ન કહેવામાં આવે તો બીજું શું કહેવાય ? ખબરદાર, આજ પછી કશું રોકટોક કરી તો. સંન્યાસીને ધમકાવીને રાજકુમારી આગળ વધી ગઈ.

થોડાક દિવસો પછી અગાઉનો ઘટનાક્રમ શરૂ થઈ ગયો. રાજકુમારી પોતાની સખીઓ સાથે નદી પર સ્નાન કરવા ગઈ. જ્યારે સ્નાન કરીને નીકળી ત્યારે તેણે જોયું કે એક બ્રાહ્મણ નદીના કિનારા પર બેસીને જપ-ધ્યાન કરી રહ્યો હતો. તેનું નાક થોડું મોટું હતું અને ચહેરા પર દાઢી પણ હતી. રાજકુમારીનો તો સ્વભાવ હતો વ્યંગ કરીને બીજાને દુઃખ પહોંચાડવું. તેનો દોષદર્શી સ્વભાવ તો બીજાની મજાક ઉડાવવા માટે તક શોધવાનો હતો. બ્રાહ્મણને જોઈને તેને ફરીથી કટુ વચનોથી દુઃખી કરવાની તક મળી ગઈ.

તે બ્રાહ્મણને જોઈને તેણે પોતાની સખીને કહ્યું, અરે ચિત્રા જોતો ખરી, આ રીંછ કેવો ભગત બનીને બેઠો છે. આટલા લાંબા નાક અને ચહેરા પરના વાળ પૂરા રીંછ જેવા દેખાય છે. દુનિયામાં આવા કેટલા બેડોળ લોકો છે ? બિચારા બ્રાહ્મણના કાનમાં પણ આ શબ્દો પડ્યા, પરંતું તે કરી પણ શું શકતો હતો. ચૂપચાપ અપમાનનો ઘૂંટડો પીને બેસી રહ્યો. હા, તેનું દુઃખ આંખોમાં જરૂર છલકાઈ આવ્યું.

સંજોગવસાત્ તે દિવસે પણ તે જ સંન્યાસી થોડે દૂર ઊભા રહીને સારી ઘટના જોઈ રહ્યા હતા. તેમણે બ્રાહ્મણના ચહેરા પર પ્રગટેલી પીડાની રેખાઓ સ્પષ્ટપણે જોઈ લીધી, તેની સાથે જ તેમણે રાજકુમારીના ચહેરા પર છવાયેલા ગર્વ વાંચી લીધો. એ ઉદ્ધત અભિમાનને તેઓ સહન ન કરી શક્યા. તેમને અચાનક શાસ્ત્રનું તે વાક્ય યાદ આવ્યું કે જ્યારે રાજસત્તા નિરંકુશ બની જાય ત્યારે યોગીએ પોતાના યોગબળ અને તપ શક્તિનો પ્રયોગ કરવો જોઈએ.

તેમણે ફરીથી તે રાજકુમારીને સમજાવવાનો પ્રયાસ કર્યો. સૌંદર્ય શરીર સૌષ્ઠવનો પર્યાય નથી, એનું માપન અને મૂલ્યાંકન તો આંતરિક સદ્‌ગુણોના આધાર પર જ થઈ શકે છે. આ રીતે અસહાય લોકોની મજાક ઉડાવવી તે સારું નથી. કદીક પોતાની કુરૂપતાની તરફ પણ જુઓ તો આત્મ સૌંદર્યને જાગ્રત કરવાની તક મળશે.

સંન્યાસીની શિખામણની ઉદ્ધત રાજકુમારી પર કોઈ અસર ન થઈ. ઊલટામાં તેણે નદી કિનારા પરની એક મુઠ્ઠી ધૂળ ઉપાડીને સંન્યાસીના ચહેરા પર નાખી. તેના આ વ્યવહારથી સંન્યાસીના ગુસ્સાનો પાર ન રહ્યો. તેઓ ક્રોધિત થઈને બોલ્યા, "ઘમંડી છોકરી ! બ્રાહ્મણના ચહેરાની તુલના તેં જે જાનવરની સાથે કરી છે તેના જેવો તારો ચહેરો બની જશે.

તે દિવસે સાંજે જ્યારે તે રાજ્યના બગીચામાં ફરી રહી હતી ત્યારે તેની દૃષ્ટિ સુંદર પુષ્પો પર પડી. તેણે હાથ લંબાવીને પુષ્પોને તોડી લીધા અને મધુર અને માદક સુગંધનો આનંદ માણવા લાગી. પરંતુ ત્યારે એક આશ્ચર્ય થયું. જેમજેમ તે રાજકુમારી પુષ્પોને સૂંઘતી, તેમતેમ તેનું નાક મોટું થતું ગયું. જોતજોતામાં નાક એટલું મોટું થઈ ગયું કે તેને સંભાળવું મુશ્કેલ બની ગયું. એટલું જ નહીં ચહેરા પર ગાઢ વાળ પણ ઉગી આવ્યા. હવે તે દેખાવમાં રીંછના જેવી બદસૂરત દેખાવા લાગી.

પાસે ઊભેલી દાસીએ જ્યારે આ જોયું ત્યારે તેણે આ ઘટનાની સૂચના મહેલમાં રાજાને આપી દીધી. રાજા અને રાણી ગભરાઈને રાજ્યના બગીચાની તરફ દોડ્યા. મહારાણી તો પોતાની પુત્રીનો ચહેરો જોઈને રોઈ પડી. તુરત જ રાજવૈદ્યને બોલાવવામાં આવ્યા. તાત્કાલિક ઉપચાર શરૂ કર્યા, પરંતુ કોઈ ફાયદો ન થયો. થાકીહારીને રાજવૈદ્યે કહી દીધું, "રાજન ! આ કોઈ શારીરિક રોગ નથી દૈવકોપ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. એને દવાથી ઠીક કરી શકાશે નહીં."

દિવસો પસાર થતા ગયા, પરંતુ સ્થિતિ પર કોઈ પ્રભાવ પડ્યો નહીં. આની વચ્ચે રાજકુમારીએ પોતાના માતાપિતાને સંન્યાસીનો શાપ કહી સંભળાવ્યો હતો. પોતાને સૌંદર્યની દેવી સમજનારી રાજકુમારી આ દિવસોમાં કોઈને પોતાનું મોં બતાવી શકતી ન હતી. એટલું જ નહીં તે સ્વયં પણ આયનામાં પોતાનો ચહેરો જોઈ ન શકતી હતી. આજે તેને ખાતરી થઈ રહી હતી કે અસંખ્ય લોકો પર તેના કટુ વચનોની શી અસર થઈ હશે. તેની વાતોથી કેટલાના મન ઘવાયા હશે. આ બાજુ રાજા તે સંન્યાસીને શોધવાનો પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યા હતા. એક દિવસે રાજ્યના કર્મચારીઓએ પાસેના જંગલમાં એક તેજસ્વી સંન્યાસી હોવાની સૂચના આપી. રાજા પોતાની સાથે પાલખીમાં રાજકુમારીને લઈને સંન્યાસીની પાસે હાજર થયા. સંન્યાસીએ ઘણા આત્મીય ભાવથી પૂછ્યું, "રાજન ! આપ ચિંતિત જણાઓ છો, તેનું કારણ ?"

રાજાએ વિનવણી કરતાં પોતાની ચિંતાનું કારણ બતાવતાં કહ્યું, "પરંતુ મહારાજ, આપના રહસ્યમયી હાસ્યથી તો જણાય છે કે આપ મારી પરેશાનીનું કારણ પહેલેથી જ જાણો છો."

સંન્યાસી બોલ્યા "ઠીક કહો છો રાજન ! ચિંતાને માત્ર જાણતો નથી, બલ્કે ચિંતાના નિવારણનો ઉપાય પણ જાણું છું.

સંન્યાસીનું વાક્ય સાંભળીને જાણે કે રાજાને પોતાના ખોવાયેલા પ્રાણ પાછા મળ્યા. તેણે તેમના પગ પર પોતાનું માથું નમાવતાં કહ્યું, "મહારાજ, જલદીથી બતાવો, અમે ઘણા દુઃખી છીએ."

"પરંતુ આપ કરતાં પણ વધુ દુઃખી લોકો આપના રાજ્યમાં છે. તે પણ એક બે નહીં, સેંકડો-હજારોની સંખ્યામાં છે. પરંતુ આપની ઘમંડી છોકરી તેમની સેવા-સહાયતા કરવાનું તો દૂર સમજીને ઊલટી મજાક ઉડાવતી રહી."

"હું મારા કરેલા કર્મો પર શરમિંદી છું." રાજકુમારીના અવાજમાં પ્રાયશ્ચિતનો ભાવ હતો.

"તો પછી સાંભળો", સંન્યાસીએ ગંભીરતાપૂર્વક કહેવાનું શરૂ કર્યું, "હું એક દવા આપું છું. પંદર દિવસ સુધી રાજકુમારી તેનો લેપ પોતાના ચહેરા પર લગાવે. પરંતુ એક શરત છે."

"શી શરત છે ?" રાજકુમારીએ આતુરતાપૂર્વક કહ્યું, "આપ બતાવો, પૂરી કરીશ."

"ઔષધિનો લેપ જે જળથી તૈયાર થશે તે નદી કિનારે બેઠેલા આંધળા, લૂલા, અપંગ લોકોના પગને ધોયેલું હોવું જોઈએ અને તેમના પગ રાજકુમારી સ્વયં ધોશે. એનાથી તેને એ વાતનો અનુભવ થઈ શકશે કે પૃથ્વી પરનું દરેક પ્રાણી કોઈને કોઈ રૂપમાં ઈશ્વરીય સૌંદર્યને વ્યક્ત કરે છે."

બીજા દિવસથી જ રાજકુમારી સંન્યાસીએ બતાવેલી રીત મુજબ દવાનો ઉપચાર કરવામાં લાગી ગઈ. પંદર દિવસ પૂરા થતાંવેંત તેનું શરીર અગાઉના જેવું થઈ ગયું. હા, આ વેળાએ તેને એ વાત સમજાઈ ગઈ હતી કે કુરૂપતા બાહ્ય નહીં આંતરિક હોય છે અને સાચું સૌંદર્ય શારીરિક સૌષ્ઠવ નથી, આંતરિક સદ્‌ગુણ સંપત્તિ છે.

❖❖❖

યરવડાની જેલમાં ગાંધીજીની સાથે સરદાર પટેલ પણ હતા. પટેલ લીમડાના દાતણ લાવતાં. ગાંધીજીએ કહ્યું, "દરરોજ લાવવાની જરૂરિયાત નથી. વપરાયેલો ભાગ કાપતાં રહેવાથી એક જ દાતણ કેટલાય દિવસ સુધી ચાલશે." પટેલે કહ્યું, "અહીં લીમડા પર ઘણી જ ડાળીઓ છે." ગાંધીજીએ કહ્યું, "પરંતુ આપણે તેનો કે કોઈ વસ્તુનો દુરુપયોગ તો કરી શકીએ નહીં."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મંત્ર આરાધના અને શબ્દશક્તિનું વિસ્ફોટન

યોગીરાજ મહર્ષિ અરવિંદે કહ્યું છે કે મનુષ્યે ગ્રહનક્ષત્રોની સંરચનાથી લઈને વિજ્ઞાન વિષયક અનેક પ્રકારના રહસ્યો શોધીને ઘણી મોટી સિદ્ધિ મેળવી છે. પરંતુ જો આપણી પાસે મનુષ્યના આત્માને સમજી શકનાર યંત્ર હોત તો ખબર પડત કે તે મહાન તત્ત્વની સામે ભૌતિકવિજ્ઞાનની બધી જ સિદ્ધિઓ નહીવત્ છે.

મનુષ્યની પ્રત્યક્ષ અને પરોક્ષ શક્તિઓમાં એક ખૂબ મહત્ત્વપૂર્ણ શક્તિ છે તેની વાણી. તે વાણીની સહાયથી જ્ઞાનપ્રાપ્તિ કરે છે, એકની જાણકારી બીજાને મળે છે અને વિવિધ સાંસારિક કામકાજ ચાલે છે. વાણી સિવાયના માનવસમાજની કેવી ગઈગુજરી સ્થિતિ હોત એની કલ્પના માત્રથી રૂંવાડા ઊભા થઈ જાય છે. વાણીનું ભૌતિક મહત્ત્વ અસંદિગ્ધ છે. વાણી દ્વારા સામો માણસ મિત્ર બનાવાથી જે ઉલ્લાસ પ્રગટે છે, તે જ વાણી દ્વારા સમો માણસ શત્રુ બને છે ત્યારે રોષ ઉત્પન્ન થાય છે. વાણી જ સંસારમાં મિત્ર કે દુશ્મન જન્માવે છે.

વાણીનો આધ્યાત્મિક આધાર એથી ય વધુ મહત્ત્વપૂર્ણ છે. મંત્ર આરાધના આ જ પ્રકારની રહસ્યમયી પ્રક્રિયા છે, જેના આધાર પર મનુષ્યની સર્વતોમુખી પ્રગતિ થાય છે અને બીજાઓની સહાયતાની પૃષ્ઠભૂમિ બને છે. મંત્રશક્તિના લાભ અને અસરથી આપણે બધા પરિચિત છીએ. જો આ સાધના યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી રહસ્યમયી શક્તિનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરી શકાય છે. એ શક્તિ મનુષ્યના ભૌતિક અને આત્મિક ક્ષેત્રોને આશ્ચર્યકારક સફળતાઓથી ભરી શકે છે. મંત્રશક્તિમાં ચમત્કારોનો મુખ્ય આધાર છે-શબ્દ. શબ્દ છે શક્તિનો વિસ્ફોટક, એની સાથે જ સાધકની શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્થિતિની પૃષ્ઠભૂમિ સંકળાયેલી છે. આ બધાના સમન્વયથી જ તે પ્રભાવ પેદા થાય છે જેને મંત્રશક્તિનો ચમત્કાર કહી શકાય છે.

શબ્દોચ્ચારણમાં જીભ, હોઠ, દાંત, તાળવું અને ગળું વગેરે મોંઢા સાથે સંબંધિત કેટલાય અંગોનું સંચાલન થાય છે ત્યારે કોઈ પૂર્ણ ધ્વનિ નીકળે છે. કેવળ જીભનો જ આધાર હોય તો મનુષ્ય પણ પશુપક્ષીઓની માફક થોડી સરખી જ ધ્વનિઓનું ઉચ્ચારણ કરી શકે. શબ્દ વિદ્યાના ગૂઢ રહસ્યોને ધ્યાનમાં લઈને મંત્રોની રચના કરવામાં આવી છે. તેમના શબ્દોચ્ચારણથી મોંની જ ગતિ નથી થતી, બલ્કે તેમનું હલનચલન સૂક્ષ્મ શરીરના રહસ્યમય કેન્દ્રોને પણ પ્રભાવિત કરે છે. ષટચક્રો, દસપ્રાણ, ચૌપન ઉપત્યિકાઓ વગેરેને સૂક્ષ્મ શરીરના અતિ મહત્ત્વપૂર્ણ કેન્દ્રો કહેવા જોઈએ. તેમને સક્રિય અને જાગૃત બનાવવામાં મંત્રના અક્ષરોનો પ્રવાહ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ટાઈપરાઈટરની ચાવીઓ પર આંગળી દબાવતાં વેંત જ દૂર રાખેલા કાગળ પર સળિયો પડે છે અને અક્ષરો છપાવવા લાગે છે. હારમોનિયમની ચાવીઓ પર આંગળી રાખવાથી જ રીડ ખૂલે છે અને સ્વર પેદા થાય છે. બરાબર આવી જ પ્રક્રિયા મંત્રોચ્ચારમાં થાય છે. મોંઢામાં પેદા થતું હલનચલન સૂક્ષ્મ શરીરના વિવિધ શક્તિકેન્દ્રો પર અથડાઈને તેમાં વિશિષ્ટ હલચલ જન્માવે છે અને તેને અનુરૂપ સાધકની આંતરિક સત્તામાં જાગરણ અને વિસ્ફોટનો દોર પેદા થાય છે. એનાથી સાધકની દિવ્ય શક્તિઓ જાગૃત થાય છે અને સર્વસાધારણમાં ન જોવા મળતી વિભૂતિઓ સાધકમાં ભરાઈ જાય છે.

સામાન્ય રીતે કાન, શબ્દોને ઝીલીને કેટલીયે જાણકારીઓ મગજ સુધી પહોંચાડે છે. પરંતુ વાત એથીયે વિશેષ છે. શબ્દશક્તિ પર જેટલું ઊંડું ચિંતન કરવામાં આવે તેટલી જ તેની ગરિમા અને વિલક્ષણતા સ્પષ્ટ થતી જાય છે. વાદળોની ગર્જનાથી ઊંચી ઈમારતો પડી જાય છે. આજે યંત્રો દ્વારા જે ઘોંઘાટ જન્મે છે તેના દુષ્પરિણામોથી મનવ જાતિને ન પૂરાય તેવી ખોટ વેઠવી પડે છે. આ હકીકતથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમગ્ર દુનિયા ચિંતિત છે. અવકાશયાનો અને જેટ વિમાનો આકાશમાં જે અવાજ પ્રદુષણ પેદા કરે છે તેનાથી બચવા માટે તેમને ઘોંઘાટરહિત બનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. યંત્રો પણ આવી કર્ણાતીત ધ્વનિઓ પેદા કરે છે, જે આશ્ચર્યકારક અને પારાવાર નુકસાન જન્માવે છે.

સંગીત આજકાલ માત્ર મનોરંજન માટે વપરાતું નથી, બલ્કે તેનો એક મહત્ત્વપૂર્ણ શક્તિ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. સંગીતનો અમુક અવાજ અને ધુન માનસિક અને શારીરિક રોગોના નિવારણમાં ચમત્કારિક લાભ જન્માવે છે. દુનિયાની સુવિકસિત હોસ્પિટલોમાં સંગીતના ધ્વનિ અને ધુનોનો લાભ રોગીઓને આપવામાં આવે છે. પશુઓના દૂધનું ઉત્પાદન વધારવામાં અને છોડવાઓની વૃદ્ધિમાં સંગીતનો પ્રયોગ ઉત્સાહવર્ધક રહ્યો છે. જાપાનમાં બાળકોમાં સહૃદયતા અને શિસ્તબદ્ધતા વધારવા માટે શરૂઆતથી જ શાળાઓમાં સંગીતની તાલીમ આપવામાં આવે છે. રણશિંગા વગાડવાનો અને સામૂહિક લોકનૃત્યોનો કેવો ઉત્સાહપ્રેરક પ્રભાવ જન્મે છે એ સૌ કોઈ જાણે છે. સંગીત વાસ્તવમાં ધ્વનિ પ્રવાહનો એક વિશેષ ક્રમ માત્ર છે. મંત્ર પણ આ જ આધાર પર રચાયેલ એક શબ્દપ્રવાહ છે. તેમાં અક્ષરોની પસંદગી તથા ઉચ્ચારણની લયબદ્ધતા બંને ભેગા થઈને એક પ્રકારથી વિશિષ્ટ સંગીતનો જન્મ જ થાય છે અને તેના દ્વારા સાધકને વિશેષ શક્તિસંપન્ન બનવાની તક મળે છે. એનું આત્મબળ પ્રખર બને છે અને અપેક્ષિત ઉદ્દેશની સિદ્ધિનો માર્ગ મોકળો બને છે.

મંત્રની વિશેષતા શબ્દોની એક વિશેષ ક્રમમાં પસંદગી અને ગૂંથણીમાં છે. તે ધ્વનિવિજ્ઞાનના એક વિશેષ નિયમ ક્રમને અનુરૂપ ઘડાયેલાં હોય છે, જેનું એક જ પ્રવાહથી લાંબા સમય સુધી ઉચ્ચારણ કરવાથી એક વિશેષ સ્તરની શક્તિ પેદા થાય છે. શબ્દોના એક જ ક્રમ પ્રવાહને સતત ચાલુ રાખવો પોતે પોતાની રીતનો એક અદભુત પ્રયોગ છે. હાથને એક જ ગતિથી ઘસવાથી વાતવાતમાં જ ગરમ થઈ જાય છે. કોઈ એક જ પ્રકારના શબ્દોને એક જ ક્રમમાં અને એક જ ગતિ તેમજ સ્વરથી ઉચ્ચારિત કરવામાં આવે તો તેની પ્રતિક્રિયા રૂપે તે માણસના શરીર અને મન ઉપરાંત નજીકનું વાતાવરણ પણ ઉત્તેજિત થઈ જશે. માણસમાં મંત્રની પ્રતિક્રિયાની સમુચિત માત્ર પેદા થવી ભાવસંવેદના કહેવાય છે. એની અનુભૂતિ શરીર કે મનમાં કોઈ વિશેષ સ્ફૂર્તિ, ઉત્સાહ અને વિશ્વાસના રૂપમાં થાય છે. કોઈકોઈને તો મંત્રદેવતાનો સાક્ષાત્કાર થાય છે અને સફળતાના આશીર્વાદ સંભળાય છે. આ બધું સ્થૂળ કાન અને આંખથી અનુભવાય નહીં, પરંતુ તે સંપૂર્ણતયા સૂક્ષ્મ હોય છે. તેની અનુભૂતિ સૂક્ષ્મ ઈન્દ્રિયો જ કરે છે, છતાં પણ કેટલીક વખત તેનામાં એટલી પ્રખરતા હોય છે કે તે ક્ષણે સ્થૂળ જેવા જ દર્શન કે શ્રવણનો આભાસ થાય છે. દરેક મંત્રની સિદ્ધિથી પ્રત્યેકને શ્રવણ કે દર્શનનો લાભ મળે એ જરૂરી નથી, પરંતુ તેનાથી વિશ્વાસ અને નિષ્ઠામાં પરિપક્વતા, ઉત્સાહ અને મનોબળનો અનુભવ ચોક્કસ થાય છે. સાધકના ચહેરા પર સફળતા દર્શાવતી પ્રસન્નતા જણાય છે અને આંખોમાં વિજયની સિદ્ધિની સ્પષ્ટ ચમક જોઈ શકાય છે. આ સફળતા સૂચક અનુભૂતિઓને વિસ્ફોટન કહેવાય છે.

મંત્રની ભાવભૂમિકા ચુંબકત્વ પેદા કરે છે અને વિસ્ફોટન તેને અસંખ્ય ઘણું વિશાળ અને સશક્ત બનાવે છે. અણુનું શરૂઆતનું વિસ્ફોટન સામાન્ય હોય છે. તેની ચારેતરફ ઘેરાયેલું વાતાવરણ જ ગુણનશક્તિ ઉત્પન્ન કરીને તેને ખૂબ જ ભયંકર બનાવે છે. આ જ પ્રક્રિયા મંત્રની પણ હોય છે. મંત્રમાં સમાયેલી ભાવના, કર્મકાંડની સાથે જોડાયેલ શ્રદ્ધા, તપ સાધનાથી ઉત્પન્ન શબ્દશક્તિનો પ્રચંડ પ્રવાહ જેવી અનેક રહસ્યમયી મંત્ર આરાધનાની વિશેષતાઓ મંત્રને જાગૃત કરે છે અને નિષ્ઠાવાન સાધકોને સિદ્ધમાંત્રિકના સ્તર પર પહોંચાડી દે છે.

અહીં એક વાત બીજી ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે મંત્ર આરાધનામાં વપરાતા દરેક સાધન, પદાર્થ અને અવયવમાં દિવ્ય સત્તાનું આવાહન કરવું પડે છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને તેને સામાન્ય ન સમજીને દેવશસ્ત્રના રૂપમાં, પ્રતિષ્ઠાપિત કરવાં પડે છે. સ્નાનના જળમાં તીર્થોનું, આત્માનું અવતરણ કરાવનાર મંત્રોનું ઉચ્ચારણ જળમાં વરુણ દેવ સાથે અન્ય દેવોનું આવાહન છે. આ રીતે શ્રદ્ધાયુક્ત જળથી સ્નાન કરવાથી સાધકની નિષ્ઠામાં વધારો થાય છે. આસન, માળા, પંચપાત્ર, દીપક, ચદન, પુષ્પ વગેરે સાધનોના પ્રયોગમાં મંત્રોચ્ચારણ અને અમુક ક્રમ વિધાન અપનાવવાની જે પરંપરા છે તેને નિરર્થક સમજવી જોઈએ નહિ. યોગ્ય ક્રમ અપનાવવાથી સામાન્ય જણાતી વસ્તુઓ તે વિશેષ ચેતનસ્તરની બને છે જેની મંત્ર-પ્રયોગમાં જરૂરિયાત છે. ઈષ્ટદેવની પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠા અને ષોડસોપચાર પૂજન જેવી વ્યવસ્થાઓ તે દૃષ્ટિથી કરવામાં આવે છે કે તે પાર્થિવ પ્રતીકને સમર્થ સત્તાનો પ્રતિનિધિ બનાવીએ અને તે સત્તા પ્રચંડ પ્રેરણા પૂરી પાડવાનો ઉદ્દેશ પૂરો કરી શકે.

સાધકે પોતાના અંગ-ઉપાંગોમાં ન્યાસના મંત્રો દ્વારા વિવિધ દેવશક્તિઓની પ્રતિષ્ઠાપના કરવી પડે છે. પવિત્રીકરણ, આચમન, પ્રાણાયામ, ન્યાસનો ઉદ્દેશ, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરને પરિશુદ્ધ બનાવવાનો છે. સાધનાવિજ્ઞાનનો મત છે કે દેવ બનીને જ દેવની આરાધના કરવી જોઈએ. મંત્ર જપ શરૂ કરતાં પહેલા શરીર અને મનને શુદ્ધ કરવા માટે કેટલાક પ્રકારના કર્મકાડ અર્થાત્ વિધિવિધાન કરવામાં આવે છે. એમાંથી મોટાભાગના પોતાનામાં દેવભાવની સ્થાપના માટેના હોય છે. આ પ્રયોગ સાધનામાં જોડવાથી ઉપકરણોની સફળતામાં સહાયક બને છે.

મંત્રની સાથે ભાવનાઓ અને વિચારણાઓ જોડાયેલી હોય છે અને એક જ વિચારધારાને સતત મગજમાં સ્થાન આપતાં રહેવાથી તે ચિંતન વિચાર પ્રક્રિયા પર સવાર થઈ જાય છે અને એક ચિરંતન પ્રવાહનું રૂપ ધારણ કરે છે. આ માર્ગ મગજની તાલીમ અને પરિવર્તનની દૃષ્ટિથી ઘણો જ ઉપયોગી છે. એનાથી મનને કોઈ વિશેષ ભૂમિકામાં ફરતું રહેવા માટે તાલીમબદ્ધ કરી શકાય છે. વિકૃતિઓને સુધારી શકાય છે અને અભિરુચિ તથા સ્વભાવમાં પરિવર્તન લાવી શકાય છે. આ અર્થ ચિંતન દ્વારા થતો મંત્રાનુષ્ઠાનનો સામાન્ય લાભ ગણાય.

શબ્દશક્તિનું વિસ્ફોટન મંત્રશક્તિની રહસ્યમય પ્રક્રિયા છે. અણુ વિસ્ફોટન થવાથી પેદા થતી ભયાનક શક્તિની જાણકારી સૌ કોઈને છે. શબ્દની એક શક્તિ અર્થાત્ સત્તા છે. તેનું કંપન પણ ચિરંતન ઘટકોના સંમિશ્રણથી બને છે. આ શબ્દકંપન ઘટકોનો વિસ્ફોટ પણ અણુ વિખંડનની માફક જ થઈ શકે છે. મંત્ર યોગ સાધનાના ઉપચારોની પાછળ લગભગ તેવી જ વિધિ વ્યવસ્થા હોય છે. મંત્રોના શબ્દોની રચનાનું બંધારણ તત્ત્વજ્ઞાની મનીષી તથા દિવ્યદૃષ્ટા મનીષીઓએ એ રીતનું કર્યું છે કે તેમનો જપાત્મક, હોમાત્મક તથા બીજી તપ સાધનાઓ અને કર્મકાંડોના સહારે અપેક્ષિત વિસ્ફોટન કરી શકાય.

શબ્દ વિસ્ફોટનથી એવા ધ્વનિ તરંગો પેદા થાય છે જે કાનની શ્રવણશક્તિ મર્યાદા બહારના હોય છે. શબ્દ આકાશનો વિષય છે. આથી માંત્રિકનું કાર્યક્ષેત્ર આકાશતત્ત્વ રહે છે. યોગી વાયુઉપાસક છે. તેણે પ્રાણશક્તિનો સંગ્રહ વાયુના માધ્યમથી કરવો પડે છે. આ દૃષ્ટિએ માંત્રિકને યોગી કરતાં પણ શ્રેષ્ઠ કહી શકાય છે. સાચો માંત્રિક યોગી કરતાં ઓછો નથી, બલ્કે કંઈ વિશેષ શક્તિશાળી હોઈ શકે છે.

મંત્રારાધનામાં શબ્દશક્તિનું વિસ્ફોટન થાય છે અને તેમાં ગુણનશક્તિ છે. મંત્ર દ્વારા સર્વપ્રથમ દેવસ્થાપનની ઘનિષ્ઠ નિષ્ઠા ઉત્પન્ન કરવામાં આવે છે. આ ભાવ ચુંબકત્વ છે. શ્રદ્ધા શક્તિના ઉદ્ભવનું પ્રથમ ચરણ છે. આ શરૂઆતના ઉપાર્જનનું શક્તિ ગુણન કરતી જાય છે અને નાનું સરખું બીજ વિશાળ વૃક્ષ બની જાય છે. ઈષ્ટદેવની અર્થાત્ મંત્રસ્વામીની શક્તિ અને વિશેષતાઓનું સ્તવન તેમજ પૂજનની સાથે સ્મરણ કરવામાં આવે છે અને પોતાના વિશ્વાસમાં તે સર્વશક્તિમાન ઈષ્ટદેવની કૃપા પરનો વિશ્વાસ વધારવામાં આવે છે. સાધકના મનઃક્ષેત્રમાં દીર્ઘકાલીન સાધના દ્વારા મંત્રની ગૂઢ શક્તિ હાથ લાગ્યાનો ભરોસો વધે છે. નિર્ધારિત કર્મકાંડના વિધિવિધાનો તથા તપ સાધનાની કષ્ટ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધ્ય તિતિક્ષા દ્વારા મંત્રની ભાવ પ્રક્રિયાને ચુંબકત્વથી પરિપૂર્ણ કરી દેવામાં આવે છે.

મંત્રથી બે વર્તુળો રચાય છે, એકને ભાવવર્તુળ અને બીજાને ધ્વનિવર્તુળ કહી શકાય છે. મંત્રની લગાતાર જપ પ્રક્રિયા છેવટે એક વર્તુળમય ગતિ પેદા કરે છે. ગ્રહ-નક્ષત્રોનું પોતપોતાની કક્ષામાં ફરવું આ હકીકતનું સમર્થન કરાવે છે. કોઈ માણસ નાકની સીધી રેખામાં ચાલતો જ જાય તો છેવટે મૂળ પ્રસ્થાનના સ્થાને આવી જાય છે. આ પૃથ્વી ગોળ હોવાની સાબિતી આપે છે. પિંડ-બ્રહ્માંડોની ગતિ તથા આકાર ગોળ છે તેનું કારણ ગતિશીલતા છે. પહાડોમાંથી તૂટેલા પથ્થરોના ટૂકડા નદીપ્રવાહમાં વહેતાં જઈને ગોળાકાર બને છે અને છેવટે નાના રેતીના કણોનું રૂપ ધારણ કરે છે.

મંત્ર જપમાં નિર્ધારિત શબ્દોનું ચોક્કસ ક્રમમાં લાંબા સમય સુધી સતત ઉચ્ચારણ કરવું પડે છે. જપના ગતિપ્રવાહના બે આધાર છે, એક ભાવ અને બીજો શબ્દ છે. મંત્રમાં સમાયેલ ભાવનાનો ચોક્કસ નિર્ધારિત પ્રવાહ એક ભાવવર્તુળ બનાવી લે છે અને તે એટલો પ્રચંડ હોય છે કે સાધકના વ્યક્તિત્વને પકડીને જકડી લઈ લે છે અને પોતાના બિબામાં ઢાળી દે છે. ઉચ્ચારણથી પેદા થયેલ ધ્વનિવર્તુળ પણ એવું જ પ્રચંડ હોય છે કે તેનું વિસ્ફોટન એક ઘેરો નાખીને ઉચ્ચારણકર્તાને પોતાના ઘેરાવામાં કસી લે છે. ભાવવર્તુળ આંતરિક વૃત્તિઓ અને શબ્દવર્તુળ બહિરંગ પ્રવૃત્તિઓ પર એ રીતે છવાઈ જાય છે કે મનુષ્યની બંને પક્ષની ચેતનાને અપેક્ષિત સ્તરે વાળીને યોગ્ય ઘાટ આપે છે. મંત્રવિદ્યાનો વ્યક્તિત્વનું સ્તર બદલવામાં સફળતાપૂર્વક પ્રયોગ કરી શકાય છે. કેટલાય દોષદુર્ગુણો નિવારી શકાય છે. સદ્‌ગુણ, સત્કર્મ અને સદ્‌સ્વભાવને વિકાસવાનો લાભ મળી શકે છે. શારીરિક અને માનસિક બીમારીઓના નિવારણમાં મંત્રવિદ્યાનો અપાર ઉપયોગ થઈ શકે છે.

જ્ઞાનવર્તુળ અને શબ્દવર્તુળ બંનેની પોતપોતાના ઢંગની શક્તિઓ હોય છે. તે શક્તિઓ એવી પણ છે કે અન્ય બીજા માણસોને તથા પરિસ્થિતિઓના પ્રવાહની ફેરબદલી કરી શકે છે. વિષ્ણુ ભગવાનના હાથમાં રહેલું સુદર્શનચક્ર આત્મબળની પ્રચંડ ક્ષમતા પ્રત્યે ધ્યાન દોરે છે. મંત્રનો વર્તુળાકાર પરિઘ બીજાઓની મનઃસ્થિતિને બદલવામાં અને પરિસ્થિતિઓનું કારણ બનેલા વાતાવરણને બદલવામાં ચમત્કારી સફળતાઓ પેદા કરી શકે છે.

ચેતનાનો અનંત સાગર વૃત્તિઓ, આવૃત્તિઓ અને પુનરાવૃત્તિઓની લહેરોમાં ગતિમાન છે. એના જ ચક્રવ્યૂહમાં ઈચ્છા, ક્રિયા અને કર્મફળ બનીને આપણને ક્યાંથી ક્યાં લઈને ફરતી રહે છે. આ જ ચક્ર જાળને વીંધીને આપણે જીવન મુક્તિ મેળવીએ છીએ. આ જ ભાવયુક્ત સ્થિતિનું નામ આત્મસાક્ષાત્કાર, આત્માનુભૂતિ, આત્મજ્ઞાન છે. આ જ જીવનનું પરમ લક્ષ્ય છે.

**સંત વાયજીદ કોઈ જગ્યાએ નહાવા જઈ રહ્યા હતા. તેમણે કૂતરાને પાસે આવતો જોઈને પોતાનો લેંઘો ઘૂંટણોની ઉપર કરી લીધો જેથી તેનો સ્પર્શ થતાં અપવિત્ર ન બને. કૂતરાએ કહ્યું, "સંત મારો સ્પર્શ થવાથી તમે કપડાંને પાણીથી ધોઈ શકતા હતા, પરંતુ તમારા મનમાં જે નફરત જન્મી છે તે તો સાત નદીઓમાં નહાવા છતાં પણ ધોઈ શકાશે નહીં. વાયજીદ પસ્તાયા કે, "હું આ કૂતરાને પણ પ્રેમ ન કરી શક્યો તો અલ્લાહની કૃપા કેવી રીતે મેળવી શકીશ."**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એને આત્મવિશ્વાસ કહેવાય છે

પરીક્ષાનું પરીણામ જાહેર થયા પછી રાજેન્દ્ર નામનો એક વિદ્યાર્થી ઉપાચાર્યના ઓરડામાં ગયો અને પ્રણામ કર્યા પછી બોલ્યો, "શ્રીમાન, પરીક્ષાના પરીણામમાં મારું નામ તો છપાયું નથી."

"તો શું થયું ? તું પરીક્ષામાં નાપાસ હોઈશ" ઉપાચાર્યએ પોતાનું કામ કરતાં કહ્યું.

"આમ કેવી રીતે થઈ શકે ? આ તો અશક્ય છે. હું નાપાસ થઈ જ ના શકું."

"નકામો મારો સમય બગાડીશ નહીં. જો તું ખરેખર ઉત્તીર્ણ થયો હોત તો તારું નામ પરીક્ષાના પરીણામમાં ચોક્કસ પ્રકાશિત થયું હોત."

"પરંતુ મને તો મારા પાસ થવામાં કોઈ શંકા જ નથી."

ઉપાચાર્યએ ક્રોધિત નેત્રોથી તેને જોતાં કહ્યું, "બહુ થયું હવે જો એક શબ્દ પણ કહીશ તો દંડ થશે."

"કોઈ કારણ તો હોવું જોઈએ મને નાપાસ કરવાનું. હું તો ચોક્કસ જ ઉત્તીર્ણ થયો છું."

"તારી ઉપર પાંચ રૂપિયા દંડ લગાવવામાં આવે છે."

"શ્રીમાન મને આ દંડ સ્વીકાર્ય છે. આપ ઈચ્છો તેટલો દંડ લઈ લો, પરંતુ હુ એ દાવા સાથે કહી શકું છું કે હું ઉત્તીર્ણ જરૂર થયો છું. પરીક્ષાના પરીણામમાં ક્યાંક કોઈક ભૂલ થઈ છે."

તે વિદ્યાર્થી પોતાની વાતને વળગી રહ્યો અને ઉપાચાર્ય ક્રોધમાં તેનો દંડ ચઢાવતા રહ્યા જે પચાસ રૂપિયા સુધી પહોંચી ગયો.

તે સમયે સ્કૂલ કાર્યાલયના એક કલાર્કે ઓરડામાં પ્રવેશ કર્યો અને ખૂબ જ દુઃખી તથા ચીંતિત અવાજે કહ્યું, "શ્રીમાન ! મારાથી ખૂબ મોટી ભૂલ થઈ ગઈ છે. એક વિદ્યાર્થીનું નામ પરીક્ષાના પરીણામમાં પ્રકાશિત થવામાં રહી ગયું છે. એના સૌથી વધુ ગુણ હતા અને એટલે તેનું નામ અલગ કાગળ પર લખ્યું હતું.

ઉપાચાર્યએ આશ્ચર્યસહિત થઈને કલાર્કને પૂછ્યું, "શું નામ છે એનું ?"

"રાજેન્દ્રપ્રસાદ"

"જુઓ શ્રીમાન ! હું તો પહેલીથી જ કહેતો હતો." તે વિદ્યાર્થી બોલી ઊઠયો.

ઉપાચાર્યએ એક વખત ઊંડી દૃષ્ટિથી તે વિદ્યાર્થીને જોયો, પોતાની ખુરશી પરથી ઊઠયા અને તેને છાતીએ લગાવી લીધો. ગદ્દગદ્દ કંઠે તેઓ બોલ્યા, "બેટા રાજેન્દ્ર તું ધન્ય છે. તારો આત્મવિશ્વાસ ધન્ય છે. તું જીવનમાં સર્વોચ્ચ સફળતા પ્રાપ્ત કરીશ."

ભરપૂર આત્મવિશ્વાસ ધરાવનારો આ વિદ્યાર્થી રાજેન્દ્રપ્રસાદ જ આગળ જતાં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિના રૂપમાં પ્રતિષ્ઠિત થયો.

❖❖❖

નવસર્જનના પોકારને સાંભળવાનું, અપનાવવાનું અને તે દિશામાં કંઈ કરવાનું ખરેખર જ મન હોય, તો અંતરમાં વસેલા લોભ, મોહ, અહંકારના ચક્રવ્યૂહને ભેદવો પડશે. એના સિવાય ચાસણીમાં ફસાઈને અદૂરદર્શી માખીની માફક બેમોત મરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નારીની ગાયત્રી ઉપાસના

ભારતદેશમાં હંમેશાં સ્ત્રીઓનું યોગ્ય માન રહ્યું છે. તેમને પુરુષ કરતાં વધારે પવિત્ર માનવામાં આવે છે. સ્ત્રીઓને મોટેભાગે 'દેવી' સંબોધન વડે બોલાવવામાં આવે છે. નામની પાછળ તેની જન્મજાત ઉપાધિ 'દેવી' લગભગ જોડાયેલ રહે છે. શાંતિદેવી, ગંગાદેવી, દયાદેવી વગેરે દેવી જેવા નામ છોકરીઓના રાખવામાં આવે છે. જેવી રીતે પુરુષ બી.એ., શાસ્ત્રી, સાહિત્યરત્ન વગેરે ઉપાધિઓ ઉત્તીર્ણ કર્યા પછી પોતાના નામની પાછળ એ પદવીને લખે છે, કન્યાઓ પોતાના જન્મજાત ઈશ્વરને આપેલા દૈવી ગુણો, દૈવી વિચારો, દિવ્ય વિશેષતાઓના કારણે શોભાયમાન થાય છે.

દેવતાઓ અને મહાપુરુષોની સાથે તેમની અર્ધાંગિનીઓના નામ પણ જોડાયેલાં છે - સીતારામ, રાધેશ્યામ, ગૌરીશંકર, લક્ષ્મીનારાયણ. ઉમામહેશ, માયાબ્રહ્મ વગેરે નામોમાં નારીને પહેલું અને નરને બીજું સ્થાન છે. બધા વિચારશીલોએ પતિવ્રતા, દયા, કરુણા, સેવા, સહાનુભૂતિ, સ્નેહ, વાત્સલ્ય, ઉદારતા, ભક્તિભાવના વગેરે વગેરે ગુણોમાં પતિ કરતાં નારીને આગળ પડતી માનેલ છે.

આ કારણે ધાર્મિક, આધ્યાત્મિક અને ઈશ્વરપ્રાપ્તિ સંબંધી કાર્યોમાં નારીનું બધે જ સ્વાગત કરવામાં આવ્યું છે અને તેની મહાનતાને અનુકુળ પ્રતિષ્ઠા આપવામાં આવી છે. વેદો પર દૃષ્ટિપાત કરવાથી સ્પષ્ટ થાય છે કે વેદોના મંત્રદૃષ્ટા જેવી રીતે અનેક ઋષિ છે એવી રીતે અનેક ઋષિકાઓ પણ છે. ઈશ્વરીય જ્ઞાન-વેદ મહાન આત્માવાળા માણસો પર પ્રગટ થયા છે અને પછી તેમણે વેદમંત્રોને પ્રગટ કર્યા. આ રીતે જેમના પર વેદ પ્રગટ થયા તે મંત્રદૃષ્ટાઓને 'ઋષિ' કહેવાય છે. ઋષિ ફકત પુરુષ જ નથી થયા, પરંતુ અનેક નારીઓ પણ થઈ છે. ઈશ્વરે નારીઓના અંતઃકરણમાં પણ પુરુષોના અંતઃકરણની જેમ વેદજ્ઞાન પ્રકાશિત કર્યું કેમ કે પ્રભુ માટે બંનેય સંતાન સરખા છે. મહાન દયાળુ, ન્યાયકારી અને નિષ્પક્ષ પ્રભુ વળી પોતાના જ સંતાનમાં નરનારીઓનો પક્ષપાત કરીને અનુચિત ભેદભાવ કેવી રીતે કરી શકે છે?

આવાં અનેક પ્રમાણો મળે છે જેનાથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓ પણ પુરુષોની માફક યજ્ઞ કરતી અને કરાવતી હતી. તેઓ યજ્ઞવિદ્યા અને બ્રહ્મવિદ્યામાં પારંગત હતી. કેટલીક નારીઓ તો આ બાબતમાં પિતા તથા પતિનું માર્ગદર્શન પણ કરતી હતી.

પ્રાચીન સમયમાં સ્ત્રીઓ ગૃહસ્થાશ્રમ ચલાવવાવાળી પણ હતી અને બ્રહ્મપરાયણ પણ. તે બંને ક્ષેત્રોમાં કાર્ય કરતી હતી. જે ગૃહસ્થ સંચાલન કરતી હતી તેને 'સદ્યોવધૂ' કહેતા હતા અને જે વેદ અધ્યયન, બ્રહ્મ ઉપાસના વગેરેના પરમાર્થલક્ષી કાર્યોમાં જોડાયેલી રહેતી તેને 'બ્રહ્મવાદિની' કહેતા હતા. બ્રહ્મવાદિની અને સદ્યોવધૂના કાર્યક્રમ અલગ અલગ હતા. પરંતુ તેમના મૌલિક ધર્માધિકારોમાં કોઈ ભેદભાવ ન હતો.

જેવી રીતે પુરુષ બ્રહ્મચારી રહીને તપ, સ્વાધ્યાય, યોગ દ્વારા બ્રહ્મને પ્રાપ્ત કરતા હતા એવી જ કેટલીક સ્ત્રીઓ બ્રહ્મચારિણી રહીને આત્મનિર્માણ તથા પરમાર્થનું સંપાદન કરતી હતી.

પૂર્વકાળમાં અનેક સુપ્રસિદ્ધ બ્રહ્મચારિણી થઈ છે જેમની પ્રતિભા અને વિદ્વત્તાની ચારેતરફ કીર્તિ ફેલાયેલી હતી. મહાભારતમાં આવી અનેક બ્રહ્મચારિણીઓનું વર્ણન આવે છે. ભારદ્વાજની શ્રુતાવતી નામની કુમારી કન્યા હતી જે બ્રહ્મચારિણી હતી. કુમારોની સાથેસાથે બ્રહ્મચારિણી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શબ્દ લગાડવાનું તાત્પર્ય એ છે કે તે અપરિણિત અને વેદ અધ્યયન કરવાવાળી હતી. મહાત્મા શાંડિલ્યની પુત્રી 'શ્રીમતિ' હતી જેણે અનેક વ્રતો ધારણ કર્યા હતા. વેદ અધ્યયનમાં તે નિરંતર પ્રવૃત્ત હતી. અત્યંત કઠોર તપ કરીને તે દેવી બ્રાહ્મણોની પૂજ્ય બની અને સ્વર્ગ પ્રાપ્ત કરનારી બની.

આ પ્રકારની નિષ્ઠાવાન બ્રહ્મચારિણી બ્રહ્મવાદિની નારીઓ અનેક હતી. તેમના સિવાય ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાવાળી કન્યાઓ લાંબા સમય સુધી બ્રહ્મચારિણી રહીને વેદશાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી લગ્ન કરતી હતી. ત્યારે જ તેમના સંતાન સંસારમાં ઉજ્જવળ નક્ષત્રોની માફક યશસ્વી, પુરુષાર્થી અને કીર્તિવાન બનતા હતા. ધર્મગ્રંથોનો સ્પષ્ટ આદેશ છે કે કન્યા બ્રહ્મચારિણી રહ્યા પછી લગ્ન કરે. **"બ્રહ્મચર્યેણ કન્યા યુવાન વન્દિતે પતિમ્ (અથર્વ ૧૧/૬/૧૮)"** અર્થાત્-કન્યા બ્રહ્મચર્યના અનુષ્ઠાન દ્વારા યોગ્ય પતિને પ્રાપ્ત કરે છે. બ્રહ્મચર્ય ફકત અપરિણિત રહેવાને જ નથી કહેતા. બ્રહ્મચારી તે છે જે સંયમપૂર્વક વેદની પ્રાપ્તિમાં વ્યસ્ત રહે છે.

જ્યારે વિદ્યાભ્યાસ માટે કન્યાઓને પુરુષોની માફક સુવિધા હતી ત્યારે જ આ દેશની નારીઓ ગાર્ગી અને મૈત્રેયીની માફક વિદુષી બનતી હતી. યાજ્ઞવલ્કય જેવા ઋષિને એક નારીએ શાસ્ત્રાર્થમાં વિચલિત કરી દીધા હતા અને તેમણે હેરાન થઈ જવાતા ધમકી આપી હતી કે "અધિક પ્રશ્ન ન કરો નહીં તો તમારું અકલ્યાણ થશે."

આ રીતે જ શંકરાચાર્યજીએ ભારતીદેવી સાથે શાસ્ત્રાર્થ કરવો પડયો હતો. તે ભારતીદેવી નામની મહીલાએ શંકરાચાર્યજી સાથે એવો અદ્દભુત શાસ્ત્રાર્થ કર્યો હતો કે મોટા મોટા વિદ્વાનો પણ અચંબામાં પડી ગયા હતા. તેના પ્રશ્નોના ઉત્તર આપવા માટે શંકરાચાર્યજીએ ચૂપ બનીને એક મહિનાની મુદત માગવી પડી હતી. ભારતીદેવી સર્વશાસ્ત્ર તથા અંગો સહિત બધા વેદો, અને કાવ્યોને જાણતી હતી. તેનાથી વધીને શ્રેષ્ઠ અને વિદ્વાન સ્ત્રી બીજી ન હતી.

આજે જેવી રીતે સ્ત્રીઓના શાસ્ત્ર અભ્યાસ પર મનાઈ કરવામાં આવે છે તેથી જો તે વખતે પણ મનાઈઓ હોત તો યાજ્ઞવલ્કય અને શંકરાચાર્ય સાથે ટક્કર લેવાવાળી સ્ત્રીઓ કેવી રીતે થઈ શકતી હતી ? પ્રાચીનકાળમાં અધ્યયનની બધા નરનારીઓને સમાન સુવિધા હતી.

સ્ત્રીઓનું યજ્ઞના બ્રહ્મા બનવાનું તથા ઉપાધ્યાય તેમજ આચાર્ય બનવાનું પ્રમાણ હાજર છે. ઋગ્વેદમાં નારીને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે કે તું ઉત્તમ આચરણ દ્વારા 'બ્રહ્મ'નું પદ પ્રાપ્ત કરી શકે છે.

**અથઃ પશ્યસ્વ મોપાર સન્તરા પાદકો હર ।**
**મા તે કશપ્લકૌદેશન્ સ્ત્રી હિ બ્રહ્મા વિભૂવિથ ॥**

ઋગ્વેદ ૮/૩૩

અર્થાત્ - હે નારી ! તું નીચે જોઈને ચાલ. બેકારમાં આમ તેમની વસ્તુઓ અને વ્યકિતઓને ન જોયા કર. પોતાના પગલાં સાવધાની તથા સભ્યતાથી રાખ. વસ્ત્ર એ રીતે પહેર કે લાજથી અંગ ઢંકાયેલા રહે. આ રીતે ઉચિત આચરણ કરીને તું નિશ્ચય જ બ્રહ્માની પદવી પ્રાપ્ત કરવા યોગ્ય બની શકે છે.

ઉપરના પ્રમાણોને જોઈને વાચક જાતે જ એ વિચાર કરે કે "સ્ત્રીઓને ગાયત્રી અધિકાર નથી" કહેવું કેટલું ઉચિત છે.

**જે માણસ અત્યારે આપણને ખરાબ અને આપણા દુશ્મન લાગે છે તેમના કેટલાક અપકારોની વાતને વિચારવી છોડીને, જો ઉપચારોને, તેમના દ્વારા કરાયેલા સંદ્દવ્યવહારોને યાદ કરીએ તો ચોક્કસ તેઓ આપણને દુશ્મન નહીં લાગે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પત્ની કે ધર્મપત્ની

પરીક્ષામાં એક પ્રશ્ન હતો, "સીતાનો રામ સાથે શો સબંધ હતો ?"

કેટલાક વિદ્યાર્થીઓએ જવાબમાં લખ્યું, "સીતા રામની પત્ની હતી."

કેટલાકે લખ્યું "સીતા રામની ધર્મપત્ની હતી."

અમારા પાડોશીની છોકરી જે તે વિદ્યાલયમાં શિક્ષિકા હતી તેણે આ વાત કરી. અમે જ્યારે પૂછ્યું કે, "પછી તમે શું કર્યું ?" તો તેમણે હસતાં કહ્યું, કે બંનેને પૂરા માર્ક આપી દીધા.

પરંતુ શું આ વાતને આટલી સહેલાઈથી હસીને ટાળી શકાય છે ? શું પત્ની અને ધર્મપત્નીનો એક જ અર્થ છે ? આપણા ઋષિઓ, મનીષીઓએ પણ પત્નીને ધર્મપત્ની કહીને બોલાવેલ છે, પરંતુ કેમ ? પતિને ધર્મપતિ કેમ નથી કહ્યા ? માતા,પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી વગેરેની સાથે પણ ધર્મ શબ્દનો પ્રયોગ કેમ નથી કરવામાં આવ્યો ? બધા જ કૌટુંબિક સંબંધોમાં માત્ર પત્ની માટે જ ધર્મપત્ની શબ્દનો પ્રયોગ થયો છે. આવું કેમ છે ?

આ પ્રશ્ન પર વિચાર કરતી વખતે એ તથ્યો પર પણ ધ્યાન આપવું પડશે કે પતિ-પત્નીની પરસ્પર સ્થિતિ શું છે ? લગ્ન, જેના વડે તે સ્ત્રી-પુરુષમાંથી પતિ-પત્ની બન્યા, તેનો શો ઉદ્દેશ છે ? અને ધર્મનું શું પ્રયોજન છે ?

ભારતીય સંસ્કૃતિમાં શરૂઆતથી જ નારીને વિશેષ ગરિમાપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. **"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા"** નો ઉદ્‌ઘોષ બધા ઋષિઓએ કર્યો છે. નારી ભલે કન્યા હોય, યુવતી હોય, પત્ની હોય, બહેન હોય, બેટી હોય કે મા હોય, તે દરેક દશામાં પૂજનીય છે. એવાં જ સ્થાનો પર દેવતાઓનો વાસ હોય છે. નારી માટે આ પૂજ્યભાવ શા માટે ? પુરુષ માટે કેમ નહીં ?

સ્ત્રી તથા પુરુષના સ્વભાવમાં થોડો ફેર રહે છે. જેમ સ્ત્રીઓ દયા, કરુણા, ક્ષમા, સેવા, સત્કાર, ત્યાગ વગેરે ગુણોથી શોભતી હોય છે તેમ પુરુષ સામાન્ય રીતે કઠોર સ્વભાવના હોય છે અને તેઓમાં ઉપભોગની વૃત્તિ પણ અધિક હોય છે. પુરુષ હંમેશાં બીજા પર પોતાનો પ્રભાવ જમાવવાનો પ્રયત્ન કરતો રહે છે અને પોતાના કુટુંબની સ્ત્રીઓ પર તો પોતાનો રુઆબ જમાવવો એથી પણ વધુ સરળ છે. આ કારણે જ સમાજમાં આદિકાળથી જ સ્ત્રીને પૂજનીય, વંદનીય માનવામાં આવે છે. આ કારણે ઘરમાં, બહાર, સમાજમાં પ્રત્યેક સ્ત્રીને ઊંમર પ્રમાણે બેટી, બહેન કે માના રૂપમાં જોવાનું વિધાન છે. આ વિચાર જ્યારે મનમાં સારી રીતે બેસી જાય છે તો પુરુષના મનમાં કોઈ સ્ત્રીને જોઈને કામુક વિચાર અને અશ્લીલ ચિંતનની શક્યતા સમાપ્ત થઈ જાય છે. એક સ્વસ્થ અને સ્નેહયુકત સમાજના સુદૃઢ પાયાની માફક આ વિચાર અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

## લગ્નનો ઉદ્દેશ

આ વાત તો થઈ આપણા સમાજમાં નારીની સ્થિતિ વિશેની. એ જ નારી યુવાવસ્થામાં આવ્યા પછી લગ્નના બંધનમાં બંધાઈને કોઈની પત્ની બનીને પતિગૃહમાં પહોંચે છે. હવે તેને પત્ની, ધર્મપત્ની, અર્ધાંગિની, ગૃહલક્ષ્મી વગેરે ઉપનામોથી બોલાવવામાં આવે છે. લગ્નને ધર્મશાસ્ત્રોએ એક જરૂરી સંસ્કાર માનેલ છે. યુવાવસ્થામાં સ્ત્રી, પુરુષ બંનેયમાં કામવાસના જાગવા માંડે છે અને તના પર જો ઉચિત સંયમ કે નિયંત્રણ રાખવામાં ન આવે તો તે સમાજમાં ઉચ્છૃંખલતા ફેલાવવામાં મદદરૂપ થશે. સ્ત્રી-પુરુષની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ સ્વાભાવિક વૃત્તિ છે જેનું શમન પણ જરૂરી છે અને દમન પણ. લાજના અંકુશથી તેના પર કઠોર નિયંત્રણ પણ જોઈએ. લગ્નનો ઉદ્દેશ જ આ છે કે સ્ત્રી પુરુષ ઉચિત સંયમ તથા મર્યાદાનું પાલન કરતા રહીને પોતાની આ સ્વાભાવિક કામેચ્છાની પૂર્તિ કરે અને વિષય-આસક્તિમાંથી મુક્ત બનીને ગૃહસ્થાશ્રમની જવાબદારીઓનું વહન પણ કરે. લગ્ન એક પવિત્ર બંધન છે જે સંયમનું સહાયક તથા વધારો કરનાર છે કેમ કે આ લૌકિક ઉત્થાન માટે પરિપૂર્ણ થનાર, એક પવિત્ર ધાર્મિક સંસ્કાર છે. પતિ અને પત્ની બંનેય પરસ્પર ધર્મસૂત્રમાં બંધાઈને એકબીજાના સુખદુઃખમાં એક રહીને એકબીજાની ધાર્મિક, આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક બને છે. બંનેય પરમાર્થ માર્ગના પથિક છે. લગ્નને ફક્ત કામવાસનાની પૂર્તિનું સાધન માનવામાં નથી આવતું. કામનું સેવન ધર્મસંગત રૂપમાં જ સંતાન ઉત્પાદન માટે કરવામાં આવે છે. એનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ આપણે રામના ચરિત્રમાં મળે છે. લગ્નના થોડા સમય પછી તરત જ પરિસ્થિતિવશ તેમને ચૌદ વર્ષ વનવાસમાં રહેવું પડયું. તેમની નવયુવાન પત્ની પણ તેમની સાથે હતી, પરંતુ તે બંનેએ અપૂર્વ સંયમનું પાલન કર્યું. આજનો યુગ હોત તો આપણે કલ્પના કરી શકીએ છીએ કે વનવાસમાંથી પાછા વળતી વખતે તેમની સાથે બાળકોની એક સેના પણ હોત.

ગીતામાં પણ કહ્યું છે, **"ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોऽસ્મિ ભરતર્ષભ"** (ગીતા ૭/૧૧) - માનવની અંદર રહેલી કામવાસનાને સંયમિત, સુસંસ્કારિત તથા ધર્મસંગત બનાવવા માટે જ ઋષિઓએ લગ્નપ્રથાને અનુમતિ આપી. મનુસ્મૃતિમાં પણ લખ્યું છે કે સ્ત્રીપુરુષ મરણ સુધી ધર્મ, અર્થ, વગરેમાં અવિભક્ત બનીને રહે એ જ તેમનો શ્રેષ્ઠ ધર્મ સંક્ષિપ્તમાં સમજવો જોઈએ. મહાકવિ કાળીદાસે પત્નીને **'ગૃહણી સચિવઃ સખી મિથઃ પ્રિય શિષ્યા લલિતે કલાવિદ્યો'** કહી છે. પતિ માટે તે મિત્ર, સહાયક, સલાહકાર વગેરે અનેકાનેક રૂપોમાં સહયોગી બને છે.

આ વિવેચનથી એ સ્પષ્ટ છે કે પતિ અને પત્ની ગૃહસ્થધર્મની સફળતા માટે સમાનરૂપથી જવાબદાર છે. બંને ગાડીના બે પૈડાં બરાબર છે. એથી તો પત્નીને અર્ધાંગિની પણ કહેવામાં આવે છે. સ્ત્રી વગર પુરુષ અધૂરો છે. જ્યારે બંને પતિ-પત્નીના રૂપમાં એકાકાર થાય છે ત્યારે તેઓ પૂર્ણ થાય છે. પતિ તો ઘરની બહારના કામો જુએ છે, પરંતુ પત્ની તો પૂરી રીતે ગૃહસ્વામિની હોય છે, ગૃહલક્ષ્મી કહેવડાવે છે. **'ગૃહણી ગૃહ મુચ્યતે'** ઘર તો ઘરવાળીથી જ બને છે. ઘરની બધી જ દેખભાળ, અર્થવ્યવસ્થા, સ્વાસ્થ્ય, કૌટુંબિક સંબંધોની જાળવણી, અતિથિ સત્કાર વગેરે તેના સુરુચિપૂર્ણ સંચાલનમાં પરિપૂર્ણ થાય છે. પત્નીનું કર્તવ્ય છે કે તે પતિના ધર્મકાર્યોમાં મદદ કરે તથા જાતે પણ ધર્મપાલન કરીને પોતાનો, પોતાના પતિ તથા કુટુંબનો ઉદ્ધાર કરે.

પત્નીને એક તરફ તો ધર્મપત્ની કહેવામાં આવે છે અને તેની પાસે એ આશા રાખવામાં આવે છે કે પતિની સાથે ધર્મકાર્યોને હાથ ધરે. આમ છતાં એ પણ અપેક્ષા રાખવામાં આવી છે કે પતિને પરમેશ્વર સમજે. શું વાસ્તવમાં પતિ પરમેશ્વર હોય છે ? ક્યાંક ક્યાંક તો પતિ શરાબી, જુગારી, દુરાચારી, અપરાધી વગેરે પણ હોય છે છતાં પણ તે પત્ની માટે પતિ પરમેશ્વર જ છે. પતિ ન તો પરમેશ્વર છે અને તે પરમેશ્વરના પતિરૂપે પણ નથી આવેલ, તેમ છતાં પતિમાં પરમેશ્વરનો ભાવ નારીના આધ્યાત્મિક વિકાસમાં જરૂર સહાયક થાય છે, જેવી રીતે **'ગુરુરેવ પરંબ્રહ્મ'** ની ભાવના શિષ્યના વિકાસમાં મદદ કરે છે. ગુરુ ભલે ગમે તે હોય, તેમાં કોઈ અવગુણ પણ હોય, છતાં પણ સાચો શિષ્ય તેને બ્રહ્મનું પ્રતિરૂપ જ સમજે છે. એકલવ્યને હડધૂત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવા છતાં પણ તેણે દ્રોણાચાર્યને જ પોતાના ગુરુ માન્યા અને તેમની માટીની મૂર્તિમાં જ સંપૂર્ણ શ્રદ્ધાભાવ સાથે બ્રહ્મની કલ્પના સાકાર કરી હતી. આ રીતે જ પત્ની પણ પોતાના પતિને પરમાત્મ ભાવથી જુએ છે.

પરંતુ એ આપણું દુર્ભાગ્ય જ છે કે આજની આ લગ્ન પરંપરાને માત્ર કામવાસનાની પૂર્તિનું એક પ્રમાણપત્ર માની લેવામાં આવેલ છે અને તે સ્વચ્છંદ યૌનાચારના અભિશાપથી સમાજનું પતન થતુ રહ્યું છે. ન તો પતિ જ ઉચિત મર્યાદાનું પાલન કરે છે અને ન તો પત્ની પણ. વિદેશી સભ્યતાના આંધળા અનુસરણની દુષ્પ્રવૃત્તિ આપણી નસેનસમાં જડ જમાવીને બેઠી છે. પોતાનું સારું-ખરાબ વિચાર્યા વગર આપણે આંખો મીંચીને એ જ કરી રહ્યા છીએ જે વિદેશોમાં થાય છે. આપણી ખાણી-પીણી, રહેણી-કરણી, ભાષા, વેશભૂષા બધું જ એવું થઈ ગયું છે જે આપણને પોતાની શ્રેષ્ઠ સંસ્કૃતિથી તદ્દન અલગ કરી નાખતા રહ્યા છે. યૌન સંયમની વાત કોણ કરે, આજે તો કોઈપણ પ્રકારનો સંયમ રાખવો મનુષ્ય પોતાનું અપમાન સમજે છે. ન તો વાણી સંયમ છે, ન અર્થ સંયમ, ન સમય સંયમ. દરેક માણસ પોતાને સ્વતંત્ર તથા સ્વચ્છંદ સમજીને જે ઈચ્છે તે કરે છે અને સંસારની દરેક સુખસુવિધાઓને પ્રાપ્ત કરવા માટે તલપાપડ રહે છે. બધી બાજુ વાસના, તૃષ્ણા અને અહંકારનો ઉન્માદ જ છવાયેલો છે. એનાથી કુટુંબમાં અને સમાજમાં સર્વત્ર અરાજકતાનું સામ્રાજ્ય ફેલાયું છે અને દરરોજ એક નવી સમસ્યા પોતાની બધી જ વિકરાળતા સાથે આપણી સામે ઊભી થઈ જાય છે. આ બધું એ કારણે જ છે કે આજે આપણે ધર્મ પ્રમાણે આચરણ બંધ કરી દીધું છે.

## ધર્મનો મતલબ

આ ધર્મ શું છે ? આજનો સામાન્ય માનવી ધર્મને માત્ર પૂજા, પાઠ અને કર્મકાંડ સુધી જ સીમિત સમજે છે. રાજનીતિજ્ઞોએ તો એનો અત્યંત વિકૃત અર્થ કર્યો છે અને 'રાજનીતિમાંથી ધર્મને અલગ કરો' ના નારા જોરદાર બનાવ્યા છે. પરંતુ શું ધર્મને આ રીતે અલગ કરી શકાય છે ? ધર્મ વિના રાજનીતિ તો શું મનુષ્ય પણ જીવિત ન રહી શકે. ભારતમાં પ્રાચીનકાળથી જ ધર્મની જે વ્યાપક સમજ પ્રચલિત છે તેવી સંસારમાં ક્યાંય પણ નથી. ધર્મનો બીજો સમાનાર્થી શબ્દ અંગ્રેજીમાં "રીલીજીયન" અને ઉર્દૂમાં "મજહબ" વપરાય છે, પરંતુ તેનાથી સમાજમાં માત્ર ભ્રમ જ ફેલાયો છે. આ શબ્દોમાં ધર્મની વાસ્તવિક ઊંડાઈને માપવાનું શકય જ નથી. આવા શબ્દોની વ્યાખ્યાને આધાર માનવાનું જ પરિણામ છે કે આજે ભારતીય ધર્મનો અસલી મર્મ સમજવામાં પણ આપણે અસમર્થ થઈ રહ્યાં છે.

ધર્મ વાસ્તવમાં મનુષ્યના આચરણનો માપદંડ છે. જે માણસમાં ધર્મના જેટલા અધિક લક્ષણ હશે તે એટલો જ અધિક ધાર્મિક કહેવાશે. મનુસ્મૃતિમાં ધર્મના દસ લક્ષણ બતાવવામાં આવ્યા છે.

**ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।**
**ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥**

- મનુસ્મૃતિ ૬/૧૨

ધર્મના આ દસ લક્ષણોનો સંબંધ માણસના આચરણ સાથે જ છે. ધીરજ, ક્ષમા, દયા, અપરિગ્રહ, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ,, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ જેવા સામાન્ય નિયમ છે જેનું પાલન કરવાથી જ કુટુંબ અને સમાજમાં સુખ-શાંતિની આશા કરી શકાય છે. દરેક માણસ પાસે એ અપેક્ષા કરવામાં આવે છે કે તે ધર્મના આ નિયમોનું આજીવન પાલન કરે. આ બધામાં ઈન્દ્રિયનિગ્રહનું સૌથી વધારે મહત્ત્વ છે. જે માણસ પોતાની ઈન્દ્રિયોને પોતાના વશમાં કરી લે છે તે અન્ય બધાં જ સિદ્ધાંતોનું પણ સરળતાથી પાલન કરી શકે છે. ઈન્દ્રિયો જાતજાતના પ્રલોભનોમાં ફસાવવાનો સદાય પ્રયત્ન કરતી રહે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે અને તેમાંથી બચવા માટે સદાય સતર્કતાપૂર્ણ વ્યવહાર કરવો પડે છે. ઈન્દ્રિયનિગ્રહ દ્વારા જ સમય સંયમ, સ્વાદ સંયમ, અર્થ સંયમ વગેરેની સાધના પણ શક્ય બને છ. સાચા ધર્મનું જ્ઞાન તેને જ થાય છે જે અર્થ અને કામમાં આસકત નથી થતા.

**'અર્થકામેષ્વસકતાનાં ધર્મજ્ઞાનં વિધીયતે'**

- મનુસ્મૃતિ ૨/૧૩

આ રીતે ટૂંકાણમાં એ કહી શકાય છે કે સંયમપૂર્વક જીવન જીવવાનું કર્તવ્યપાલન કરે છે તે જ ધર્મના માર્ગ પર ચાલી રહ્યો છે. દરેક પ્રકારનો સંયમ રાખવો અને બીજાની ભલાઈ કરવી એ જ વાસ્તવિક ધર્મ છે.

**સર્વે ભવન્તુ સુખિતઃ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિયદ્દુઃખભાગ ભવેત્‌ાા**

ધર્મ તે જ છે જેનું પાલન કરવાથી બધા સુખી થાય, બધા નિરોગી થાય, બધાનું કલ્યાણ થાય. સંસારમાં કોઈ પણ દુઃખી ન રહે. ધર્મના આ રૂપનું પાલન કરવું જ એ બધા માટે અનિવાર્ય હતું. જ્યારે આ બધા માટે અનિવાર્ય હતું તો પતિ અને પત્ની બંનેય સમાનરૂપે ધર્મનું પાલન કરવા માટે બંધાયેલા હતા. તો પછી પત્નીને જ વિશેષરૂપથી ધર્મપત્ની કેમ કહી ?

## સંયમનું મહત્ત્વ

ધર્માનુસાર આચરણમાં સંયમનું સૌથી વધારે મહત્ત્વ છે. જ્યાં જરાપણ અસંયમ થયો ત્યાં સમસ્યાઓ ઊભી થઈ જાય છે. આ અસંયમ જ બધા દુઃખોનું મૂળ છે. એના પર અંકુશ લગાવ્યા વગર ન તો કુટુંબની ગાડી સારી રીતે ચાલે છે અને ન સમાજ કે રાષ્ટ્રની. આપણે ફરીથી સીતા તથા રામના ચરિત્રની એક ઘટનાને જોઈએ. વનવાસના સમયમાં પતિ-પત્ની બંનેય સૌથી ઊંચા સ્તરના સંયમનું પાલન કરી રહ્યાં હતા. સંસારના સર્વશ્રેષ્ઠ રાજકુટુંબમાં સંબંધ ધરાવતા હોવા છતાં પણ દરેક પ્રકારની સુખસુવિધાઓનો હસતા હસતા ત્યાગ કરીને જીવન ગુજારવું તે શું સરળ છે ? પરંતુ તે દરમ્યાન સીતાએ એક વખત અસંયમનો પરિચય આપ્યો. સોનેરી મૃગને જોઈને તેના મનમાં તે મેળવવાની લાલસા જાગૃત થઈ અને તેમણે રામને તે લાવી દેવા માટે વિવશ કરી દીધા. આ અસંયમનું પરિણામ ક્યા રૂપમાં થયું તેને આપણે બધા જાણીએ છીએ. આજકાલ દરેક ઘરમાં સીતા સોનેરી મૃગ માટે પાગલ થઈ રહી છે અને પોતાના રામને ગમે તે પ્રકારે તેના માટે વિવશ કરી રહી છે. લાલચી અને મહત્ત્વાકાંક્ષાઓની કોઈ સીમા જ નથી. ચોરી, ડાકુગીરી, છેતરપીંડી, ભ્રષ્ટાચાર, રૂશ્વત વગેરે તેની જ ફલશ્રુતિ છે. જો પત્ની પોતાની આ મહત્ત્વાકાંક્ષાઓ પર અંકુશ રાખી શકે તો તે પતિને પણ તે પ્રમાણેનું સંયમિત જીવન માટે પ્રેરિત કરી શકે છે, નહીં તો પતિ તો પછી પતિત 'પતનમાર્ગી' થશે જ. દ્રૌપદીએ પોતાનો સંયમ ગુમાવ્યો. અક્રોધ તથા ક્ષમાનો સિદ્ધાંત ન માન્યો, પરિણામ મહાભારતના રૂપમાં આપણી સામે આવ્યું. આખું કુટુંબ જ નહીં, રાષ્ટ્ર પણ વિનાશના પંજામા ફસાઈને ધૂળમાં મળી જાય છે. ઈતિહાસ આવી અસંખ્ય ઘટનાઓથી ભરેલો છે કે પત્નીનો અસંયમ પતિને પણ ધર્મખંડીત કરી નાંખે છે અને અશાંતિ તથા અસંતોષને જન્મ આપે છે.

પરમાત્માએ સ્ત્રીને જ આ શક્તિ પ્રદાન કરી છે કે તે પોતે પણ સંયમનું પાલન કરે તથા પતિની ઉપર પણ ઊચિત અંકુશ રાખી શકે. પતિનો અસંયમ મોટે ભાગે તેને જ હાનિકારક હોય છે જ્યારે પત્નીનો અસંયમ તેના પતિ અને આખા કુટુંબનું અહિત કરી દે છે. તે સમાજ તથા રાષ્ટ્ર માટે પણ અનિષ્ટકારી હોય છે. વાસના અને વિલાસિતતાના તાંડવને ધર્મમાર્ગ પર ચાલવાવાળી પત્ની જ સમાપ્ત કરી શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**ત્યારે જ તે ધર્મપત્ની કહેવાય છે.**

આટલા માટે વિદ્વાન ઋષિઓએ ગૃહસ્થાશ્રમમાં ધર્મની સ્થાપનાની જવાબદારી પત્ની પર જ નાખી છે અને તેને ધર્મપત્નીનું વિશેષ પદ પ્રદાન કર્યું છે. કુટુંબમાં બધા ધર્મ પ્રમાણે આચરણ કરે અને કોઈપણ અધર્મ કે અસંયમ ન વર્તે તેના માટે તેને અંકુશ રાખવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તેથી તો ઋગ્વેદમાં તેને પતિગૃહમાં સામ્રાજ્ઞી માની છે.

**સમ્રાજ્ઞી શ્વસુરે ભવ, સમ્રાજ્ઞી શ્વશ્રવાં ભવ ।**
**તતાન્દરિ સમ્રાજ્ઞી ભવ, સમ્રાજ્ઞી, અધિ દેવૃષુ ॥**

- ઋગ્વેદ ૧૦/૮૫/૪૬

સાસરીમાં આવીને તે સાસુ, સસરા, નણંદ, દિયેર વગેરે બધા પર સામ્રાજ્ઞીની માફક શાસન કરે છે. પોતે ત્યાગ તથા સંયમનું પાલન કરતા રહીને બધાની સુખસુવિધાનું ધ્યાન પણ રાખે અને બધાને ધર્મ પ્રમાણે ચાલવાની પ્રેરણા પણ આપે. પોતાના કર્તવ્યોની મોટાઈનો અનુભવ કરે, બધાની સાથે સારો વ્યવહાર રાખે અને સદાય કુટુંબની ઉન્નતિનો જ પ્રયત્ન કરે.

પત્ની જ્યાં સુધી ધર્મપત્નીની મર્યાદાનું પાલન નથી કરતી ત્યાં સુધી તો કુટુંબને પતનની દિશામાં જ લઈ જાય છે. પત્નીની ધર્મપત્ની બનવામાં જ સાર્થકતા છે. આ જ તેનું દૈવી સ્વરૂપ છે.


## નવા પ્રકાશનો

| | રૂપિયા |
|---|---|
| ૧. મહાકાળનું આહવાન | ૧-૦૦ |
| ૨. વિચારક્રાંતિના દૃષ્ટા અને સર્જકો | ૭-૫૦ |
| ૩. ગાયત્રી મહામંત્રની વ્યવહારિક સાધના | ૯-૫૦ |
| ૪. અમૃત કલશ ભાગ-૧ | ૪-૫૦ |
| ૫. ગાયત્રી મહાયજ્ઞોના વિધિ-વિધાન અને રહસ્ય | ૬-૦૦ |
| ૬. વિધવા જીવન : સમસ્યાઓ અને સમાધાન | ૪-૦૦ |
| ૭. આપણે રાજનીતિમાં ભાગ કેમ લેતા નથી ? | ૩-૦૦ |
| ૮. મતદાતાઓને એક આગ્રહ | ૫-૦૦ |
| ૯. સજલ શ્રદ્ધા | ૮-૦૦ |
| ૧૦. પ્રેમોપહાર | ૨-૦૦ |
| ૧૧. અમૃત કળશ ભાગ-૨ | ૭-૫૦ |
| ૧૨. અમારી ગુરુદક્ષિણા | ૧-૦૦ |
| ૧૩. શ્રી સત્યનારાયણ કથાની દિવ્યશકિત | ૭-૦૦ |
| ૧૪. દહેજના દાનવ સામે સામાજિક સંઘર્ષ કરીએ | ૭-૫૦ |
| ૧૫. આંતરિક જીવનમાં ભગવાનનો પોકાર | ૭-૫૦ |
| ૧૬. યજ્ઞ પિતા ગાયત્રી માતા | ૮-૫૦ |
| ૧૭. ધર્મચેતનાનું જાગરણ અને આહવાન | ૯-૦૦ |
| ૧૮. સદ્‌વિચાર, સદ્‌કાર્ય તેમજ સદ્‌સાહિત્યની સત્ય ઘટનાઓ ભાગ-૧ | ૧૦-૦૦ |

| | રૂપિયા |
|---|---|
| ૧૯. સદ્‌વિચાર, સદ્‌કાર્ય તેમજ સદ્‌સાહિત્યની સત્ય ઘટનાઓ ભાગ-૨ | ૯-૦૦ |
| ૨૦. માનવીય ચેતનાનું શુદ્ધિકરણ-સંસ્કાર | ૧૨-૦૦ |
| ૨૧. રામકથાની પ્રબળ પ્રેરણા | ૬-૫૦ |
| ૨૨. મુસ્લિમ ધર્માનુયાયીઓનું અનુકરણીય ચિંતન તથા ચરિત્ર | ૬-૫૦ |
| ૨૩. આત્માના વિકાસનો રાજમાર્ગ | ૫-૦૦ |
| ૨૪. પ્રાણચેતનામાં મહાપ્રાણનું અવતરણ | ૪-૫૦ |
| ૨૫. પર્વઆયોજનો દ્વારા લોકશિક્ષણ | ૬-૫૦ |
| ૨૬. માતૃવાણી | ૩-૦૦ |
| ૨૭. પ્રજ્ઞાવતાર આપણા ગુરુદેવ | ૧૫-૦૦ |
| ૨૮. નૈતિક શિક્ષણ ભાગ-૧ | ૨૧-૦૦ |
| ૨૯. નૈતિક શિક્ષણ ભાગ-૨ | ૨૧-૦૦ |
| ૩૦. નૈતિક શિક્ષણ ભાગ-૩ | ૨૪-૦૦ |
| ૩૧. ભારતીય ઈતિહાસના કર્ણધાર ભાગ-૧ | ૬-૦૦ |
| ૩૨. વેદોનો દિવ્યસંદેશ ભાગ-૧-૨-૩-૪-૫ | ૬-૦૦ |
| ૩૩. પત્નીનું સન્માન ગૃહસ્થીનું ઉત્થાન | ૬-૦૦ |
| ૩૪. હિંમત ન હારો | ૧-૫૦ |
| ૩૫. LOSE NOT YOUR HEART | ૨-૦૦ |

**સંપર્ક સૂત્ર : ગાયત્રી જ્ઞાનપીઠ,**
પાટીદાર સોસાયટી, જૂના વાડજ,
અમદાવાદ-૩૮૦૦૧૩, ટે. નં. ૭૪૮૩૨૫૨





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આર્થિક લાભના કેટલાક સરળ ઉપાયો

ધનદાન આપવાની વૃત્તિને સામાન્ય રીતે પુણ્ય પરમાર્થ માનવામાં આવે છ, પરંતુ તેમાં કેટલાક જોખમ પણ છે. કુપાત્રોના હાથોમાં આવી મદદ જવાથી તેઓ આળસુ અને પ્રમાદી બને છે. તેઓ મળેલા ધનને દુર્વ્યસનોમાં વાપરીને પોતાનું તથા બીજાનું અહિત કરે છે. એટલા માટે ઉદારતાને ચરિતાર્થ કરવા માટે સતત કામમાં લાગે તેવો એક જ ઉપાય બચેલો છે, અને તે છે ભૂલાઈ ગયેલ સ્વાવલંબનનો અભ્યાસ કરાવવામાં આવે. એના માટે ઉપાય બતાવવામાંથી માંડીને એવી વ્યવસ્થા બનાવવા સુધીના કાર્યોમાં પોતાનું ઉત્સાહભરેલું યોગદાન આપવું જોઈએ. સ્વાવલંબન વડે સ્વાભિમાન સુરક્ષિત રહે છે. સાથે જ એવા કામ હાથમાં આવી જાય છે જેનાથી આવક થતી રહે અને બચતનો ક્રમ ચાલતો રહે. ગરીબી હટાવવાનો આ જ સર્વોત્તમ માર્ગ છે. અપંગ, અસમર્થોને બાદ કરતાં બધા લોકો એ સ્થિતિમાં હોય છે કે તેમને ઉત્પાદક કાર્યો કરવાના થોડા સિદ્ધાંતો હાથમાં આવી જાય તો આળસ અને પ્રમાદથી પણ બચી શકે છે અને આર્થિક દૃષ્ટિએ પણ પ્રગતિ તરફ વધી શકે છે આ સંબંધમાં લોકોની મનોદશા બતાવવા અને ઉત્પાદનનો હેતુ પૂરા કરી શકાય તેવા ઉપાય બતાવવા અને તેને કાર્યાન્વિત કરવાવાળા પ્રયત્નોનું પ્રચલન વધી જાય એટલી હદ સુધી પહોંચાડવાની જરૂર છે.

આ પ્રકારનું એક સર્વસુલભ કાર્ય છે-ઘરઆંગણની શાકવાડી. સામાન્ય રીતે દરેક ક્ષેત્રના ગામડાઓમાં થોડી જગ્યા ખાલી હોય છે. આંગણું, ફળિયુ તથા અન્ય ખાલી જગ્યાઓ તો બધે ઠેકાણે હોય છે. શહેરોના ખીચોખીચ મહોલ્લા જ આમાં અપવાદ છે.

ઘરમાં જેટલી ખાલી, ખુલ્લી, હવા-તડકાવાળી જગ્યા છે તે બધામાં શાકવાડી ઉગાડીને ઉત્પાદન વધારી શકાય છે. દરેક ૠતુમાં ઉગાડી શકાય તેવા શાક હોય છે, તેને કાચી જગ્યામાં નાની ક્યારીઓ બનાવીને વાવી શકાય છે. જ્યાં પાકા ફર્શ છે ત્યાં કૂંડાઓમાં, ટોપલીઓમાં માટી ભરીને તેમાં શાક ઉગાડવાનો એવો ક્રમ ચલાવી શકાય કે જેમાં આર્થિક લાભ મળવો, બચત થવી તથા સ્વાસ્થ્ય વધારનારા ઉપયોગી તત્ત્વો મળતા રહેવાનો લાભ મળી શકે છે. છોડ ઉગાડવાની કળા પણ પશુપાલન અથવા બાળકો ઉછેરવાની માફક જ આનંદદાયક છે.

શાક મનુષ્યજીવન માટે અનાજ કરતાં પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. આજકાલ બજારમાં શાક ખૂબ મોંઘા મળે છે, તથા રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને લાંબા સમય સુધી સંઘરી રાખવાથી ગુણવગરના થઈ જાય છે અને તેની ઉપયોગિતા ઘટી જાય છે. જો શાક પોતાના ઘેર ઉગાડવામાં આવે તો એનું ઉત્પાદન મફતમાં થઈ જવાને કારણે આર્થિક બચત પણ થાય છે, જે તત્ત્વોના અભાવમાં કુપોષણથી પેદા થનારા નુકસાનને સહન કરવું પડે છે તેનાથી છુટકારો મળી જાય છે. મોટાભાગના ઘરોમાં શાક કોઈને કોઈ રૂપમાં ઉગાડી શકાય છે. ધાણા, ફૂદીનો, આદુ મરચા જેવી વસ્તુઓ ચટણી માટે આખા કુટુંબને દરરોજ મળતી રહે એવી વ્યવસ્થા તો એક-બે કૂંડાથી જ થઈ શકે છે.

અપરિચિત તથા ટેવ ન હોવાને કારણે જ લોકો આ ઉપયોગી પ્રક્રિયાથી લાભાન્વિત નથી થઈ શકતા. જો કોઈ પ્રોત્સાહન આપવાવાળા, વિધિ બતાવનારા, બી મેળવવાની વ્યવસ્થા કરનારા માણસ આ આંદોલનની પાછળ લાગેલા જ રહે તો તેનો પ્રચાર દરેક ઘરમાં થઈ શકે છે. આ ઉત્પાદનની કિંમત તથા સ્વાસ્થ્ય સુધારની કિંમત ભેગી ગણવામાં આવે તો માલૂમ પડશે કે આ આંદોલન ચલાવવાવાળાએ કેટલા લોકોને કેટલો વધારે લાભ પહોંચાડ્યો. સેવાભાવી લોકો આ કાર્યને પોતાની સેવા પદ્ધતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે જોડીને એક મહત્ત્વપૂર્ણ લોકસેવા કરી શકવામાં સફળ થઈ શકે છે.

બીજા પણ આવા કેટલાય ઘરેલૂ ઉદ્યોગો છે જેને બહુ પૂંજી લગાવ્યા વગર, બહુ વધારે શિક્ષણ મેળવ્યા વગર સહેલાઈથી ઘરોમાં ચલાવી શકાય છે. સૂતર કાંતવાની, ચરખા ચલાવવાની કાર્યપદ્ધતિ જરા પણ કઠણ નથી. જૂનુ, વપરાયેલુ ગોદડાનું રૂ કાંતીને તેમાંથી બનાવેલ સૂતર વણાવી શકાય છે. નવુ સૂતર કાંતવા માટે, રૂ મેળવવા માટે અને કાંતેલુ સૂતર વેચવા માટે નજીકની ખાદીભંડારની શાખાઓમાંથી સહયોગ લઈ શકાય છે. આ કાર્યને સહકારી સમિતિઓ પોતાના હાથમાં લઈને પોતાના ક્ષેત્રમાં સૂતર ઉદ્યોગને વેગ આપી શકે છે. જ્યાં સૂતર ઉદ્યોગમાંથી કાંતવાવાળા, વણવાવાળા, રંગવાવાળા અનેકોને ઉદ્યોગ મળે છે. ભારત જેવા ગરીબ દેશના લોકો જેમાં મહિલાઓ તથા બીજા લોકો મોટાભાગનો સમય બેકારીમાં ગાળે છે ત્યાં આ ઉદ્યોગથી મોટી સંખ્યામાં લોકોને આર્થિક દૃષ્ટિથી કાંઈક લાભ મળી શકે છે. બેકારીમાં ખાલી મગજને શયતાન જેવા કામોમાં લગાડવામાંથી રોકી શકાય છે.

જેવી રીતે અનાજ, શાક, દૂધ વગેરે સામાન્ય રીતે પોતાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે તેનાથી જ કામ ચાલે છે તેવી રીતે કપડાના સંબંધમાં પણ પોતાના ક્ષેત્રીય ઉત્પાદન પર નિર્ભર રહેવાની ભાવના લોકોમાં ભરવી જોઈએ. આ સ્વદેશી માલના સ્વતંત્રતાના સમયમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકી. હવે એ જ ભાવનાને ક્ષેત્રીય ઉત્પાદનો વડે કામ ચલાવવાના રૂપમાં પ્રોત્સાહિત કરી શકાય છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારવાળી ભાવનાનો આ આધાર પર પોષણ થાય છે અને તે રીતે સ્વદેશીવાળું વ્રત પણ નિભાવાય છે. લોકસેવાની પ્રકૃતિવાળા લોકોએ પોતાના ક્ષેત્રમાં આ આંદોલન ચલાવવું જોઈએ અને અનેક લોકોની આર્થિક સુવિધા તથા ભાવનાત્મક શ્રેષ્ઠતા વધારવામાં મદદ કરવી જોઈએ.

મધમાખી ઉછેરને પણ એક ગૃહઉદ્યોગ બનાવી શકાય છે. સાવધાની તથા કુશળતાની જ જરૂર છે. તેના માટે તે વિભાગના કાર્યકર્તાઓનો સંપર્ક સાધી શકાય છે અને તેમની પાસેથી ઉચિત કિંમતે મધપૂડાના નકશા મેળવી શકાય છે. આ ઉદ્યોગને આપણા દેશમાં વિકસાવવાની ખૂબ શક્યતાઓ છે. એની સાથે જ સામાન્ય લોકોએ એ પણ સમજવું પડશે કે મધ એક ઉચ્ચકોટિનો પૌષ્ટિક આહાર છે. આ ઉદ્યોગને જો સારી રીતે વ્યવહારમાં લાવી શકાય તો પેદા કરનારાઓને આર્થિક લાભ અને સામાન્ય લોકોને મહત્ત્વપૂર્ણ પોષણ મળી શકે છે.

એક ઉદ્યોગ એવો છે જેની તરફ લોકોનું ધ્યાન જ નથી ગયું. તે છે તૂટેલા ફૂટેલાનું સમારકામ. ઉપયોગમાં આવવાવાળી વસ્તુઓ થોડા સમય પછી પોતાનું સામર્થ્ય ઓછું કરી નાંખે છે, તેમાં તૂટ-ફૂટ થવા લાગે છે અને ઉપયોગિતામાં ઘટાડો થાય છે. સામાન્ય રીતે તે વસ્તુઓને ફેંકી દેવામાં આવે છે કે ઘરમાં ભંગારમાં જમા રહે છે અથવા ભંગારવાળાને વેચી દેવામાં આવે છે. આ નુકસાનને બદલે જો તેનું સમારકામ કરતા રહેવામાં આવે તો નવી વસ્તુની માફક કામ આપી શકે છે. આ રીતે તેની જગ્યાએ નવી ખરીદીમાં જે ખર્ચ થાય છે તેથી બચત પણ કરી શકાય છે.

મનુષ્ય પરમેશ્વરનો રાજકુમાર છે, દિવ્યક્ષમતાઓથી પરિપૂર્ણ છે, દેવતા છે.

પરંતુ પરિસ્થિતિવશ તે લક્ષ્યથી વિમુખ થઈ ગયો છે. જો તે ઈચ્છે તો સંસારની બધી જ સમૃદ્ધિ, રીદ્ધિ, સિદ્ધિ, વૈભવ તથા પરમેશ્વરના અસીમ અનુદાન, વરદાનની અજસ્ર વર્ષા થઈ શકે છે.

આ બધું યજ્ઞથી મળે છે અને ગાયત્રી મંત્રથી પણ અને જો ગાયત્રી મંત્રથી થાય તો માની લો કે સોનામાં સુગંધ ભળી ગઈ.

**પં૦ શ્રીરામ શર્મા આચાર્ય**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્, ચિત્, આનંદ

ભગવાનના અનેક નામ છે, પરંતુ તેમાંથી સૌથી સરળ અને સાર્થક નામ છે, સચ્ચિદાનંદ. સત્‌નો અર્થ છે શાશ્વત, ટકાઉ, ન બદલનાર, ખલાસ ન થનાર.

આ કસોટી પર માત્ર પરબ્રહ્મ જ સાચું સાબિત થાય છે. તેનો નિયમ, શિસ્ત, વિધાન અને પ્રયાસ સુસ્થિર છે. સૃષ્ટિના મૂળમાં તે જ છે. પરિવર્તનોના મુખ્ય સંચાલક પણ તેઓ જ છે. તેમના ગર્ભમાં જ આ સમગ્ર બ્રહ્માંડ પોષાય છે. સૃષ્ટિ તો મહાપ્રલયની સ્થિતિમાં બદલાઈ પણ જાય છે અને પછી સમય જતાં નવું રૂપ લઈને પ્રગટ પણ થતી રહે છે. પરંતુ નિયંતાની સત્તામાં એનાથી કોઈ ફરક પડતો નથી. એટલા માટે પરબ્રહ્મને 'સત્' કહેવામાં આવે છે.

ચિત્‌નો અર્થ છે - ચેતના, વિચારણા. જાણકારી, માન્યતા, ભાવના વગેરે એના જ અનેક પ્રકારના સ્વરૂપો છે. માનવીના અંતઃકરણમાં એને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારના રૂપમાં જોઈ શકાય છે. મનોવૈજ્ઞાનિકો એનું વર્ગીકરણ ચેતન, અચેતન, સુપર ચેતનના રૂપમાં કહે છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓમાં પણ ચેતના પોતાના મૂળ સ્વરૂપમાં યથાવત્ ટકી રહે છે. સત્, રજ, તમ્ પ્રકૃતિમાં પણ તે જ ચેતના પ્રગટ અને પ્રત્યક્ષ થતી રહે છે. મૃત્યુ પછી પણ તેનો અંત થતો નથી. વિદ્વાન અને મુર્ખ બધામાં પોતાના વિવિધ સ્તરોને અનુરૂપ તે ટકી રહે છે.

જડ પદાર્થ અને પ્રાણી સમુદાયની વચ્ચે મૌલિક તફાવત એક જ છે. તે છે ચેતનાનું ન હોવું. જડ પદાર્થોના પરમાણુ પણ ગતિશીલ રહે છે. તેમનામાં પણ ઉત્પાદન, અભિવૃદ્ધિ અને પરિવર્તનની પ્રક્રિયા ચાલતી રહે છે, પરંતુ પોતાનું કોઈ જ્ઞાન હોતું નથી. કોઈ પ્રેરણાથી પ્રભાવિત થઈને તેઓ ગ્રહનક્ષત્રોની માફક ધરી અને કક્ષામાં ફરતાં રહે છે. પરંતુ આ સંદર્ભમાં પોતાનું કોઈ સ્વયં નિર્ધારણ કરી શકવાની સ્થિતિમાં હોતા નથી. જોકે પ્રાણી પોતાની ઈચ્છાનુસાર કામકાજનું નિર્ધારણ કરે છે.

પ્રાણીઓની ચેતના મોટાભાગે ચેતનાનો એક અંગ-અવયવ માત્ર છે. આ બ્રહ્માંડમાં અનંત ચેતનાનો ભંડાર ભરેલો છે, તેના દ્વારા પદાર્થોની વ્યવસ્થા અને પ્રાણીઓને ચેતનાનું અનુદાન (સહાય) મળે છે. પરમ ચેતનાને જ પરબ્રહ્મ કહેવામાં આવે છે. પોતાની યોજનાને અનુરૂપ તે બધાને દોડવાની અને વિચારવાની ક્ષમતા અર્પે છે, એટલા માટે તેને 'ચિત્' અર્થાત્ ચેતન કહેવામાં આવે છે.

આ સંસારનું સૌથી મોટું આકર્ષણ 'આનંદ' છે. જેને જેમાં આનંદ જણાય છે ત્યાં તેની તરફ તે દોડે છે. વ્યભિચારીઓને વેશ્યાગૃહોમાં જ સ્વર્ગ અને સુખનો આનંદ મળે છે. દારૂડિયો પોતાની જ દુનિયામાં મસ્ત રહે છે. ગરીબ સૂકા-લુખા ભોજનમાં જ ષટ્‌રસ વ્યંજનો જેવો સ્વાદ અને આનંદ માણે છે. મજુરોનું તો કહેવું જ શું ? દિવસભરની સખત મહેનત પછી જ્યારે તે ખાટલા પર સૂવે છે ત્યારે સુખની ઊંઘમાં એવો ખોવાઈ જાય છે, સમજો કે તેનાથી મોટું બીજું કોઈ સુખ કદાચ ક્યાંય નથી. આ જ રીતે વૈજ્ઞાનિક, કલાકાર, ખેડૂત, સંગીતકાર બધા લોકોને પોતપોતાના ક્ષેત્રોમાં અદભુત રસ મળે છે. અન્ય રીતે જોઈએ તો આનંદના મૂળ સ્રોતનો એક અંશ માત્ર છે. એને અક્ષય કહી શકાય નહીં. પાણીના ટીપાંની માફક એનું સર્જન અને વિસર્જન થતું રહે છે. એવું જણાય છે કે કોઈને કોઈ ક્ષેત્રમાં જો સખુની અનુભૂતિ થઈ રહી છે તો થોડાં જ સમય બાદ તે તેને નીરસ અને આનંદહીન જણાવા લાગે છે અને તેની રસની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શોધ અન્યત્ર ચાલી જાય છે. મૂળ અને શાશ્વત 'આનંદ'ની પ્રકૃતિ એવી નથી. તેમાં નીરસતા અથવા એકરસતા જેવી ફરિયાદ હોતી નથી. તે પરમ આનંદમાં મન નશાની માફક ડૂબેલું રહે છે અને તે તેમાંથી બહાર જવા ઈચ્છતું નથી, પરંતુ સાંસારિક કામકાજને લીધે તેને બળપૂર્વક બહાર લાવવું પડે છે. આ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનો પ્રસંગ છે અને તે અંતઃકરણની શ્રેષ્ઠતાની સાથે સંબંધિત છે. આવી સ્થિતિમાં આત્માને સ્વર્ગ, મુક્તિ, ઈશ્વરપ્રાપ્તિ, સમાધિ જેવા આનંદોની અપેક્ષા રહે છે.

વાસ્તવમાં આનંદ બીજી રીતે 'પ્રેમ'નું બીજું નામ છે. જે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ અને પ્રવૃત્તિની જોડે પ્રેમ થઈ છે તે જ પ્રિય લાગે છે. પ્રેમ ઘટતાં જ ઉપેક્ષા આવે છે અને જો તેનો પ્રતિપક્ષ 'દ્વેષ' પ્રગટે, તો પછી વસ્તુ કે વ્યક્તિનું રૂપવાન અને ગુણવાન હોવા છતાં પણ તેઓ ખરાબ જણાય છે. તેનાથી દૂર જવાની કે હટાવવાની ઈચ્છા થાય છે.

અંધારામાં જેટલી જગ્યા પર ટોર્ચનો પ્રકાશ પડે છે તેટલી જ જગ્યા પ્રકાશવાન બને છે. ત્યાંનું દૃશ્ય દેખાવા લાગે છે. પ્રેમને એવો જ ટોર્ચપ્રકાશ કહેવો જોઈએ, જેને જ્યાં ફેંકવામાં આવશે, તે જ સુંદર, પ્રિય અને સુખદ જણાશે, આમ જોઈએ તો આ દુનિયામાં કોઈ પણ પદાર્થ કે પ્રાણી પોતાના મૂળ રૂપમાં પ્રિય કે અપ્રિય નથી. આપણો દૃષ્ટિકોણ, મૂલ્યાંકન અને સમજણ જ આનંદદાયક અથવા અપ્રિય, કુરૂપ જેવી પરિસ્થિતિઓ સર્જે છે.

આનંદ ઈશ્વરની વિભૂતિ છે. પ્રેમને જ પરમેશ્વર કહેવાય છે. પ્રિય હોય તે જ સુખદ છે અર્થાત્ ઈશ્વર જ આનંદ છે. તેના આરોપણથી જ આપણે સુખની અનુભૂતિ કરીએ છીએ અને પ્રસન્ન થઈએ છીએ. એ સ્પષ્ટ રીતે જાણવું જોઈએ કે પરબ્રહ્મના અનેક પ્રકારના નામ છે. તેમાંથી તેના મુખ્ય ત્રણ ગુણોનો સમન્વય જેમાં છે, તેને 'સચ્ચિદાનંદ' કહેવાય છે.

## 'શ્રી'નું મહત્ત્વ

'શ્રી'નું વ્યક્તિગત જીવનમાં શું મહત્ત્વ છે ? ગંભીર વિચારમંથનથી આ સંબંધમાં એ જ નિષ્કર્ષ પર પહોંચવું પડે છે કે વ્યક્તિત્વને શ્રેષ્ઠ, સુવિકસિત, સમૃદ્ધ અને કાંતિવાન બનાવવાનું સંપૂર્ણ તત્ત્વજ્ઞાન આ એક જ અક્ષરમાં સમાયેલું છે. તેની કહેવાતી પ્રાપ્તિને જોતાં જે આ બાબતમાં વિચારે છે અને તેવા બનવા માટે તેને અનુરૂપ પગલાં ઉઠાવે છે, વાસ્તવમાં તે જ 'શ્રીવાન્-શ્રીમાન્' કહેવડાવવાના અધિકારી છે, બાકી તો શ્રીહીનોની માફક ધુત્કારવામાં આવે છે અને વિસ્મૃતિના ખાડામાં અદૃશ્ય થઈ જાય છે.

શતપથ બ્રાહ્મણની એક ગાથામાં 'શ્રી'ની ઉત્પત્તિનું વર્ણન છે. તે પ્રજાપતિના અંતરમાં જન્મે છે. અપૂર્વ, સૌંદર્ય અને તેજસથી પરિપૂર્ણ છે. પ્રજાપતિ તેમનું અભિવાદન કરે છે અને બદલામાં તે આદ્ય દેવી પાસેથી સર્જન ક્ષમતાનું વરદાન પ્રાપ્ત કરે છે.

ઋગ્વેદમાં 'શ્રી' અને 'લક્ષ્મી'નો એક જ અર્થમાં પ્રયોગ થાય છે. તૈત્તિરીય ઉપનિષદમાં 'શ્રી'નો અન્ન, જળ, ગૌરવ અને વસ્ત્ર જેવી સમૃદ્ધિઓ આપનારી આદ્યશક્તિના રૂપમાં ઉલ્લેખ છે. ગૃહ સૂત્રોમાં તેને ઉત્પાદનની ફળદ્રુપ શક્તિ માનવામાં આવી છે. યજુર્વેદમાં 'શ્રી' અને 'લક્ષ્મી'નો વિષ્ણુની બે પત્નીઓ કહીને ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **"શ્રીશ્ચતે લક્ષ્મીશ્ચતે સપલ્યૌ'**. શ્રી સૂક્તમાં બંનેને અલગ માનતા હોવા છતાં અવિભકત ઉદ્દેશ પૂરો કરનારી બતાવાઈ છે. **"શ્રીશ્ચ લક્ષ્મીશ્ચ"**. આ નિરૂપણમાં 'શ્રી'ને તેજસ્વિતા અને 'લક્ષ્મી'ને સંપત્તિના અર્થમાં બતાવાઈ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શતપથ બ્રાહ્મણમાં 'શ્રી'ની ફળશ્રુતિની ચર્ચા કરતાં કહેવાયું છે કે તે જ દિવ્ય આત્માઓમાં નિવાસ કરે છે, તે તેજોમય બની જાય છે. અથર્વવેદમાં પૃથ્વીના અર્થમાં 'શ્રી' પ્રયોગ વધુ થયો છે. ધરતી માતા અને માતૃભૂમિની પ્રત્યે શ્રદ્ધાની અભિવ્યક્તિ કરવા માટે 'શ્રી'નું ઉચ્ચારણ અને લેખન થવાનો આ ઋચાઓમાં સ્પષ્ટ સંકેત છે.

આરણ્યકોમાં 'શ્રી'ને સોમની પ્રતિક્રિયા અર્થાત્ આનન્દાતિરેક કહેવાઈ છે. ગોપથ બ્રાહ્મણમાં તેની ચર્ચા શોભા-સુંદરતાના રૂપમાં થઈ છે. શ્રી સૂક્તમાં એની જેટલી વિશેષતાઓ બતાવાઈ છે, તેમાં સુંદરતા સર્વોપરિ છે. વાજસનેયી આરણ્યકમાં 'શ્રી' અને લક્ષ્મીની ઉત્પત્તિ તો અલગ-અલગ બતાવાઈ છે, પર પાછળ બંને મળીને એકાત્મ હોવાનું વર્ણન છે.

ફોટામાં લક્ષ્મીને કમળ પર બેઠેલી અને હાથીઓ દ્વારા સુવર્ણ કળશોથી અભિષિક્ત થતી હોવાનું દૃશ્ય બતાવાયું છે. કમળ સૌંદર્યનું પ્રતીક છે, હાથી સાહસિકતાની નિશાની છે, સુવર્ણ વૈભવનું ચિહ્ન છે, જળ શાંતિ, શીતળતા અને સંતોષ દર્શાવનારું છે. આ વિશેષતાઓના સમુચ્ચયને 'લક્ષ્મી' કહી શકાય છે. કન્યાઓને 'ગૃહલક્ષ્મી' કહેવાનો રિવાજ છે. આ વ્યર્થ જ નથી. વાસ્તવમાં તેમાં લક્ષ્મી તત્ત્વની મોટાભાગની વિશેષતાઓ હયાત હોય છે. આમ તેનું ગૃહલક્ષ્મી કહેવાવું સાર્થક જ છે. 'શ્રી' શબ્દમાં લક્ષ્મીની ઉપર્યુક્ત સ્થિતિને અપનાવવાનું પ્રોત્સાહન છે. પુરાણોમાં 'શ્રી'ની ઉત્પત્તિ સમુદ્રમંથનથી થયેલી બતાવાઈ છે. અહીં એનાથી પ્રબળ પુરુષાર્થનો સંકેત છે. બિનફળદ્રુપ ખારા પાણીથી પણ પુરુષાર્થી લોકો વૈભવ અને વર્ચસ્વ પ્રાપ્ત કરી શકે છે. આ હકીકતને લક્ષ્મીજન્મના ઉપાખ્યાનમાં મનીષીઓએ વર્ણવી છે. કલ્પસૂત્રની એક કથામાં ભગવાન મહાવીરના કોઈ પૂર્વ જન્મમાં તેમની માતા ત્રિશલા હોવાનું વર્ણન છે, જેણે દિવ્ય સ્વપ્નમાં 'શ્રી'નું દર્શન કર્યું હતું. સમયાનુસાર આ દિવ્ય દર્શનની પ્રતિક્રિયા પોતાના ખોળામાં ભગવાનને ખવડાવનારના રૂપમાં પ્રાપ્ત થઈ.

'શ્રી'નો ઉલ્લેખ જ્યારે કોઈ નામની સાથે કરવામાં આવે છે ત્યારે તે પોતાના દિવ્ય ગુણોને કારણે ગૌરવયુક્ત બનાવી દે છે. આના કારણે કોઈને ગૌરવ આપવા અને સન્માન આપવા માટે તેના નામની આગળ 'શ્રી' લખવાનો સાધારણ રિવાજ છે. આધ્યાત્મિક પુરુષો, રાજનેતાઓ, સન્માનીય માણસોના નામની આગળ 'શ્રી' શબ્દ જોડવાનું મહત્ત્વ એ છે કે તે પ્રતિષ્ઠિત માણસ છે. એટલા માટે 'શ્રી'નો સંપુટ જોડવા માત્રથી વ્યક્તિત્વની છબી કંઈ વિશેષ માત્રામાં માનસમાં પ્રદર્શિત થવા લાગે છે. ચોરો, ડાકુઓ, ઉઠાવગીરો, લુંટારાઓ, અપહરણકારો, આતંકવાદીઓને આ કારણે જ 'શ્રી' લગાડીને સંબોધિત કરવાનો રિવાજ નથી. કારણકે તેઓ શ્રીને અભિવ્યક્ત કરનાર ગુણોને ધરાવતાં નથી અને તેમનું સંપૂર્ણ જીવન લોકોને સતાવવામાં અને પીડિત કરવામાં જ પસાર થાય છે. આ 'શ્રી'માં સમાયેલ તત્ત્વદર્શનની વિરુદ્ધ છે.

'શ્રી'ને ભારતીય ધર્મમાં આટલું મહત્ત્વ કેમ આપવામાં આવ્યું છે ? એના વિશે વિચાર કરવાથી જણાય છે કે વ્યક્તિત્વને આંતરિક સૌંદર્ય, વ્યાવહારિક તેજસ્વિતા અને ભૌતિક પ્રગતિના સંતુલિત સમન્વયથી જ વ્યક્તિત્વનો સર્વતોમુખી વિકાસ થાય છે. નામની આગળ 'શ્રી'ને જોડવાથી એમાં સદ્ભાવના અને શુભકામનાની અભિવ્યક્તિ છે કે તે શ્રીવાન્ બને અને સર્વતોમુખી પ્રગતિની દિશામાં અગ્રેસર બને.

> જીવનને શાંતિપૂર્ણ રીતે પસાર કરવાની રીત એ છે કે આપણે આપણી મુશ્કેલીઓનું મૂલ્ય વધુ પડતું ના આંકીએ. પરંતુ એટલું જ સમજીએ જેટલું વાસ્તવમાં તેનું મૂલ્ય છે. તેમ કરવાથી આપણી અનેક ખોટી ચિંતાઓ સરળતાથી નાશ પામશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

**(એમ. જી. એમ. મેડિકલ કૉલેજ ઈન્દોર (મ. પ્ર.) માં બુદ્ધિશાળી વર્ગની સમક્ષ મે, ૧૯૭૦માં આપેલું પ્રવચન વાચકોના માટે રજૂ કરવામાં આવ્યું છે. આ બૌદ્ધિક સંદેશ જ આગળ જતાં બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનનો મૂળભૂત આધાર બન્યો. તે સંદેશ વાંચો.)**

## વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કેવી રીતે થશે ?

ગાયત્રી મંત્ર : અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

મિત્રો, ચાલો વિકાસક્રમમાં આજે આપણે ક્યાં પહોંચ્યા છીએ એના પર વિચાર કરીએ. વિજ્ઞાનના આ યુગમાં આજથી પાંચસો વર્ષ પહેલાનો માણસ જો ક્યાંય હોય અને તે આવીને આપણી આ દુનિયાને જુએ તો કહેશે કે આ કેટલી અચંબાની દુનિયા છે, આ ભૂત-પલિતોની દુનિયા છે. જો તે સડકો પર, રેલવેના પાટા પર જશે તો તે ત્યાંથી દોડી જશે, કારણ કે લોખંડના પાટા પર દોડનારી રેલગાડીઓ અને આકાશમાં ઉડનારા હવાઈ જહાજો જૂના જમાનાના લોકોને માટે આશ્ચર્યની વાતો હતી. દિલ્હીમાં બોલનારો માણસ ઈન્દોરમાં બેઠેલા માણસની એવી રીતે વાતો કરે છે જેમ કે તે સામે જ બેઠો હોય. આજના આ વિજ્ઞાનની પ્રગતિની શી વાત કરવી ? તેણે ટેલિવિઝનથી લઈને ન જાણે શું-શું બનાવી દીધું છે. એક જમાનો હતો જ્યારે તીરકમાનથી લડાઈઓ લડાતી હતી અને જ્યારે માણસના શરીરમાં તીર ઘૂસી જતું હતું ત્યારે તેને કાઢવા માટે ઘોડાની પૂંછડી સાથે દોરી બાંધી દેવામાં આવતી હતી અને ઘોડાને દોડાવી મૂકવામાં આવતો હતો ત્યારે કેટલેક દૂર જતાં તીર ઘણી મુશ્કેલીથી શરીરમાંથી બહાર નીકળી જતું હતું. માણસ બચી જાય તો ઠીક, નહીતર તે મરી જતો. પુરાનો જમાનો હતો. આજે મેડિકલ સાયંસે સર્જરીના સાયંસે ન જાણે ક્યા ક્યા ચમત્કારો કરી બતાવ્યા છે. શરીરની અંદરની વસ્તુઓ બતાવવાથી લઈને બહાર કાઢવાના કેટલાય ચમત્કાર વિજ્ઞાને કરી બતાવ્યા છે. આ મનુષ્યની બુદ્ધિનો ચમત્કાર-વિજ્ઞાનનો ચમત્કાર છે. આ આપણો જમાનો વૈજ્ઞાનિક ચમત્કારોનો જમાનો છે.

અગાઉની શતાબ્દિઓમાં મનુષ્યે જે પ્રગતિ કરી અને જે વિકાસ કર્યો છે તેની તુલનામાં આજની દુનિયા કેટલીક બાબતોમાં આગળ છે. આ દુનિયાની બાબતમાં કહેવાય છે કે એને બન્યા પછી દસ લાખ વર્ષ થઈ ગયા. આ દસ લાખ વર્ષમાં એવો સમય કદી આવ્યો નથી જેવો આજે આપણી સામે સુખ અને સુવિધાઓથી ભરેલો છે. ટેકનોલોજી અને બૌદ્ધિક દૃષ્ટિથી આપણો યુગ અને સમય કેટલો પ્રગતિશીલ અને સમૃદ્ધશાળી છે તે કહી જઈ શકાતું નથી. અગાઉના દિવસો પ્રગતિના દિવસો તો ન હતા. તંગીના દિવસો હતા પરંતુ પડતીના દિવસો તો ન હતા. મનુષ્ય આટલો નીચે કદી ગબડ્યો ન હતો કે જેટલો આજે ગબડતો જઈ રહ્યો છે. શરીરની દૃષ્ટિથી આટલો પોકળ તે કદી બન્યો ન હતો કે જેટલો આજે થઈ ગયો છે. આજે આપણે માટે એક માઈલ ચાલવું પણ મુશ્કેલ થઈ જાય છે. આપણી પાસે વાહન ન હોય તો આપણે કેવી રીતે ચાલી શકીએ છીએ ? આપણે અટેચી, બિસ્તરો લઈને કોઈ રીતે સ્ટેશનથી ઘર સુધી જઈ શકીએ છીએ ? આ આપણા માટે ઘણું મુશ્કેલ છે. આપણા વડીલો કેવા હતા ? મેં પ્રત્યક્ષ જોયું હતું કે મારા નાનાજી ચાલીસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માઈલ સુધી ચાલીને પૂનમના દિવસે ગંગાજી સ્નાન કરવા જતા હતા. ગંગાજી અમારા ગામથી ચાલીસ માઈલ દૂર છે. મારા નાનાજી સવારમાં વહેલા નીકળીને રાત પડતાં ગંગાજી પહોંચી જતા. સવારે સ્નાન કરીને ત્યાંથી નીકળી જઈ રાત પડતાં સુધીમાં ચાલીસ માઈલ ચાલીને ઘેર પહોંચી જતા. બે દિવસની ઍંસી માઈલની મુસાફરી આજે આપણા માટે મુશ્કેલ છે. આજે આપણે ચાલી શકતા નથી. શારીરિક દૃષ્ટિથી આપણે દુર્બળ બનતા ગયા છીએ.

અગાઉના જમાનામાં દાંપત્ય જીવનમાં સુખ અને સૌભાગ્યની ગરીમાઓ જણાતી હતી અને સંતોષની ધારાઓ વહેતી હતી. તે વેળા રામ અને સીતા હતા, જ્યાં એબીજાની પ્રત્યે નિષ્ઠા અને પ્રેમની ધારા વહેતી હતી. રામાયણમાં એક પ્રસંગ આવે છે જ્યારે લવકુશે જોયું કે હનુમાનજી અને લક્ષ્મણજી અશ્વમેધના ઘોડાને લઈને જઈ રહ્યા છે ત્યારે તેમણે પૂછ્યું તમે લોકો કોણ છો? ઉત્તર મળ્યો હું લક્ષ્મણ છું અને તે હનુમાનજી છે. તેમણે કહ્યું, "તમે તે લોકો છે જેમણે અમારી માને જંગલમાં વનવાસ અર્થે એકલી અને અસહાય છોડી દીધી હતી. લક્ષ્મણે આંખો નીચે ઢાળી દીધી. બાળકોએ કહ્યું, સારું હવે અમે આપને મજા ચખાડીએ છીએ. બસ, લવકુશે હનુમાનજીને પકડી લીધા અને તેમની પૂંછડી વૃક્ષની સાથે બાંધી દીધી. લક્ષ્મણજીને પણ પકડયા અને એક દોરડાથી વૃક્ષની સાથે બાંધી દીધા અને માની પાસે ગયા. માને કહ્યું, મા ! તો આ જ તે માણસો છે જેમણે તમોને જંગલમાં એકલા છોડી દીધા હતા. મા ! અમે આજે તેમને મજા ચખાડીએ છીએ. માએ કહ્યું-ના બાળકો ! આ તમારા પિતાના ભાઈ છે અને તમારા પિતાની પ્રત્યે મારી કેટલી ગાઢ નિષ્ઠા છે, તમને ખબર નથી કે વનવાસમાં મને છોડી ગયા છે ? દુનિયાના ઈતિહાસમાં દાંપત્ય જીવનનો આદર્શ રજૂ કરવો જોઈએ. તમારે માટે યોગ્ય નથી કે તમારા વડીલોનું અપમાન કરો, તેમને છોડી દેવા જોઈએ. રામે મને વનવાસમાં મોકલી હતી ત્યારે પણ તેમનું મન, મારા જીવન, મારા સ્વરૂપ અને મારા આદર્શો દ્વારા વિશ્વની સામે એક અભૂતપૂર્વ ઉદાહરણ રજૂ કરવાનું હતું. તેમણે કષ્ટ વેઠયા તો શું, પરંતુ જૂના જમાનાના દાંપત્ય જીવનની આજના આપણા દાંપત્ય જીવનની સાથે તુલના કરી શકાય નહીં. આજે સમગ્ર વિશ્વ સળગી રહ્યું છે. યુરોપ સળગી ગયું, અમેરિકા સળગી ગયું અને તે જ આગ ભડભડતી આપણા હિન્દુસ્તાનની તરફ આગળ વધીને આવી રહી છે. આજે મનુષ્ય રૂપનો ભૂખ્યો છે, ધનનો ભૂખ્યો છે, સૅક્સનો ભૂખ્યો છે અને તે દાંપત્ય જીવનના મહાન આદર્શોને ભૂલી રહ્યો છે અને સમગ્ર દુનિયામાં હાહાકાર મચી ગયો છે. સ્મશાનની જેમ મનુષ્ય બળી રહ્યો છે. દરેક વેળાએ પ્રેમની લાંબીપહોળી ચિઠ્ઠી લખવામાં આવી રહી છે અને લાંબાપહોળા આશ્વાસનો અપાઈ રહ્યાં છે, પરંતુ કોઈ સ્ત્રીને વિશ્વાસ નથી કે છ મહિના પછી અમારા ગૃહસ્થજીવનનું શું થશે ? એ જ રીતે કોઈ માણસને વિશ્વાસ નથી રહેતો કે છ મહિના પછી અમારા ગૃહસ્થજીવનનું શું થશે ? લાંબાપહોળા પ્રેમપત્રો લખતાં રહેવા છતાંય દરેક મનુષ્ય અશાંત થઈ રહ્યો છે.

અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં ન જાણે આપણા બાળકો દોડી જઈને ત્યાં શું-શું શીખવા માટે જાય છે ? ત્યાંની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. પરંતુ ત્યાંનું દાંપત્યજીવન અને ગૃહસ્થજીવન એટલું જટિલ અને હલકું બનતું જઈ રહ્યું છે કે તેની કોઈ મર્યાદા નથી. મનુષ્યના મગજ પર ટેન્શન જ ટેન્શન સવાર થયેલું રહે છે. આખી રાત ત્યાં માણસને ચેન પડતું નથી. ટ્રાંક્યુલાઈઝરની ગોળીઓ ખાઈને લોક રાત્રિ પસાર કરે છે. બ્લડપ્રેશર, હાર્ટડિસીઝ, ડાયાબિટિજ જેવી ન જાણે કઈ કઈ બીમારીઓથી ઘેરાયેલા રહે છે. ખાવાની વસ્તુઓનું ઠેકાણું નથી. ત્યાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મારો એક મિત્ર ઍન્જિનીયરીંગ કૉલેજમાં ભણે છે, તે કહે છે કે અમે પાણી પીતા નથી. અહીં ફળોના જ્યૂસની બોટલો મળે છે અને આખો દિવસ અમે પાણીના બદલે ફળોનો જ્યૂસ પીતા રહીએ છીએ. પહેલા માણસ સૂકી રોટલી ખાઈને સુખચેનનો શ્વાસ લેતો હતો અને વિશ્વાસ આપતો હતો કે અમે સુખી લોકમાં ગણાઈએ છીએ, પરંતુ હવે આપણું દાંપત્ય જીવન ન જાણે કેવું છે ? આપણા ગૃહસ્થજીવનમાં ન જાણે કેવી આગ લાગી ગઈ છે ? આપણા બાળકો વડીલોના પ્રત્યે જે રીતે નિષ્ઠાવાન હોવા જોઈએ તેમ નથી. હવે શ્રવણકુમારની માત્ર વાર્તા જ રહી ગઈ છે. એ ઈચ્છો તો તમે વાંચી શકો છો, ઈચ્છો તો સાંભળી શકો છો. તમને તમારા ઘરમાં હવે શ્રવણકુમાર જોવાનું સૌભાગ્ય મળી શકતું નથી. તમોએ રામાયણ યુગની વાર્તા પુસ્તકમાં વાંચવી જોઈએ, પરંતુ તમારે એવી આશા ન રાખવી જોઈએ કે તમારા ઘરમાં બાળકો રામ અને સીતા જેવા હોય. પરંતુ પિતાનું મન શંકાથી ભરેલું છે કે અમારા પાંચ બાળકો છે, પરંતુ મોટા થયા પછી શું બનશે ? આપણું સામાજિક જીવન, રાષ્ટ્રીય જીવન, આર્થિક જીવન કેટલું બધું જટિલ અને વ્યસ્ત બની રહ્યું છે. વિજ્ઞાનની પ્રગતિ થઈ હોવા છતાંય, ધનની આબાદી વધી હોવા છતાંય, માણસ માટે મોટી સમસ્યા પેદા થઈ રહી છે. એને તમારે સમજવી પડશે, એના પર વિચાર કરવો પડશે કે આવું છેવટે કેમ છે ?

મિત્રો ! તમારા પર, નવી પેઢી પર જે જવાબદારીઓ આવી રહી છે, તે આવશે અને આવવી જોઈએ. તમારે વ્યક્તિગત જીવન, રાષ્ટ્રીય જીવનની મુશ્કેલીઓ હલ કરવી પડશે. તમારામાંથી મોટાભાગનાએ તે રોલ ભજવવો જે રાષ્ટ્રીય જીવન અને વ્યક્તિગત જીવનને વિકસિત કરવા માટે જરૂરી હોય. જવાબદારીઓ પોતાના સ્થાન પર રહશે અને તેના માટે ઘણો શ્રમ કરવો પડશે. આજે રાષ્ટ્રની અને વ્યક્તિગત અનેક પ્રકારની સમસ્યાઓ છે કે જેને હલ કરવાનું આવાહન છે. તેને કેવી રીતે હલ કરી શકાય એની હું તમને એક નાની સરખી ફોર્મુલા આપીને જવા ઈચ્છું છું. તમારામાંથી કોઈ પણ માણસે ખાસ કરીને વિદ્યાર્થીઓએ આવનારા દિવસોમાં કેટલીક જવાબદારીઓનો ભાર તમારા ખભા પર ઉપાડવો પડશે, જે કાર્ય રાષ્ટ્રનિર્માતાઓએ કરવા પડતાં હોય છે.

તો પછી તમારે ક્યા આધાર પર વ્યક્તિનું નિર્માણ, સમાજનું નિર્માણ, રાષ્ટ્રનું નિર્માણ કરવા અને આજની ગુંચવાયેલી સમસ્યાઓને હલ કરવા માટે શું કરવું જોઈશે ? એના માટે એક ફોર્મુલા એ છે કે માણસે પોતાના અંતઃકરણમાં ડોકિયું કરવું પડશે. સમસ્યાનો ઉકેલ બહારથી નહીં, બલ્કે અંદરથી શોધવો પડશે. સમસ્યાઓ બહારથી પેદા થતી નથી. સમસ્યાઓ અંદરની હોય છે અને તે બહારથી દેખાય છે. માણસ પોતે અંદરથી સમસ્યાઓ પેદા કરે છે અને તે બાહ્ય જીવનમાં માત્ર રજૂ થતી હોય છે. મારી અંદર એક આત્મા કામ કરે છે મારો એક તાર કામ કરે છે. તે જ કામ કરી રહ્યો છે અને તે જ ભાષણ કરી રહેલ છે, પુસ્તકો પણ તે જ લખાવે છે, સમાજના નવનિર્માણના સ્વપ્નાઓ પણ તે જ જુએ છે. તમે જે બહાર ક્રિયાઓ જોઈ રહ્યા છો તે બાહ્ય નથી, પરંતુ મારા અંદરના અંતરંગ-ચેતનાની છે. સમસ્યાઓની બાબતમાં પણ આ જ વાત છે. બીમારીઓ પણ બહારથી દેખાય છે, તાવ બહારથી આવેલો જણાય છે, ઉધરસ બહારથી ખાવાથી જણાઈ આવે છે, પરંતુ વાસ્તવમાં તે અંદરથી જ પેદા થાય છે.

આજે સમસ્યાઓને લીધે આપણું રાષ્ટ્ર, સમાજ અને વ્યક્તિ અર્થાત્ સમગ્ર વિશ્વ જકડાઈ ગયું છે. એ આપણી અંદરથી જન્મી છે. હું તમોને નિવેદન કરવા ઈચ્છું છું કે જ્યારે તમારે એનું સમાધાન શોધવાનું થાય તો તમારે માત્ર બહારથી નહીં, અંદરની તરફ ડોકિયું કરવું જોઈએ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે ક્યાંય મનુષ્યનું વ્યક્તિત્વ અને સમાજનું અંતરંગ તો બગડી ગયું નથી ને. જો તે બગડી જાય તો તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમાજની અને વ્યક્તિની ગુંચવાયેલી સમસ્યાઓને હલ કરવા માટે બાહ્ય ઉપચાર કરવા જ પૂરતા નથી. સારવારના ઉપાયો શોધવા જોઈએ અને રિસર્ચ કરવી જોઈએ કે દવાઓ દ્વારા બીમારીઓથી કેવી રીતે છુટકારો મેળવી શકાય ? માણસની તબિયત કેવી રીતે સારી બનાવી શકાય ? પરંતુ તમારે એ ભૂલવું જોઈએ નહીં કે અંતરંગ જીવન જો સુવ્યવસ્થિત ન થઈ શકે તો આપણા સ્વાસ્થ્યની સમસ્યા હલ થઈ શકશે નહીં.

સેન્ડોનું નામ તમે સાંભળ્યું હશે કે જેના નામની સેન્ડોકટ બનિયાન લોકો પહેરે છે. પોતાના જમાનામાં તે યૂરોપનો એક પ્રખ્યાત પહેલવાન હતો. હાલમાં તો બીજા અનેક પહેલવાનો જોવા મળે છે. સેન્ડો બાળપણમાં બીમાર રહેતો હતો, તે શરદી-તાવથી પીડાતો હતો. પોતાના પિતાની સાથે તે એક દિવસે મ્યૂઝિયમ જોવા ગયો. ત્યાં પહેલવાનોના ફોટાઓ જોઈને પૂછ્યું, પિતાજી શું હું પણ પહેલવાન બની શકું છું ? પિતાએ કહ્યું-હા ! આ સાંભળીને જિજ્ઞાસાયુક્ત અવાજમાં સેન્ડોએ કહ્યું, "પિતાજી બતાવો કે આપણે પહેલવાન અને મજબૂત બનવા માટે શું કરવું જોઈએ ?" તેમણે કહ્યું, "બેટા મજબૂતીનો બધો આધાર અને લાંબા જીવનનો સમગ્ર આધાર મનુષ્યની અંદર રહેલો છે, પરંતુ માણસ આ બાબતને ભૂલી ગયો છે. માણસ જો પોતાની ભૂલોને સુધારી શકે તો સુંદર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકે છે. બેટા ! આપણે આપણું પેટ બગાડી દીધું છે. ભૂખ કરતાં વધુ ખાઈને અને બિનજરૂરી ચીજો ખાઈને આપણે સ્વાસ્થ્ય બગાડીએ છીએ. ઈન્દ્રિયો આપણા શરીરનું કામ કરવા માટે છે, પરંતુ આપણે ઈન્દ્રિયોની પાસે શક્તિ કરતાં વધુ કામ લઈને તેને નબળી પાડી દીધી છે. આપણે મગજને ચિંતાઓથી ભરી દઈને તેની નર્વસ સિસ્ટમ બગાડી દીધી છે. આપણે આ ત્રણ ખરાબીઓને જો હટાવી દઈએ તો લાંબી. જિંદગી જીવી શકીએ છીએ અને કોઈ પણ માણસ પહેલવાન બની શકે છે. પિતાજી ! આપણે દવા ખાવી જરૂરી નથી ? તેમણે કહ્યું, "ના બેટા. દવાઓ તો માત્ર બીમારીઓને ઠીક કરવા માટે જરૂરી હોય છે. એ કામચલાઉ શક્તિ આપે છે. કોઈ માણસને મજબૂત કે દીર્ઘજીવી બનાવવા માટે દવાઓ અસરકારક સાબિત થતી નથી. જો દવાઓ અસરકારક રહી હોત તો જેટલા પણ ડૉક્ટરો છે તેઓ બીજાનો ઈલાજ કરતાં પહેલા પોતાનો ઈલાજ કરત અને સામાન્ય માણસ કરતાં વધુ બળવાન અને પહેલવાન જોવા મળત. જેને હું અધ્યાત્મનો અંશ કહું છું તે સ્વાસ્થ્યના નિયમોનું સેન્ડોએ પાલન કર્યું અને તે પહેલવાન બન્યો.

આપણે એને સંયમ કહી શકીએ. શબ્દોથી શું થાય છે ? હું તો તેને અધ્યાત્મ કહીશ. જો માણસ વાણીનો સંયમ, ઈન્દ્રિયોનો સંયમ, મગજની વિચારધારાઓનો સંયમ, ઊઠવા-બેસવાનો સંયમ અને પોતાના આહારવિહારનો સંયમ પાળી શકે છે તો તેની તબિયત સારી બનાવી શકાય છે. જૂના જમાનામાં ડૉક્ટરો પણ ન હતા. તે વેળાએ કોઈ કોઈ હકીમ જડીબુટ્ટી, લીમડાના પાન અને કાળા મરીનો ઉપયોગ કરાવતાં હતાં. એમાંથી બીમારીઓ મટી જતી હતી. આ બધા કારણોમાં એક કારણ એ છે કે માણસ પોતાની જાતને પોકળ બનાવતો ગયો છે. તમે નવી પેઢીના લોકોમાંથી શક્ય છે કે કોઈને રાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી બનવું પડે, તો હું તમોને એક નિવેદન કરીને જવા ઈચ્છું છું કે ભલે તમે હૉસ્પિટલો ખોલાવશો, મેડિકલ સાયંસમાં રિસર્ચ કરાવશો, પરંતુ એ ભૂલશો નહીં કે માણસના સ્વાસ્થ્યનો મૂળભૂત આધાર સંયમ જ હોય છે. જેને અમે કેટલીય વખત આધ્યાત્મિકત કહ્યું છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને જૂના જમાનાના લોકો પણ જણાવતા હતા તે છે સંયમશીલતા. લોકોને સંયમશીલતા શીખવવી જોઈએ. સુંદર સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્યની સમસ્યાનો ઉકેલ એ વાત પર નિર્ભર છે કે માણસ પોતાના આહારવિહાર, ઈન્દ્રિયો અને મગજનો ઉપયોગ અને પેટના ઉપયોગની બાબતમાં પુનઃ જાણકારી મેળવે અને એમને, ઠીક રીતે ઉપયોગ કરે. તમોને કદી સ્વાસ્થ્ય મંત્રી બનવાની તક મળે તો આ સાધારણ ફોર્મુલાને યાદ રાખજો.

એક બીજી વાત પ્રત્યે પણ હું તમારું ધ્યાન ખેંચવા ઈચ્છું છું કે તમે અમો કહીએ તે મુજબ પ્લાનિંગ કરીને એક યોજના બનાવો અને દરેક માણસને ગૃહસ્થી અને બાળકોની જવાબદારીનું શિક્ષણ આપો. ગૃહસ્થીમાં જે નાનું સરખું ફૂલ જેવું બાળક આવનાર છે તેના સર્વાંગિણ વિકાસ પર ધ્યાન આપી શકશો કે કેમ અને તમારી પત્નીને સ્નેહ અને પ્યાર પૂરો પાડવામાં સમર્થ હોય તો જ ગૃહસ્થી સ્વીકારશો. માણસનો ખોરાક અનાજ નથી, રોટી નથી, દૂધ નથી, એ બધું શરીર માટે છે. માણસ શરીર નથી. માણસમાં શરીરના ઉપરાંત એક વસ્તુ છે, જેને જીવાત્મા કહેવાય છે. તે જીવાત્મા પ્રેમનો તરસ્યો છે. પ્રેમ અને મહોબત ધર્મપત્નીને ના મળી શકે તો તેની પ્રતિક્રિયાઓ ખોટી થતી જશે અને આપણા ઘરોમાં તે નિષ્ઠાઓ પેદા થશે નહીં. જોકે નાના નાના મકાનોમાં અને ભાડાના ઘરોમાં જોવા મળતી નિષ્ઠાઓ સ્વર્ગ જેવું વાતાવરણ જન્માવે છે. બે માણસોનો સ્નેહ એક અને એક મળીને અગિયાર બની શકે છે. રામ અને લક્ષ્મણ મળીને બે ન હતા, એક અને એક અગિયાર હતા. જાનદાર વસ્તુઓમાં જો નિષ્ઠાઓ અને વફાદારી હોય તો એક અને એક બે હોતી નથી એક અને એક મળીને અગિયાર થાય છે. આપણું દાંપત્ય જીવન અર્થાત્ ગૃહસ્થ જીવન ગરીબીમાં પણ સુખનો આધાર બની શકે છે અને એકબીજાથી એટલા બધા પ્રસન્ન અને સંતુષ્ટ રહી શકે છે કે એનું કોઈ માપ હોતું નથી.

યૂરોપમાં એક ગરીબ દંપતી હતા. લગ્નનો દિવસ આવનાર હતો. બંને એકબીજાને ભેટ આપવા ઈચ્છતા હતા, પર વ્યવસ્થા કેમ કરવી તેના વિચારમાં હતા. પતિના મનમાં ઘણા દિવસોથી એક સ્વપ્ન હતું કે પોતાની સ્ત્રીના સોનેરી રેશમ જેવા વાળ માટે સોનાની ક્લિપ લાવી આપું અને પત્નીનું મન હતું કે લગ્નના દિવસે પોતાના પતિની ઘડિયાળ માટે સોનાની ચેન લાવી આપે, પરંતુ બંનેના ખિસ્સા ખાલી હતાં. સ્ત્રી વાળના વેપારીની દુકાન પર ગઈ અને વાળ વેચીને ઘડિયાળ માટે ચેન ખરીદી લાવી. પેલી બાજુ તેનો પતિ પોતાની ઘડિયાળ વેચીને ક્લિપ ખરીદી લાવ્યો. લગ્નનો દિવસ આવ્યો ત્યારે પતિએ પત્નીને કહ્યું, "હું તારા માટે સોનાની ક્લિપ લાવ્યો છું, પરંતુ તેં તારા માથા પર કેમ રૂમાલ બાંધી રાખ્યો છે ? એને ખોલી દે, હું તારા વાળમાં ક્લિપ લગાવું." પત્ની બોલી હું તમારી ઘડિયાળની ચેન લાવી છું પરંતુ આજે તમારા હાથ પર આ રૂમાલ કેમ બાંધ્યો છે ? બંનેએ એકબીજાના રૂમાલ ખોલ્યા તો જોયું કે વાળ કપાયેલા છે અને કાંડુ ખાલી છે. એકના હાથમાં ક્લિપ અને બીજાના હાથમાં ચેન. બંનેની આંખમા વફાદારી અને એકબીજાની પ્રત્યે નિષ્ઠાના આંસુ વહેવા લાગ્યા. ભાઈઓ, જે લોકોમાં આ રીતની ભાવનાઓ અર્થાત્ નિષ્ઠાઓ છે, ત્યાં અમે એ જ કહી શકીએ છીએ કે દાંપત્ય જીવનમાં સ્વર્ગ આવી ગયું.

થોડા દિવસ પહેલાની બીજી એક ઘટના છે. એક માણસનું લગ્ન થયું. ઘરમાં પત્ની આવી અને ત્રણ મહિના જ સ્વસ્થ રહી. ત્યાર પછી તેને ટી. બી. થઈ ગયો. ભગવાનની માયા ! તે બાવીસ વર્ષ સુધી જીવિત રહી. તેની ટી. બી. થી એવી સ્થિતિ બની ગઈ હતી કે તે પડખું પણ ન ફેરવી શકતી. પરંતુ તેના પતિનું એક જ કામ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતું. ઑફિસ જતાં પહેલા સ્ત્રીને નવડાવવી, કપડા ધોવાં, માથાના વાળ ઓળી આપવા, ચા-પાણી પીવડાવવા, રસોઈ બનાવવી અને સાંજે આવીને ફરીથી ઘરનું બધું કામ કરવાનું, તેનો બધો જ સમય તેમાં વીતી જતો. મિત્રોએ કહ્યું, "તમે સિનેમા જતા નથી ?" તેણે કહ્યું, "મારી પત્ની બીમાર છે અને હુ તેની વફાદારીથી સેવા કરું છું. એનાથી મોટો સંતોષ ક્યાં મળી શકે છે ? સિનેમામાં શું છે કે જેને જોઈને ચેન અને ખુશી પ્રાપ્ત થઈ શકે. તેમાં તો આપણે એ જોવા જઈએ છીએ કે આપણું દાંપત્ય જીવન કેવી રીતે ખુશહાલ બને ? મારી કર્તવ્યપરાયણતા જોઈને જ્યારે તેની આંખોમાં આંસુનું ઝરણું વહે છે ત્યારે હું તો એ સમજું છું કે એ હીરામોતી કરતા મોટી ભેટ છે અને જ્યારે તેની દશા જોઈને મારી આંખોમાં મોહબ્બતના આંસુ ઊભરાઈ આવે છે ત્યારે તે સમજે છે કે તેના પર સ્વર્ગ ન્યોછાવર થઈ ગયું ?

સાથીઓ ! કૌટુંબિક જીવનની સુખશાંતિ ચહેરાની ઝલક પરથી ટપકતી નથી, એ તો માણસની ભાવનામાં સમાયેલી છે. મનુષ્યોને કહો કે જ્યારે તમારે લગ્ન કરવાની ઈચ્છા થાય ત્યારે ચહેરો જોવાને બદલે તેની વિચારસરણી જુઓ અને રંગ જોવાને બદલે તેની ભાવનાઓ જોવાનું પસંદ કરો. તમારી સાથીની 'કટ' અર્થાત્ ફેશન શોધવાને બદલે ગુણ, કર્મ અને સ્વભાવ જોવાનું પસંદ કરો. જો તમારે બાળકોના નિર્માણની રાષ્ટ્રીય જવાબદારી ઉપાડવાની થાય અને જો તમારામાં મહોબત હોય તો તમે બાળકોને જન્મ આપતા પહેલા એ સારી રીતે સમજી લેશો કે બાળકોના વિકાસને માટે માત્ર ખોરાક જ જરૂરી નથી બૉર્નવિટા જરૂરી નથી, સારાં કપડાં જરૂરી નથી, શાળારૂપી કાંટડીમાં મોકલી દેવાં જરૂરી નથી. આવા જેલખાનામાં બાળકો માત્ર ઍટીકેટ શીખી શકે છે. કપડાની ક્રીજ કેમ ખરાબ થઈ જાય છે ? તેને કેવી રીતે ઠીક રાખી શકાય છે, એ સભ્યતા અને શિષ્ટાચાર શીખી શકે છે, પરંતુ તેમનો ભાવાત્મક વિકાસ થઈ શકતો નથી. કારણકે જે માબાપના મનમાં કુટુંબ પ્રત્યે અને એકબીજાની પ્રત્યે પ્યાર, મહોબત અને આદર્શ કર્તવ્યનિષ્ઠા ભરેલી છે તેમના વ્યવહારથી જ બાળકોમાં ભાવનાત્મક વિકાસ થઈ શકે છે. આજે કુટુંબોમાં તેનો અભાવ છે. ઈંગ્લેન્ડ અને અમેરિકમાં એવા ઘણાય બાળકો જન્મે છે કે જેમને સંભાળવાની સ્થતિ માબાપની હોતી નથી અને તેથી તેમની અનાથાશ્રમમાં ભરતી કરી દેવામાં આવે છે. સરકાર તેમના માટે સારા ખોરાકની અને શિક્ષણની વ્યવસ્થા કરે છે. આમ છતાંય પ્યાર-મહોબ્બતની ઉણપથી બાળક રાષ્ટ્રનો કર્ણધાર બની શક્યો નહીં, કોઈ પણ મહાપુરુષ ન બન્યો, કોઈ લેખક કે કવિ ન બન્યો. મોટાભાગના માણસો તેમાંથી સૈનિક બને છે. આ તે માણસો છે કે જેઓ મહોબતથી વંચિત રહ્યા છે. માણસને મહોબતના ઘૂંટડા પીવડાવવા જોઈએ અને તેમાં ખાસ કરીને બાળકોને તો અવશ્ય પીવડાવો, બોર્નવિટાની જરૂર નથી.

જો આપણે મહોબત પીવડાઈ શકીએ તો આપણા બાળકો શ્રેષ્ઠ રાષ્ટ્રનિર્માણના માટે કેટલા ઉપયોગી નીવડી શકે છે એનું એક નાનું સરખું ઉદાહરણ હું તમોને સંભળાવું છું. વિનોબા ભાવેની માતાને પોતાના બાળકોને અને પડોશીના એક બાળકને પણ પાળવો પડ્યો. તેમની પડોશણ એક બાળકને સોંપીને કહેતી ગઈ હતી હવે અમે આ દુનિયાછોડીને જઈ રહ્યાં છીએ. વિનોબા ભાવેની મા તે બાળકનું પાલન કરતી રહી અને તેને ઘીથી ચોપડીને ગરમ-ગરમ રોટલીઓ ખવડાવતી હતી અને પોતાના બાળકોને સૂકી અને વાસી રોટલીઓ આપતી. વિનોબાએ એક દિવસે તેની માને પૂછ્યું, મા ? અમે બાળકો એક સમાન છીએ તો પછી તમે કેમ ભેદભાવ રાખો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છો, એકને ગરમ રોટલી ખવડાવો છો અને એકને ઠંડી રોટલી આપો છો. એકને ઘીથી ચોપડેલી અને એકને કોરી રોટલી આપો છો. આમ ભેદ રાખવાનું કારણ શું છે ? અમે બાળકો છીએ તો એકસરખું ખાવાનું કેમ આપતી નથી ? માએ કહ્યું, બેટા આ મારી પડોશણનો બાળક છે, એટલા માટે આ ભગવાનનો બાળક છે. તું મારો બાળક છે અને તારી સાથે મારી મમતા જોડાયેલી છે અને એમની જોડે ભગવાનની જવાબદારીઓ જોડાયેલી છે. એક મા પોતાના બાળકને મારા ખોળામાં સોંપી ગઈ હતી, આથી ભગવાનના બાળક માટે જે કરવું જોઈએ હું તે જ એની સાથે કરું છું. મહોબતની લદાયેલી વિનોબાની મા તે બાળકનું પાલન કરતી રહી, તેમણે સ્વાર્થને જોયો નહીં. વિનોબાજીની જીવન કથામાં લખ્યું છે કે સવારના સમયે મા જ્યારે ઘંટી દળતી હતી અને મને જ્યારે ભૂખ લાગતી ત્યારે તે જે ચણા દળતી હતી તેને ખાઈને ચલાવી લેતો. વિનોબાજી વિટામિન એ, વિટામિન બી અને વિટામિન સી મેળવી શક્યા ન હતા. પરંતુ ભોજનની સાથોસાથ તેઓ માનવતા રૂપી ખોરાક અર્થાત્ મહોબત ખાતા રહેતા. જો તમારી પાસે મહોબત છે તો તમારે બાળકો પેદા કરવા જોઈએ અને તેમના નિર્માણનું ધ્યાન આપવું જોઈએ. ઈસુ ભગવાનને એક માણસે પૂછ્યું કે તમે ભગવાન જોયા છે ? તેમણે કહ્યું હા, અમે જોયા છે. શું તમે મને પણ દેખાડી શકો છો ? તેમણે કહ્યું, હા, તો બતાવો. ઈસુ એક નાનો બાળક ઉપાડીને લઈ આવ્યા અને બોલ્યા, આ જ ભગવાન છે. એનું મન નિર્મળ છે, ભાવનાઓ શુદ્ધ છે, આ બાળક કામ, ક્રોધ, અભિમાન, મોહ, મત્સર વગેરે બુરાઈઓથી મુક્ત છે. જે માણસ આ બુરાઈઓથી બચેલો છે તે ભગવાન હોવો જોઈએ અને માણસના રૂપમાં ભગવાન જોવા હોય તો આ બાળક છે.

બાળકોને પોષવા માટે જો નિષ્ઠાઓ અને વફાદારી હોવી જોઈએ તે આપણી પાસે નથી. આને કારણે જ આપણા બાળકો વિરોધી બની ગયા. બાળક પિતાજીના આવવાની રાહ જોઈને બેઠો હતો અને વિચારતો હતો કે વાનર, રીંછ અને સસલાની વાર્તાઓ સંભાળાવશે, ખોળામાં બેસાડશે, ખભા પર બેસાડશે અને ફરવા માટે લઈ જશે. એટલામાં પિતાજી સાઈકલ લઈને આવ્યા. બાળકો દોડી ગયા અને પપ્પા આવ્યા તેમ કહીને પાસે ગયા, કોઈએ લેંઘો પકડ્યો તો કોઈએ ઝભ્ભો પકડીને કૂદવા લાગ્યા અને પથ્થર જેવા અમે બાળકોને ધમકાવીને મારવા લાગ્યા-કહ્યું ભાગો અહીંથી, મારા કપડાં ગંદા કરી દીધા. બાળકો ગભરાઈને માના ખોળામાં સંતાઈ ગયા, વિચાર્યું કે મા આંખના આંસુ લૂછશે. પિતાજીએ કહ્યું, આ શેતાનોને સંભાળો. અમારે સિનેમા જવું છે, ક્લબ જવું છે. જે બાળકોને પ્રેમ મળ્યો નથી તેમનો વિકાસ કેવી રીતે થશે ? આપણે ફરિયાદ કરીએ છીએ કે બાળકો શિસ્ત વગરના છે, કહેવાનું માનતા નથી, વડીલોનું માન રાખતા નથી અને શિક્ષકોને ધમકાવે છે, યૂનિવર્સિટીના કાચ તોડી નાખે છે. બિચારા બાળકો આમ નહીં કરે તો શું કરશે ? નાનપણથી જ આવું જોયું છે અને શીખ્યા છે. એમને રોકવાની જવાબદારી શિક્ષકોની નથી, બલ્કે બાળકોને જન્મ આપનારની છે. વડીલોએ બાળકોને જન્મ આપતાં પહેલા વિચાર્યું નહીં કે આપણી પાસે મહોબત ન હોય તો ભગવાનને કેમ બોલાવીએ. એ વિચારવું જોઈએ કે આપણા જેવા લોખંડ કે પથ્થર હૃદયના તેમજ વિલાસી અને કામી માણસો બાળકોની જવાબદારી ઉઠાવી શકતા નથી. એવા લોકોને એ કહેવું જોઈએ કે ભાવી નાગરિકોને મહાપુરુષોના રૂપમાં વિકસિત કરવા ઈચ્છતા હોય અને એમ ઈચ્છતા હોઈએ કે આપણા દેશના નાગરિકો મહાન બને, ઓજસ્વી બને, શક્તિવાન બને, નેતા બને અને મહાનતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મેળવે તો તેમના માટે ધન એકત્ર કરવું પૂરતું નથી, બલ્કે તેમનામાં ગુણોનો વિકાસ કરવો જરૂરી છે. ગુણોનો વિકાસ જ તે મુખ્ય તત્ત્વ છે, જે નાના અને ગરીબ માણસોને દુનિયાની દૃષ્ટિમાં અજર અમર બનાવી શકે છે. નાના ઘરોમાં જન્મેલા મનુષ્યોને બાદશાહ બનાવી શકે છે અને ઊંચા સ્થાન પર પહોંચાડી શકે છે.

રાજસ્થાનમાં હીરાલાલ શાસ્ત્રી નામના સંસ્કૃતના એક શિક્ષક હતા, તેમને માસિક ૪૫ રૂપિયા પગાર મળતો હતો. ૨૬ વર્ષની વયે તેમની પત્નીનું મૃત્યુ થઈ ગયું. લોકોએ તેમને બીજું લગ્ન કરવાનું કહ્યું. તેમણે કહ્યું કે પહેલી પત્નીની સેવા અને વફાદારીનું ઋણ તો ચૂકવી શક્યો નથી અને તમે બધા બીજું લગ્ન કરવાની વાત કરો છો. તેઓ નોકરી છોડીને પોતાની પત્નીના ગામમાં જતા રહ્યા અને નિશ્ચય કર્યો કે આ ગામની એક છોકરીએ મારી સેવા અને સહાયતા કરી છે તો હું આ ગામની સેવા કરીશ. આમ વિચારીને તેમણે કન્યાશાળા શરૂ કરવાની ઈચ્છાથી એક વૃક્ષના નીચે છોકરીઓને ભણાવવાનું શરૂ કર્યું. કેટલાક લોકોએ તેમની મજાક પણ કરી, પરંતુ તેઓ પોતાની નિષ્ઠા પર અટલ રહ્યા. આ વાત જોઈને ગામના સજ્જન લોકોએ છાપરું નાખી દીધું અને છોકરીઓ ભણવા લાગી. લોકોએ વિચાર્યું કે જે માણસ કષ્ટ અને મુસીબતો વેઠીને બીજાઓની સુવિધા અને રાષ્ટ્રની પ્રગતિ, ગામની પ્રગતિના માટે કામ કરી રહેલ છે, તેનું નામ માણસના રૂપમાં ભગવાન ગણવું જોઈએ. પછી તો એવું બન્યું કે રૂપિયા પૈસા, સોનાચાંદી,લોખંડ-સીમેન્ટ આવતું ગયું અને તે જગ્યા પર વનસ્થલી નામનું વિદ્યાલય રચાઈ ગયું. ભારતમાં આ મહિલા વિશ્વવિદ્યાલય પહેલા નંબરનું છે, જેમાં હવાઈ જહાજ ઉડાડવાથી લઈને સ્કૂટર ચલાવવાની અને વિવિધ વિષયોની તાલીમ આપવામાં આવે છે. સ્વતંત્રતા પછી જ્યારે પ્રથમ સરકાર રચાઈ ત્યારે આ જ હીરાલાલ શાસ્ત્રીને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવાયા. મનુષ્યનો આધ્યાત્મિક વિકાસ એ વાતમાં નથી કે તેની પાસે કેટલું ધન છે એશઆરામ અને મોજશોખના સાધનો કેટલાં છે ? મનુષ્યની મહાનતા કે પ્રગતિની આ નિશાનીઓ નથી. પ્રગતિની નિશાનીઓ માણસની અંદરની હિંમત અને બહાદુરી છે જેના આધાર પર માણસ સિદ્ધાંતોનું પાલન કરવામાં સમર્થ બને છે.

કોરિયાના એક ખેડૂત યાંગનું નામ તમે સાંભળ્યું છે ? જે રીતે આપણે ત્યાં ગાંધીજીનો ફોટો ઘરમાં લટકાવવામાં આવે છે તે જ રીતે દક્ષિણ કોરિયામાં યાંગનો ફોટો લટકાવેલો રહે છે. નવો પાક તૈયાર થઈને આવે છે ત્યારે પહેલા યાંગની પૂજા થાય છે અને પછીથી અનાજનો ઉપયોગ કરવામાં આવે છે. સને ૧૮૨૧માં જ્યારે કોરિયામાં દુષ્કાળ પડ્યો ત્યારે તે કપરા સમયમાં લોકો ભૂખે મરવા લાગ્યા અને એકબીજાની લૂંટફાટ કરીને ખાવા લાગ્યા. યાંગે પોતાના બાળકો અને પત્નીને બોલાવીને કહ્યું કે દેશમાં પંદરવીસ લાખ લોકો ભૂખે મરી રહ્યા છે, આપણી પાસે અનાજ છે જેને ખાઈને આપણે જીવિત રહી શકીએ છીએ, પરંતુ આવતા વર્ષે વરસાદ થાય અને બીજ ન મળી શકે તો સમગ્ર કોરિયા મનુષ્યો વિનાનો થઈ જશે, એથી અનાજ ખાવાના બદલે બીજ તરીકે રાખી મૂકવામાં આવે. અનાજના કોઠારો બંધ કરી દઈને બેંકના સીલ લગાડી દીધા અને કહ્યું કે વરસાદ થાય ત્યારે બીજની જરૂરિયાત પડતાં એને ખોલવામાં આવે. પત્ની અને બાળકો સહિત પાંચે મનુષ્યો ભૂખે મરી ગયા. વરસાદ થતાં બીજની વાવણી કરી દીધી અને યાંગ ત્યાંના દેવતા બની ગયા કારણ કે તેમને પોતાના સ્વાર્થ અને પ્રાણનો ત્યાગ કર્યો હતો.

મહાનતાઓ શીખવવામાં આવે છે મોટાઈ નહીં. અમીરી નહીં મહાનતા શીખવવામાં આવે છે. આપણે લોકોના મગજ બદલવા જોઈએ. જો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાષ્ટ્રને મહાન બનાવવું હોય માણસને મહાન બનાવવો હોય, રાષ્ટ્રને સમર્થ અને મજબૂત બનાવવું હોય તો આપણે લોકોને એ કહેવું જોઈએ કે દરેક માણસ સ્વયં પોતાને બદલે, પોતાના પરિવારને બદલે ત્યારે પોતાની આસપાસના લોકો બદલાશે. દુનિયા બદલાઈ રહી છે અને સુધરી રહી છે એ સમયમાં આપણે કેવી રીતે બચી શકીએ ? આપણે મહત્ત્વાકાંક્ષાઓને બદલે મહાનતાઓ જગાડવી જોઈએ. આજે માણસની અંદર મહત્ત્વાકાંક્ષાઓ વધી રહી છે. દરેક માણસ મહત્ત્વાકાંક્ષી છે, અમીર બનવા ઈચ્છે છે. દરેક માણસ સુખી બનવા ઈચ્છે છે. હું સુખ અને અમીરીની વિરુદ્ધ નથી. પરંતુ એ કહું છું કે મનુષ્યની અંદર જે મહાનતાઓ પ્રસુપ્ત પડેલી છે તેમને પણ જગાડવામાં આવે, જેમકે ઈંગ્લેન્ડના નેલસન અને જાપાનના ગાંધી કાગાવાએ પોતાની અંદરથી જગાડી હતી.

નેલસન ઈંગ્લેન્ડના સૈન્યમાં એક સામાન્ય સિપાઈ હતા, પરંતુ જ્યારે તેમણે જોયું કે તેના દેશનું સૈન્ય ખરાબ રીતે દુશ્મનોના હાથે માર ખાઈ રહ્યું છે તો તે પોતાના અફસરોની પાસે ગયા અને બોલ્યા, "સિપાઈઓ માટે માત્ર બંદુકો જ પૂરતી નથી. સિપાઈઓમાં જુસ્સો, દેશભક્તિની ભાવના અને કપાઈને મરી જવાની ભાવના જ વિજય અપાવે છે. આ કામ મને સોંપવામાં આવે. મોટા અફસરોએ તેને એ કામ સોંપી દીધું અને નેલસન જે નિષ્ઠાની સાથે, દેશાભક્તિની સાથે, જે ઉમંગની સાથે લડ્યા તે ઉમંગ આપણે ભારતીય સૈનિકોમાં પાકિસ્તાન સાથેની લડાઈમાં જોઈ છે, જેમાં સૈનિકો ટેન્કોની સામે ટકરાવવામાં પણ પાછા પડ્યા ન હતા અને પોતાના જીવ જોખમમાં મૂકી દીધા. નેલસને પણ આ જ કર્યું. તેણે પોતાની છાતી પર બોંબ બાંધ્યા અને દુશ્મનોની ટેન્કોની સામે આવી ગયા. તેમને ટેન્કો નીચે કચડી દેવાયા. પરંતુ ટેન્કો પણ બોંબના ધડાકાની સાથે ઊડી ગઈ. ઘાયલ અને લોહીલુહાણ નેલસન જ્યારે ઊભા રહેવા શક્તિમાન ન રહ્યા ત્યારે તેમણે પોતે પોતાને એક વૃક્ષની સાથે બંધાવી લઈને પોતાની સેનાનું માર્ગદર્શન આપવા લાગ્યા. શરીરમાંથી લોહીના ફૂવારા છૂટી રહ્યા હતા, છતાં પણ તેઓ ચોરચા પર અટલ રહ્યા. ઈંગ્લેન્ડ જ્યારે જીતી ગયું ત્યારે ખુશીના સમાચર નેલસનના કાનમાં સંભળાવવામા આવ્યા, તો તેમણે કહ્યું, "હવે મને મરવામાં કોઈ ડર નથી, મારું મોત ખુશીની ભેટ છે. હવે હું શાંતિથી અને સારાપણાની સાથે મરીશ. એટલું કહીને તેણે અંતિમ શ્વાસ લીધો.

આ જ રીતે કાગાવાએ પોતાના પેટે પાટા બાંધીને બીમારો, ભિખારીઓ, અપંગો, કોઢવાળા અને શરાબીઓની દશા સુધારવામાં સમગ્ર જીવન ખપાવી દીધું. જેમ ભારતમાં ગાંધીજીનો ફોટો દરેક જગ્યાએ લટકાવેલો જોવા મળશે તેમ જાપાનના દરેક ઘરમાં કાગાવાનો ફોટો લટકાવેલો જોવા મળશે. જેમ ભારતના દરેક બાળકના મોંઢે ગાંધીજીનું નામ રમે છે તેમ જાપાનના દરેક નાગરિકને કાગાવાનું નામ યાદ છે. તેનું નામ એટલા માટે યાદ છે કે તેમણે દેશના પછાત લોકોના માટે સમગ્ર જિંદગી સમર્પિત કરી દીધી. કાગાવાનું નામ અજર-અમર થઈ ગયું. ઈંગ્લેન્ડનો દરેક નાગરિક કૃતજ્ઞતાના ભાવોથી નેલસન માટે ભરેલો છે. જાપાનના કાગાવા માટે અને કોરિયાના યાંગ માટે ત્યાંનો દરેક નાગરિક કૃતજ્ઞતાના ભાવોથી ભરેલો છે. આ જ માણસની મહાનતા છે.

ભાઈઓ, આપણે મહત્ત્વાકાંક્ષાઓને છોડી દેવી જોઈએ અને મનુષ્યની અંદર ઉન્નતિની ભાવના, મહાનતાની ભાવના પ્રગટાવવી જોઈએ નહીં કે અમીરી અને એશઆરામની. એનુ કારણ એ છે કે અમીરી માણસને વ્યસની બનાવે છે અને તેના બાળકોને ચોર બનાવી દે છે. અમીરી માણસને બીમાર બનાવી દે છે અને સાથોસાથ સામાજિક જીવનમાં દુષ્ટ પરંપરાઓ જન્માવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આથી આ વાતને આપણે સમજી લેવી જોઈએ. જો તમોને સમાજવિજ્ઞાનનું કામ સોંપવામાં આવે, લેક્ચરર કે પ્રોફેસર બનાવવામાં આવે કે કોઈ વિશ્વવિદ્યાલયના ડીન બનવાવામાં આવે અને પછી તમોને દુનિયાની સમસ્યાઓને હલ કરવાનું કહેવામાં આવે તો તમે અમારી આ વાતને ધ્યાનમાં રાખજો, નોંધીને રાખજો કે કોઈ પણ રાષ્ટ્ર કેવળ પૈસાને કારણે ગરીબ કે અમીર બનતું નથી. ફ્રાંસની પાસે પૈસા હતા, ચારેતરફ વિલાસ અને વૈભવ હતો. કેટલીયે ભવ્ય ઈમારતો હતી, પરંતુ જ્યારે હિટલરે ચઢાઈ કરી ત્યારે ત્રણ દિવસમાં જ સમગ્ર ફ્રાંસ વેરવિખેર થઈ ગયું અને ત્યાંનો દરેક નાગરિક એવી ખરાબ રીતે પડોશી દેશમાં ભાગી ગયો કે ત્રાહિમામ્ મચી ગયો. જુઓ, આ પડોશી દેશ ફ્રાંસના નાગરિકો કે જેઓ અમીર કહેવાતા હતા. કોઈ જમાનામાં પેરિસ દુનિયાનું સ્વર્ગ કહેવાતું હતું, આજે તે પેરિસના નાગરિકો પોતાના દેશનું રક્ષણ કરવા માટે પૂરી હિંમત, જુસ્સો અને તાકાતથી કેમ ન લડયા ? જોકે રશિયાના અને બ્રિટનના લોકો સંપૂર્ણ લડાઈ લડ્યા. એવા કયા કારણે તેમનો પરાજય થયો ? ઉત્તર મળ્યો, ફ્રાંસવાસીઓના મગજ પર વિલાસીતા અને એશઆરામ છવાયેલ હતો.

અમીરીથી રાષ્ટ્ર અને મનુષ્ય મજબૂત થતો નથી. અમીરીથી રાષ્ટ્રની સમસ્યાઓ હલ થઈ શકતી નથી અને રાષ્ટ્રીય પરંપરાઓનો વિકાસ થતો નથી. આથી તમારા માથા પર જો કોઈ કામ આવે તો આ વાતનું ધ્યાન રાખજો. જો મેડિકલ કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓમાંથી કોઈને ધર્માચાર્ય બનાવી દેવામાં આવે, જગત ગુરુ શંકરાચાર્ય બનાવી દેવામાં આવે તો તમારે એક કામ કરવું પડશે, દરેક સાધુ, સંત અને બાવાજીને એ કહેવું પડશે કે આધ્યાત્મિકતાના સિદ્ધાંતોને કામમાં લાવો. આધ્યાત્મિકતાની નકલ કરવી, ઢોંગ કરવો અર્થાત્ દાઢીજટા વધારવી અને તિલક કરવું એટલું જ પૂરતું નથી. ધર્મની ચિંતા કરવી તે જ પૂરતું નથી, પરંતુ ધર્મની નીતિ પર પણ વિચાર કરવો જોઈએ. ભારતમાં સાત લાખ ગામડાં છે અને છપ્પન લાખ સાધુ સંતમહાત્મા, પુરોહિત, પંડિત, બાવાજી છે. એક ગામની પાછળ આઠ સાધુ-સંત આવે છે. જો આઠ સાધુ-સંત એક ગામમાં ચાલી જાય અને તે નાના ગામમાં સફાઈ કરવા લાગે, સાક્ષરતાનો વિસ્તાર કરવા લાગે, તો જે અસંખ્ય સામાજિક સમસ્યાઓ અને કુરિવાજોએ સમગ્ર રાષ્ટ્રને બરબાદ કરી દીધું છે, જકડી દીધું છે, તેને ઠીક કરી શકાય છે. પરંતુ ભાઈઓ, આ સાધુ-સંતો ન જાણે ક્યાં ખોવાઈ ગયા છે અને આધ્યાત્મિકતાની ચેતના ન જાણે ક્યાં ગાયબ થઈ ગઈ છે ? જો એ લોકો રાષ્ટ્રના નિર્માતાનું કામ કરે, આધ્યાત્મિકતાનું કામ કરે તો આ આપણા દેશને ન જાણે ક્યાંથી ક્યાં લઈ જઈ શકે છે. આધ્યાત્મિકતાના આ સૂત્રને હું સેવા-સહાયતા કહું છું, કર્તવ્યપરાયણતા કહું છું. આપણા જીવનમાં જો આ વાત વણાઈ જાય તો આપણું રાષ્ટ્ર ન જાણે ક્યાંથી ક્યાં પહોંચી જાય. તમારે કોઈવાર આવું કામ કરવાનું થાય તો કૃપા કરીને આ વાત ધ્યાનમાં રાખજો.

જો તમોને કોઈવાર ધર્મનું-અધ્યાત્મનું કામ સોંપવામાં આવે તો તમારે ભગવાન બુદ્ધની રીતે એ જ કહેવું જોઈએ કે અમારું સ્વર્ગ ગરીબોની વચ્ચે છે, દુઃખી લોકોની વચમાં છે, સેવાની અંદર છે. ભગવાન બુદ્ધને જ્યારે પૂછવામાં આવ્યું કે શું સ્વર્ગ જશો ? તેમણે કહ્યું ના, મારે સ્વર્ગ જવાની જરૂરિયાત નથી. સ્વર્ગમાં જે આનંદ છે તેનાથી હજાર ગણો આનંદ દીન-દુઃખી લોકોની વચમાં છે જ્યાં પીડિત લોકો રહે છે, અજ્ઞાની અને અભવાગ્રસ્ત લોકો રહે છે ત્યાં આનંદ છે. હું તે લોકોની સેવા કરતો રહીશ અને દુનિયાના બધા મનુષ્યોને સ્વર્ગ મોકલવાનો પ્રયાસ કરીશ. હાલમાં તો મારે વારંવાર જન્મ લેવાનો છે અને દુઃખીયાઓને, પછાત લોકોને, અને કર્તવ્યવિમુખ લોકોને રસ્તો બતાવવાનો છે. જો આ ભાવ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણી અંદર આવી જાય તો સ્વર્ગની સમસ્યા હલ થઈ શકે છે અને પછી આપણે સાધુ-બાવાજીઓની માફક સ્વર્ગની ટિકિટ વહેંચવી પડશે નહીં.

આજકાલ મનુષ્યના જીવન અને રાષ્ટ્રને લગતી અનેક સમસ્યાઓ છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર અનેક સમસ્યાઓ છે. યુદ્ધના વાદળો ચારેતરફ પથરાઈ રહ્યા છે. હર કોઈ મનુષ્ય એકબીજાના લોહીનો તરસ્યો બનેલો છે, એકબીજાને દુશ્મન સમજી રહ્યા છે. જો આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ કોઈ વાર તમારા ઉપર આવે તો તમારે યુદ્ધ અને નફરતની વાતો મનમાંથી કાઢી નાખવી જોઈએ, હર કોઈ રાષ્ટ્રને મજબૂર કરીને કહેવું જોઈએ કે દેશ જમીનના ટુકડાઓમાં વહેંચાયેલો નથી. માણસના દિલને જમીનના ટુકડાની માફક વહેંચી શકાય નહીં. માણસને-માણસાઈની મહોબતને જમીનની જેમ વહેંચી શકાય નહીં. માણસની વચ્ચે મતભેદ છે તો એને પ્યાર અને મહોબતની સાથે ઉકેલી શકાય છે. લડાઈ કરવાની જરૂરિયાત નથી. માણસ માણસનો ભાઈ છે અને ભાઈએ ભાઈને મહોબત કરવી જોઈએ, ભાઈએ ભાઈને માટે ત્યાગ કરવો જોઈએ. આ વાત લોકોને સમજાઈ જાય તો આપણે યુદ્ધથી બચી શકીએ છીએ અને બધી સમસ્યાઓને ઉકેલી શકાય છે. જોકે આજે એક દેશ બીજા દેશથી દરેક સમયે ધ્રૂજતો રહે છે. આ વિનાશિકાને આપણે પ્યાર અને મહોબતથી હલ કરી શકીએ છીએ. હાલમાં જે જ્ઞાન અને સંપત્તિ ટેન્ક બનાવવામાં લાગેલી છે તેનાથી આપણે ટ્રેક્ટર બનાવી શકીએ છીએ. જે વિજ્ઞાન આજે મશીનગનોને બનાવવામાં લાગેલું છે તેનાથી આપણે પાણી ખેંચવાના પંપ બનાવી શકીએ છીએ અને જે જ્ઞાન અને શક્તિ એકબીજાને મારવાનું અને કાપવાનું શિક્ષણ આપવામાં વપરાય છે તેનો એકબીજાની પ્રત્યે પ્રેમ-મહોબત પેદા કરવામાં અને બાળકોને શિક્ષણ આપવામાં ખર્ચી શકાય છે. જો માણસની અંદર મહોબત પેદા કરી શકાય અને તેને એ સમજાવી શકાય કે સમગ્ર વિશ્વ જ આપણું કુટુંબ છે, પરિવાર છે તો પણ દુનિયામાં હજારો વર્ષ સુધી શાંતિ કાયમ ટકાવી શકાય છે.

સાથીઓ મેં આ સૂત્રોમાં હમણાં જે તમને બતાવ્યું છે તેવું જો બની શકશે નહીં, તો પછી બર્ટાન્ડ રસેલના શબ્દોમાં એવું બનશે કે પહેલા લડાઈ તીરકમાનથી લડાતી હતી, પછી બંદુકોથી લડાઈ થઈ અને ત્રીજી લડાઈ એટમબોંબથી લડાશે અને ચોથી લડાઈ માટે માણસની પાસે એટલી જ શક્તિ બાકી રહી જશે કે તે ઈંટ અને પથ્થરોનો ઉપયોગ કરશે. તે વેળા એની પાસે બંદુક અને લાઠીઓ ચલાવવાલાયક અક્કલ બાકી ન રહી જશે, ન સાધન કે સામર્થ્ય બાકી રહેશે. આ અક્કલ, આ વિજ્ઞાન જેની હું પ્રશંસા કરી રહ્યો હતો અને જે ટેક્નોલૉજીની બાબતમાં શરૂઆતથી બતાવી રહ્યો હતો, એ બધું એ રીતે બળીને સાફ થઈ જશે જેમ કે કાગળનો રાવણ પોતે પોતાની રીતે બળીને સાફ થાય છે. વિજ્ઞાનની આ પ્રગતિને સુરક્ષિત રાખવા માટે, આ ટેક્નોલૉજીના લાભ અને નુકસાનને યોગ્ય રીતે સમજવા માટે એ વાતની જરૂરિયાત છે કે પાગલ હાથીની ઉપર અંકુશ રાખવામાં આવે, સરકસના સિંહને તમાશો બતાવવા માટે રિંગ માસ્ટરની માફક એક હંટર રાખવામાં આવે. જો ભૌતિકવિજ્ઞાન અને ભૌતિક પ્રગતિના આ વાઘને ખુલ્લો છોડી દેવાય તો એ કોઈને પણ છોડનાર નથી, બધાને ખાઈ જશે. પછી મનુષ્યતા જીવિત રહેનાર નથી. મનુષ્યતાને જીવિત રાખવા માટે આ ટેક્નોલૉજી અને આ બૌદ્ધિક વિકાસ અને આર્થિક વિકાસની ઉપર આધ્યાત્મિકતાનો અંકુશ તેવી રીતે રાખવો જોઈએ કે જેમ એક પાગલ હાથીની સૂંઢ ઉપર અંકુશ રાખવામાં આવે છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને તેની દિશા નિર્ધારિત કરવામાં આવે છે.

બાળકો, ભવિષ્યમાં તમારી ઉપર ઘણી મોટી જવાબદારીઓ આવનારી છે જેને તમારે ઉપાડવી પડશે. હવે પછીના દિવસોમાં સમસ્યાઓ પેદા થશે અને તમારી પાસે તેનો ઉકેલ માગશે અને કહેશે કે અમારી સમસ્યાઓને હલ કરો. તમારે આ સમસ્યાઓનું સમાધાન શોધવું અને કરવું પડશે. હું તો એક વૃદ્ધ માસણ છું કે જેનો ન જાણે ક્યારે અંત આવી જાય. પરંતુ હું તમને એક નાની સરખી ફોર્મુલા બતાવીને જઈ રહ્યો છું એ છે તમારી અંદર આધ્યાત્મિકતાનો વિકાસ કરવો. વિશ્વની અને રાષ્ટ્રની દરેક સમસ્યાનું સમાધાન મનુષ્યોની અંદર રહેલી મનુષ્યતા જીવિત રાખીને કરી શકાશે. મનુષ્યે ભૌતિક વિકાસની સાથોસાથ મહાનતાને વિકસાવવી જોઈએ જેને આધ્યાત્મિકતાનો વિકાસ કહું છું. તમે ઈચ્છો તો તેને નેકી કહો, ભલમનસાઈ કહો, ધર્મ-નીતિ કહો, કંઈ પણ કહો. તમે તેને માટે કોઈ પણ શબ્દ પ્રયોજો. હું તો તેને આધ્યાત્મિકતાના નામથી પોકારું છું અને કહું છું કે આ મહાનતાને, આદર્શ કર્તવ્યનિષ્ઠાને મનુષ્યની અંદર જીવિત રાખી શકાય, સમાજની અંદર જીવિત રાખી શકાય તો ખુશાલી કાયમ રહી શકે છે અને ભૌતિક સિદ્ધિઓનો આપણે સંપૂર્ણ આનંદ ઉઠાવી શકીએ છીએ.

સુખ-સગવડો પ્રાપ્ત કરાવનાર આ ભૌતિકવિજ્ઞાનને ધન્યવાદ, ભૌતિક પ્રગતિને ધન્યવાદ, ટેકનોલૉજીની પ્રગતિને ધન્યવાદ, પરંતુ આ બધુ અપૂર્ણ છે જ્યાં સુધી આપણે એના બીજા પાસાંને પણ વિકસિત કરીશું નહીં, જેને હું આધ્યાત્મિકતા કહું છું. આ મહત્ત્વપૂર્ણ બીજા પાસાંને ભૂલવું જોઈએ નહીં. આ બધું કહેવા માટે તમો બધાની સામે એક ચેતન માણસ આવ્યો જેના ઉપર સમાજના નવનિર્માણની જવાબદારી છે. એ જવાબદારી તમારે પણ ઉપાડવી જ જોઈએ અને ઉપાડવી જ પડશે. આ સલાહનો જો તમે ઉપયોગ કરશો તો મને આશા છે કે આપણા દેશની, માનવ જાતિની અને વિશ્વની સૌથી વધુ મહાન સેવા કરવામાં તમે સમર્થ બની શકશો. તમે બધાએ એક કલાકનો તમારો મૂલ્યવાન સમય આપીને મારી નાની સરખી વાત સાંભળી, એના માટે તમો બધાનો ઘણો આભાર માનું છું.

ૐ શાંતિઃ ।

---

આત્મનિરીક્ષણ કરી શકવું અને પોતાની કમજોરીઓને જાતે જ સમજી લઈને તેની સામે લડવા માટે તત્પર રહેવું એ દરેક વ્યક્તિનું કામ નથી. મનસ્વી અને સાહસી લોકો જ આ બધું કરી શકે છે. બીજા લોકો તો પોતાની દુર્બળતાઓને સમજી જ નથી શકતા. જો કોઈ સમજાવે તો તેને દોષી અને શત્રુ માનીને તેને ખસબ ગણે છે અને લડવા તૈયાર થઈ જાય છે. પોતાની કમજોરીઓને કારણે મળેલી અસફળતાને તેઓ બીજા ઉપર ઢોળીને સ્વયં નિર્દોષ બનવા ઈચ્છે છે. મોટાભાગના લોકો આ રસ્તો અપનાવે છે. પણ આ આત્મવંચનાથી પરિસ્થિતિ બદલાતી નથી. પોતાના દુર્ગુણો જ પોતાની ઉન્નતિમાં સૌથી મોટા અડચણરૂપ બને છે. તેમણે હઠાવવાનો પ્રયત્ન નથી થતો. પરિણામે ઉન્નતિનું દ્વાર પણ નથી ખુલતું. લોકો રોતાં-કકળતાં ભાગ્ય, ઈશ્વર, ગ્રહદશા, કળિયુગ વગેરેની ચર્ચા કરતા રહે છે અને પોતાના દોષ બીજાંના માથે ઢોળીને કોઈપણ રીતે આત્મસંતોષ મેળવી લે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# સજલ શ્રધ્ધા-પ્રખર પ્રજ્ઞા રૂપે સંસ્થિતામ્

આત્મીય બંધુ,

સૃષ્ટાની આ રચના ઘણી અલૌકિક છે. ખૂબ જ પ્રેમ અને મનોયોગથી તેને બ્રહ્માંડ તેમજ અનેકાનેક ગ્રહ-ઉપગ્રહોની શૃંખલાનું નિર્માણ કરેલ છે. આ પૃથ્વી ઉપર જે પણ જડ પદાર્થ અને ચેતન જીવ જંતુ છે તેનું કૌશલ અનેરુ છે. બધા જ જીવધારીમાં માનવ જીવન મુગટમણી સમાન છે. મનુષ્ય તો છે પણ પરમાત્માનો રાજકુમાર તેની પાસે ઈશ્વરની બધી જ શક્તિઓ વિદ્યમાન છે. એ વાત અલગ છે કે તે શક્તિઓનો ઉપયોગ કરે છે, સદ્ઉપયોગ કરે છે કે પછી દુરુપયોગ કરે છે.

વર્તમાન સમયમાં જે પણ સંકટ, ભય, દુઃખ ચારો તરફ દૃષ્ટિગોચર થઈ રહેલ છે. તે માનવ દ્વારા થઈ રહેલ ઈશ્વરીય શક્તિના દુરુપયોગનું જ પ્રતિફળ છે. સમય-સમય પર આવી વિષમ પરિસ્થિતીઓ આવતી રહી છે. આવા વિનાશક સમયે ઈશ્વરીય વિધાન અનુસાર અવતારો મહાપુરુષોએ આ ધરતી પર જન્મ લઈ વિનાશક ઘડીમાંથી બધાને પુનઃ સુખ-શાંતિ, સમૃધ્ધિ આપી છે.

પરમ પૂજ્ય ગુરુદેવનું અવતરણ પણ આ ઉદ્દેશ્યથી થયેલ હતું એમને દુખી માનવતાને રોગ મુક્ત કરવા ગાયત્રી મંત્ર રૂપે એક સરળ ઔષધિ ઉપલબ્ધ કરાવી. જે ગાયત્રી મહામંત્રને આપણે ભૂલી ગયા હતા, તેને પુનઃ અમારા અંતઃકરણમાં સ્થાપિત કરી નવ જીવનનો સંચાર કરાવ્યો. એમના અથક સત્પ્રયાસોથી માનવીનું પ્રસુપ્ત દેવત્વ જાગી ઉઠ્યું. ધીરે ધીરે રાક્ષસી વૃત્તિઓ પલાયન થઈ રહેલ છે.

સાચા અર્થોમાં વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને સબળ અને સંપન્ન બનાવવા માટે તપ એક આવશ્યક સાધન છે. તપોબળ દ્વારા જ આત્મબળની વૃધ્ધિ થાય છે. તપના અભાવે અનેક ઈચ્છેલ પ્રવૃત્તિઓ અધૂરી રહી જાય છે. તપથી ઊર્જા ઉત્પન્ન થાય છે. જેનાથી તપસ્વીમાં તેજ અને બ્રહ્મવર્ચસ્ સંચારિત થાય છે. તપસ્વિઓના સૂક્ષ્મ તપના પ્રભાવથી રાષ્ટ્રીય ક્રાંતિ સફળ થાય છે. યુગ નિર્માણ માટે સૂક્ષ્મ વાતાવરણ બનાવવા અને પ્રગટ શક્તિઓને ઉત્પન્ન કરવા પ્રાયઃ અજ્ઞાત તપસ્વી જ મુખ્ય ભૂમિકા નિભાવે છે. જેથી તપની મહાન આવશ્યકતાનું મહત્વ વિશ્વમાં ફેલાય એ ઉદ્દેશ્ય પૂર્તિ માટે પરમ પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિની સ્થાપના કરી હતી.

**ચૈતન્યતીર્થ ગાયત્રી તપોભૂમિ**

ગાયત્રી તપોભૂમિ, મથુરા એક ચૈતન્ય તીર્થ અને સંસ્કારિત તપસ્થળી છે. પરમ પૂજ્ય ગુરુદેવે ૨૪-૨૪ લાખના ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરણ પૂર્ણ કરી આ પવિત્ર ભૂમિ પર ૩૦-૫-૫૩થી ૨૨-૬-૫૩ સુધી ૨૪ દિવસ ફક્ત ગંગાજળ લઈ ઉપવાસ રૂપે કઠોર તપ કર્યું. ૨૦ જૂને વેદમાતા ગાયત્રીની ભવ્ય મૂર્તિની સ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા કરી. આ પવિત્ર ભૂમિ પર ૨૪ લાખ ગાયત્રી મંત્ર જપ, સવા લાખ ગાયત્રી ચાલીસા પાઠ, યજુર્વેદ, ગીતા પારાયણ, ગાયત્રી સહસ્ત્રનામ, ગાયત્રી કવચ, રુદ્રાષ્ટાધ્યાયી, દુર્ગા શપ્તસતી, રામાયણ આદિના પાઠ મહામૃત્યુંજય જપ, બાર કરોડ ગાયત્રી મંત્રલેખન તથા ૨૪૦૦ તીર્થોના જળ-રજ સ્થાપના કરેલ છે.

આ પ્રકારે તપઃ સંસ્કારિત ભૂમિમાં હિમાલયના મહાન સિધ્ધ યોગીની ધૂનીની ૭૦૦ વર્ષની અખંડ અગ્નિ અહિંયાની યજ્ઞશાળામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થાપિત છે. જે આજે પણ અખંડ છે. આ ચૈતન્ય તીર્થ પર પ્રાચીનકાળમાં અનેક તપસ્વિઓએ પ્રચંડ તપ કરી અલૌકિક સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. તપશ્ચર્યાઓનો પર્યાપ્ત પ્રભાવ અત્યારે પણ સાક્ષાત છે. ભગવાન કૃષ્ણની પાવન લીલાસ્થળી પણ હોવાને કારણે ગાયત્રી તપોભૂમિ એ દિવ્ય વિશેષતા ધારણ કરેલ છે. આ સ્થાનની અસાધારણ પવિત્રતા અને પ્રચંડ આધ્યાત્મિક શક્તિ ભર્યા વાતાવરણમાં પૂજ્ય ગુરુદેવે યુગ નિર્માણ મિશનનું બીજારોપણ કરેલ છે જે આજે વિશાળ વટ વૃક્ષના રૂપે વિકસિત થઈ સંસારને પોતાની છાયા અને શીતળતા પ્રદાન કરે છે.

પરમ પૂજ્ય ગુરુદેવ સ્વયં મે ૧૯૭૧ સુધી ગાયત્રી તપોભૂમિથી મિશનના કાર્યોનું સંચાલન કરતા રહ્યા. જૂન ૭૧માં શાંતિકુંજ પ્રસ્થાન કરતા સમયે આશ્વાસન પણ આપી ગયા કે મિશનનો પ્રભાવ દિવસે દિવસે વધતો રહેશે. અમારી પ્રગટાવેલી જ્ઞાનયજ્ઞની મશાલ ગાયત્રી તપોભૂમિ કેંદ્રના સંયોજનમાં પ્રખર થતી રહેશે. ત્યારથી અનવરત રૂપે ગુરુસત્તાની આકાંક્ષા પૂર્તિ માટે અમો પ્રાણપણથી લાગેલા છીએ. અનેક ભાવનાશીલ કર્મઠ પરિજનો પણ આ પુનીત કાર્ય માટે પોતાનો અમૂલ્ય સહયોગ આપી રહેલ છે.

**પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધા**

ગાયત્રી તપોભૂમિના પરિજનો માટે આ એક સુખદ આશ્ચર્ય હતું કે જ્યારે ૨૧-૪-૯૬ના શાંતિકુંજ, હરિદ્વારની પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધા મથુરા આવી. આ દિવસે ઉપસ્થિત પ્રત્યેક કાર્યકર્તાઓને એ અનુભૂતિ થઈ કે પૂજ્ય ગુરુદેવ-વંદનીયા માતાજી સાક્ષાત્ અમારું માર્ગદર્શન કરવા અહિયા પધાર્યા છે. ગાયત્રી તપોભૂમિના પ્રાંગણમાં આ સ્મારકની પુનઃસ્થાપનાનું કાર્ય ગાયત્રી જયંતીના પાવન પર્વથી પ્રારંભ કરી દીધુ છે.

ઋષિ યુગ્મના આગમનથી હવે ગાયત્રી તપોભૂમિની ગરિમામાં અનેક ઘણી વૃધ્ધિ થઈ છે. ગાયત્રી જયંતીના પર્વે દેશ ભરના હજારો પરિજનોએ ગાયત્રી તપોભૂમિ આવી પોતાની પાવન શ્રધ્ધાંજલિ અર્પિત કરી છે. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ-માતાજીના સ્વપ્નોને સાકાર કરવા ઉત્સાહ ભર્યા વાતાવરણમાં સંકલ્પો લીધા. સાથે ઋષિ યુગ્મની પ્રેરણાથી એક કરોડ ગાયત્રી સાધકોને સંગઠિત કરવાનો સંકલ્પ પરિજનોના સહયોગથી લેવામાં આવ્યો. આ ગાયત્રી જયંતીથી આગામી ગાયત્રી જયંતી સુધીના એક વર્ષ માટે ગાયત્રી તપોભૂમિ, મથુરામાં દેશ વિદેશનાં સાધકો દ્વારા ગાયત્રી જપ અનુષ્ઠાનોનો ક્રમ પ્રારંભ કરવામાં આવેલ છે. જેની તપ ઊર્જા ઉત્પન્ન થશે જે આપના બધાને પ્રાણવાન બનાવશે અને મિશનના કાર્યોને સફળતાઓ પ્રદાન કરશે.

આપ સૌને અમારું હાર્દિક આમંત્રણ છે કે ગાયત્રી તપોભૂમિ ખાતે ૧ વર્ષીય તપ ઊર્જા અનુષ્ઠાનમાં ભાગ લેવા આવશો એક અનુષ્ઠાન માટે ૯ દિવસ નક્કી કરવામાં આવેલ છે જે તારીખ ૧ થી ૯, ૧૧ થી ૧૯ તથા ૨૧ થી ૨૯. અનિવાર્ય કારણો સર અનુષ્ઠાન ૫ દિવસમાં પણ પૂર્ણ કરી શકાય છે પૂજ્ય ગુરુદેવની તપોભૂમિમાં તપ કરી પુણ્ય લાભ મેળવશો એવી હાર્દિક અપેક્ષા છે. ૭૦૦ વર્ષની અખંડ ધૂનિના યજ્ઞમાં અનુષ્ઠાન પૂર્ણ કર્યાની આહુતિ આપવાનો અનેરો લાભ મળશે. વિશેષ સંજોગોમાં તપોભૂમિ આવી અનુષ્ઠાન ન કરી શકાય તો અમને પત્ર લખી ઘરે રહી પણ અનુષ્ઠાનનો લાભ લઈ શકો છો. અહીંયા આવી અનુષ્ઠાન કરવાનો લાભ હજાર ઘણો છે. આ સુઅવસરનો લાભ લેવા હાર્દિક આમંત્રણ સાથે....

આપનો ભાઈ

**લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.